



કેફિયત



અશોક દામાણી

VISIT…

LANZAROTE
Caliente.COM

કેફિયત

અશોક દામાણી



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

શું કરું? બસ, આવી જ રીતે મનોમન જાતબડાઈ થઈ જાય છે. મનુષ્યનો એ સહજ સ્વભાવ મેં મારામાં પણ નજીકથી જોયો છે. કોણ જાણે કેમ મને એવું લાગ્યું છે કે હું અન્ય કરતાં કંઈક આગળ પડતો છું. શું કદાચ પોતાને વિશે આવી માન્યતા દરેકની હશે? કદાચ એમ પણ હોય કે આ માન્યતાના આધારે જ જીવવાની વૃત્તિ પ્રબળ બનતી હશે? અને કદાચ આવી વૃત્તિ જ ખરો જીવનરસ હોઈ શકે? અને વળી આજે હું જે સ્થિતિએ છું તેનાથી મને સંતોષ જરૂર છે, છતાં મને કાયમ એવું લાગ્યું છે કે જીવનમાં મારી અપેક્ષા કરતાં મને વધુ પડતું મળ્યું છે તેવો અહેસાસ આ સ્મરણકથા લખતાં મને થયો છે અને કદાચ આ કારણથી જ હું આમ સાવ અનાયાસે મારા જીવનમાં બની ગયેલા કે મારી સાક્ષીએ મારી આજુબાજુ બનેલા પ્રસંગો અને જે-તે પ્રસંગે મારું નિવેદન કે મારો સાક્ષીભાવ કદાચ કોઈ મારા જેવાને કામ આવે તેવી ઊંડે ઊંડે રહેલી લાગણી આ સ્મરણકથા લખવા મને પ્રેરણા આપતી હોય તે શક્યતા પણ કેમ નકારી શકાય?

કેફિયત

અશોક દામાણી



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

૧૧૦/૧૧૨, પ્રિન્સેસ સ્ટ્રીટ

અર્થબાગ

મુંબઈ ૪૦૦ ૦૦૨

ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧

'દ્વારકેશ'

રૉયલ ઍપાર્ટમેન્ટ પાસે, ખાનપુર

અમદાવાદ ૩૮૦ ૦૦૧

ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬ ૫૭૩

Web: www.rrsheth.com

E-mail: sales@rrsheth.com

Kefiyat

Reminiscences

Written by Ashok Damani

Published by R. R. Sheth & Co. Pvt. Ltd., Mumbai □ Ahmedabad

2011

ISBN: 978-93-81315-65-1

પ્રથમ આવૃત્તિ: ડિસેમ્બર, ૨૦૧૧

પ્રકાશક

ભગતભાઈ ભુરાલાલ શેઠ

આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧

Web: www.rrsheth.com

E-mail: sales@rrsheth.com



શીખવી તેં અમને ગરીબીમાં શ્રીમંતાઈ,
સિંચી તેં અમારામાં મમતાની અમીરાઈ,
સમગ્ર પરિવારના વહાલાં

કમુબાને

અર્પણ

અનુક્રમણિકા

મનની વાત

આજ સુધીની મારી જીવનયાત્રા આમ તો સામાન્ય કક્ષાની જ કહી શકાય. મેં આજ સુધીમાં એવા કોઈ મોટાં રાષ્ટ્રહિતનાં કે સમાજોપયોગી કામો કર્યાં નથી કે જેની વાત માંડવા મારે મારી જીવનયાત્રા લખવાની જરૂર હોય. મારા જીવનમાંથી પ્રેરણા લેવા જેવું મને ખાસ લાગતું નથી ને તેમ છતાં કશાક અજાણ કારણસર સહજ જ સ્મરણોના સથવારે મારા જીવનની યાત્રાની વાત કહેવી શરૂ થઈ ગઈ છે.

પહેલવહેલી વાર મેં જ્યારે એમ વિચારેલું કે મારે મારી જીવનયાત્રા લખવી છે ત્યારે મારા અજ્ઞાત મનમાં કંઈક એવો ભાવ પણ હતો કે ઘણા બધા મારા માટે એમ કહે છે કે, ‘તમે ઘણાં જ સમાજોપયોગી કામો કરો છો અને આગળ પડતા છો. તમારામાંથી પ્રેરણા લેવા જેવું ઘણું છે માટે તમારે લખવું જોઈએ.’

આવી વાતો સાંભળીને હું ખુશ નથી થયો એવુંય સાવ નથી. ખુશામત તો ખુદાને પણ વહાલી હોય છે. હું તો એક સામાન્ય માનવી! ઘણી વખત મારા કૉલર પણ ઊંચા થઈ જાય છે આવી વાતો સાંભળીને.

જોકે એ મોં ઉપર મારા વખાણ કરનારા ચાહકો મારા હિતેચ્છુઓ છે કે કેમ એ વિશે હું ઊંડેથી સભાન તો હોઉં જ છું. જોકે આ ચર્ચા મારે અહીં નથી કરવી. હું ગમે તેટલી મારી જાત સાથે વાત કરું અને એ વાતચીતના અંતે એવું જ તારણ મળે છે કે મારી જીવનયાત્રા વિશે લખવા જેવું ખાસ કંઈ છે જ નહીં અને તેમ છતાં કોણ જાણે કેમ વારંવાર મને મારી જાતબડાઈ મારવાનું મન થઈ આવે છે અને છેવટે મારી જાતને વ્યક્ત કરવાની મારા અંતરની લાગણી હું રોકી શકતો નથી.

જ્યારે અન્ય કોઈ સાથે જુદા જુદા વિષયો ઉપર ચર્ચા કરું અને કોઈક એવી વાત કરે કે જેમાં નવું જાણવાનું મળે કે કોઈ નવી મોટી વાત રજૂ થાય ત્યારે અનાયાસે જ મને થઈ આવે છે કે મારી જાત અને મારી વાતો ભલે એ રજૂઆત કરનાર કરતાં જુદી છે, પણ અનેક અર્થમાં મારી જાત અને મારી વાતો પણ – ભલે બીજા જેવી મોટી ન હોય, પરંતુ એ બીજાની વાતો કરતાં કંઈ કેટલીય ગણી ચડિયાતી તો છે જ! બસ, આવો વિચાર વાત વાતમાં કરી લઉં ને એ સાથે જ મનોમન ફરીથી શરૂ થઈ જાય છે વીતેલાં જીવનની મારી સ્મરણયાત્રા.

જેમ કે અમારે પણ ગામડામાં આમ હતું ને તેમ હતું. બધા ભાઈબંધોમાં મારો જ અવાજ. ક્રિકેટ રમીએ અને આખી ટીમ હારમાં હોય

ને હું એકલે હાથે મારી ટીમને જિતાડું. એવા તો કેટલાય પ્રસંગો બાળપણમાં બની ગયા છે. કંઈ કેટલા યાદ રાખવા?

શું કરું? બસ, આવી જ રીતે મનોમન જાતબડાઈ થઈ જાય છે. મનુષ્યનો એ સહજ સ્વભાવ મેં મારામાં પણ નજીકથી જોયો છે. કોણ જાણે કેમ મને એવું લાગ્યું છે કે હું અન્ય કરતાં કંઈક આગળ પડતો છું. શું કદાચ પોતાને વિશે આવી માન્યતા દરેકની હશે? કદાચ એમ પણ હોય કે આ માન્યતાના આધારે જ જીવવાની વૃત્તિ પ્રબળ બનતી હશે? અને કદાચ આવી વૃત્તિ જ ખરો જીવનરસ હોઈ શકે? અને તેથી જ કદાચ આપણે જીવિત રહીએ તે માટેનાં પ્રેરણા અને લાગણી આવી માનસિકતાને પરિણામે જ દરેક માણસના મનમાં સતત જાગ્રત અને કાયમ રહેતાં હશે?

આપણે નાનામાં નાના માણસને વિશે વિચારીએ તો એ નાનો પણ પોતે કંઈક હોવાનું માનતો હોવો જોઈએ અને માટે જ તેમાંના મોટા ભાગના એમ જ પોતાના સમુદાયમાં જ્ઞાતભાવે કે અજ્ઞાતભાવે સતત પોતાનું મહત્ત્વ પુરવાર કરવાનો જ પ્રયત્ન કરતા હશે. કોણ જાણે કેમ મારું આવું માનવું છે.

કોઈ મોટા કથાકારની કથા સાંભળતા તમામ શ્રોતાજનો મનોમન કદાચ એવા ભાવથી કથા સાંભળતા હોય છે કે કથાનો મર્મ તો પોતાને જ સહુથી વધુ સારી રીતે સમજાય છે. ક્યારેક એ કથાકારની કથામાં આવતાં પાત્રો જેવાં કે રામકૃષ્ણ-મહાવીર-ગૌતમબુદ્ધ જેવા મહાત્માઓના પ્રસંગોચિત ચરિત્ર નિરૂપણ થયા હોય અને જાણતાં-અજાણતાં આપણી જાતને એવા મહાત્માઓ સાથે આપણા જીવનને કથાકાર વડે કહેવાયેલા પ્રસંગો સાથે સરખાવવાની મનોદશા આપણે ઘણી વખત રોકી શકતા નથી હોતા.

જોકે તેમાં મારા જેવા બીજા ઘણાઓને પણ ગુનાઓની કે વ્યસનોની કબૂલાત કરીને સમજપણપૂર્વક તેમાંથી બહાર નીકળીને સુધરી પણ જતા હોય છે, પરંતુ તે વ્યસનમુક્ત થતાં કે જીવનની રહેણીકરણી સુધારતા નાગરિકો પણ જ્યારે પોતે જે રીતે સુધર્યા હોય છે તેની જ્યારે વાતો કરે છે, ત્યારે જાણતાં-અજાણતાં પણ બડાઈ મારવાના પ્રસંગો છોડી શકતા હોય તેમ હું માનતો નથી.

પણ હા, જે માનવી આવી બડાઈઓ અને આત્મશ્લાઘાથી દૂર રહીને પોતાનું આદર્શ જીવન જીવી ગયા છે તે જ ખરા મહાત્માઓ.

હું તો એક સાવ સામાન્ય માણસ. જો મારી કોઈ બે સારી વાતો કરે તો ફૂલીને ફાળકો થાઉં એવો જ! એણે વળી જીવનયાત્રા લખીને શું કરવું હશે? એવું મને ઘણી વખત ખુદને માટે લાગેલું જ છે.

આ બધી જ વાતો સારી રીતે જાણતો હોવા છતાં મેં મારા જીવનની આજ સુધીની બની ગયેલી અને કાયમ માટે મારા સ્મરણપટ પર કોતરાઈ ગયેલી નાની મોટી વાતો કોઈ પણ જાતની આડશો રાખ્યા વગર લખવાનો પ્રયત્ન કર્યો છે. આ બધી વાતો મેં સમૂળગી નિખાલસતાથી જ લખી છે તેવો દાવો હું કરી શકું તેમ નથી. તેમાં જે પાત્રો છે તેમના વિશે મેં મારી દૃષ્ટિથી તેમનું પાત્રાલેખન કર્યું છે. જો તે પાત્રો પણ મારી જેમ તેમની જીવનયાત્રા લખે, તો તેમાં મારું જે નિરૂપણ થાય અને તેવા વિરૂપણથી કદાચ મને દુઃખ પહોંચે તેમ મારા પાત્રાલેખનથી તે પાત્રોને પણ જો કોઈ દુઃખ પહોંચે કે તેમનું પાત્રાલેખન વાસ્તવમાં હોય તેના કરતાં જુદી રીતે મારી આ સ્મરણકથામાં આલેખાયું હોય તો અત્રે તેમની ક્ષમા માગવાનો વિવેક ચૂકતો નથી.

આજે હું જે સ્થિતિએ છું તેનાથી મને સંતોષ જરૂર છે, છતાં મને કાયમ એવું લાગ્યું છે કે જીવનમાં મારી અપેક્ષા કરતાં મને વધુ પડતું મળ્યું છે તેવો અહેસાસ આ સ્મરણકથા લખતાં મને થયો છે અને કદાચ આ કારણથી જ હું આમ સાવ અનાયાસે મારા જીવનમાં બની ગયેલા કે મારી સાક્ષીએ મારી આજુબાજુ બનેલા પ્રસંગો અને જે-તે પ્રસંગે મારું નિવેદન કે મારો સાક્ષીભાવ કદાચ કોઈ મારા જેવાને કામ આવે તેવી ઊંડે ઊંડે રહેલી લાગણી આ સ્મરણકથા લખવા મને પ્રેરણા આપતી હોય તે શક્યતા પણ કેમ નકારી શકાય?

આમ સ્વીકારીએ તો આ સ્મરણકથા લખવાના વિચારો મને અગાઉ પણ ઘણીય વાર આવ્યા હતા, કારણ કે મારી આ જીવનયાત્રામાં અનેક વાર એવું બન્યું છે કે મારા વિકાસ અને કહેવાતી સમૃદ્ધિમાં કોઈ એવો સમય હોય કે જ્યારે મને કોઈકની એવી મદદની જરૂર હોય અને તે મદદ અચાનક જ મને કોઈક કરી જાય! જેનાથી આપણું ધાર્યું સફળ થાય, પરંતુ તેમ ન માનતા આપણે એમ માનીએ કે આપણી બુદ્ધિથી અને પ્રયત્નોથી આ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે, પણ એવું ક્યાં હોય છે? જે સીડી ચડીને આપણે સુખ-સાહ્યબીના શિખરે વિરાજમાન હોઈએ છીએ તે જ સીડી ચડીને સમૂળગી ભૂલી જવાનો મનુષ્યનો સ્વભાવ હોય છે, પરંતુ તે સીડી આપણને જીવનમાં કોઈક તબક્કે યાદ આવ્યા વગર રહેતી નથી! મારા સ્વાનુભવે વિકાસની ખાનગી સીડીઓને યાદ કરીને ઋણ ચૂકવ્યાનો સંતોષ મેળવવા માટે પણ આ સ્મરણકથા લખવાની મારી ઇચ્છા પ્રબળ બનતી રહી છે.

આ ઉંમરે સ્મરણકથા લખવાનું વધુ એક પ્રયોજન કદાચ એ પણ હોઈ શકે કે આ ઉંમરે મારા ધંધા-વ્યવસાયમાં સ્થિરતા આવી છે. બસ, એમ જ જરૂર પૂરતું મળી રહે છે અને જરૂરિયાતો પણ દિવસે દિવસે ઘટતી જાય છે. બાળકો પણ પોતાના અલગ અલગ માળા બનાવીને સ્થિર છે.

જેમ એક વેળાએ હું પણ મારાં માતાપિતાના માળામાંથી છૂટો પડી, મારા અલગ માળામાં સ્થિર થયો હતો તેમ.

અને એટલે જ આજે મને મારા જીવનમાં બની ગયેલા પ્રસંગોને યાદ કરવાનો એકાંતનો સમય પણ છે તેમ કહી શકાય. વળી ગાય જેમ ઘાસને વાગોળે તેમ બની ગયેલા પ્રસંગોને વાગોળી વાગોળી મજા લૂંટવાનો સમય પણ આજે મારી પાસે છે એમ પણ કેમ ન કહી શકાય?

બસ, આવી કંઈ કેટલીયે લાગણીઓના ઢગલા નીચે રૂંઘાતા મારા મનને વ્યક્ત કરવાની ઇચ્છાથી જ મને આજે આ સ્મરણકથા લખવાનું બળ મળ્યું છે. માની લઉં છું કે વાચકને આ સ્મરણકથાથી કોઈ નુકસાન નહીં જ થાય. ફાયદો થશે કે કેમ? મને ક્યાંથી ખબર?

શ્રી ભગતભાઈ શેઠ મૂળે તો અમારા સોનગઢના, એટલે હમવતની તથા સમકાલીન વડીલબંધુ હોવાને નાતે એમની પાસેથી જોઈતું માગી લેવાય ને ધાર્યું કરાવી લેવાય તેવો પ્રમ અને હૂંફ ભર્યો અમારો સંબંધ, પરંતુ એકબીજાના વ્યવસાય સંદર્ભે કડક શિસ્તમાં રહીને જ વ્યવહાર કરવાનો અમારો શિરસ્તો. એટલે મેં તો ચિં. ભાઈ ચિંતન શેઠના દફતરમાં એક નવલેખક તરીકે સંકોચ અને નમ્રતા સાથે 'કેફિયત'ની હસ્તપ્રત જમા કરાવી. યથાકાળે, લાંબી રાહ પછી જ્યારે આર. આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ.ના દફતરમાંથી સંદેશો મળ્યો કે મારી હસ્તપ્રત પ્રકાશન યોગ્ય ઠરી છે ત્યારે મારા આનંદ અને સંતોષનો પાર ન રહ્યો.

પ્રિય ભાઈશ્રી ભગતભાઈ તથા ચિંતનનો આ માટે આભાર માનીશ તો એમને કદાચ નહીં ગમે, ને નહીં માનું તો નગુણો કહેવાઈશ. બેઉ સ્વજનોને પ્રેમાદરપૂર્વક સ્મરીને આ પુસ્તક વાચકો તથા વિવેચકોના નિરીક્ષણ-પરીક્ષણ માટે વિનમ્ર ભાવે રજૂ કરું છું.

– અશોક દામાણી

મન, મોતી ને કાચ

અશોક દામાણીની સ્મૃતિનાં ચલચિત્રો

સાંધી ન સંધાય એવી ત્રણ ચીજો આપણી લોકકહેણીમાં વર્ણવાઈ છે. મન, મોતી અને કાચ. કૌટુંબિક કે સામાજિક સંદર્ભે. બે વ્યક્તિ વચ્ચે કે બે જૂથ વચ્ચે જ્યારે મનદુઃખની પરિસ્થિતિ સર્જાય ત્યારે મોટેરા તત્ત્વજ્ઞાનની અદાથી ટિપ્પણી કરે કે, ‘મન, મોતી કે કાચ, સાંધ્યા ના સંધાય.’ ૨૧મી સદીમાં ટૅક્નૉલૉજીના ક્ષેત્રે માણસે એવી તો હરણફાળો ભરી છે કે કાચ અને મોતી એ બે વિશે તો હવે કદાચ આપણે ‘સાંધ્યા ના સંધાય’ એમ ન કહી શકીએ.

પણ મન? એ જો ભાંગે કે છેદાય કે એમાં જરા અમસ્તી ‘હેરલાઇન ક્રેક’ પણ પડે તો એને સાંધવાની ટૅક્નૉલૉજી હજી સુધી તો માણસ હસ્તગત કરી શક્યો નથી એમ પણ આપણે કબૂલવું જ જોઈએ. એ હિસાબે, એક સાધારણ અદનો ઇન્સાન પોતાના સમગ્ર જીવન દરમિયાન નાની-મોટી કેટકેટલી તડજોડ કરવા મજબૂત બનતો હશે?

આ પુસ્તકના લેખક એક જાણીતા ઍડ્વૉકેટ ભલે હોય, ‘કેફિયત’ના લેખક તરીકેની કામગીરી એમણે એક અદના સ્વામી તરીકે બજાવી છે. આત્મનિવેદનના માધ્યમ વડે એમણે પોતાના વ્યક્તિત્વના વિશેષમાંથી ચાલીને સાધારણને અલગ તારવવાનો કે સર્જનાત્મક પ્રયોગ આ પુસ્તકના માધ્યમથી કર્યો છે.

પોતાના આ બીજા પુસ્તક (પહેલું બે લઘુનવલોનું સંયુક્ત પુસ્તક નિમિત્ત ફલિત. પાર્શ્વ પ્રકાશન, ૨૦૦૯) ‘કેફિયત’ની પ્રસ્તાવનામાં અશોક દામાણી લેખક તરીકેની એમની કેફિયતથી કંઈક આવાં જ ભાવોર્મિ તરફ સંકેત કરતા હોય તેવું આ પુસ્તકના ઓગણીસ પ્રકરણોમાંથી પસાર થતાં મેં અનુભવ્યું છે.

આરંભના નિવેદનમાં કે પછીનાં પ્રકરણોમાંના વિવિધ પ્રસંગોના આલેખન દરમિયાન જોકે પ્રગટપણે એ ક્યાંય આ વાત વ્યક્ત કરતા નથી, પરંતુ આખીય કથામાં અનેક ઠેકાણે કથાનાયકના મનોગતના નિરૂપણમાં (Between the Lines) ક્યારેક સ્વ-અનુભૂતિ રૂપે તો ક્યારેક વસ્તુલક્ષી નિરીક્ષણ તરીકે, પોતાના કે અન્યના મનમાં અનુભવાયેલી કશીક સૂક્ષ્મ તિરાડ, કશોક મનોમય અવરોધ, કશીક છૂપી વ્યગ્રતા – જેવાં સંકુલ માનવભાવો અને ઊર્મિઓની સાહજિક છતાં માર્મિક અભિવ્યક્તિ થયેલી આપણને જોવા મળે છે. ક્યારેક હાસ્ય કે કટાક્ષના ભાવોની પછી તે પણ

માણસના મનના સૂક્ષ્મ સ્તરના મૂંઝારાને જ વ્યક્ત કરવાની લેખકની મથામણ વાચક કહી શકે છે.

'કેફિયત'નું સ્વરૂપ સંસ્મરણાત્મક આત્મનિવેદનનું છે. લેખક એને સ્મરણકથા તરીકે ઓળખાવે છે તે યોગ્ય જ છે, કેમ કે એક તરફ એની સામગ્રી આત્મકથનાત્મક હોવા છતાં લેખક પરંપરાગત આત્મકથાના સીધેસીધા રૈખિક કથાકથનની પદ્ધતિને અનુસરતા નથી. બલકે, વખતોવખત એમની સ્મૃતિમાં પૂર્વજીવનનાં જે ચિત્રો ઉભરાતાં આવે છે તે દરેકને તેઓ શબ્દચિત્રોરૂપે યથાવત્ રજૂ કરવા પ્રયાસ કરે છે.

પરિણામે, આ સ્મરણકથા વાચકો સમક્ષ અલગ અલગ ચિત્રોની એક સ્વૈરવિહારી ચિત્રમાળા રજૂ કરે છે. બાળપણથી લઈને સાઠી લગીના લેખકના જીવનના નોંધપાત્ર પ્રસંગો અહીં મુક્ત ક્રમે નિરુપાયા છે. નરેટરની શૈલીના સાતત્યને લીધે સ્મરણોની આ ચિત્રમાળા ભાવાત્મક રીતે સળંગસૂત્ર પણ બનવા પામી છે તે આનંદની વાત છે.

ચિત્રોના આ પટમાંથી પસાર થતાં વાચકને એવો પણ અનુભવ થાય છે કે જાણે કથા લખનાર પોતે જ પોતાની કથા નથી કહી રહ્યા, પણ જાણે એમની જીવનકથાનું જ અન્ય કોઈ સ્વતંત્ર ચરિત્ર કથાનાયક વિશેનાં પોતાનાં સ્મરણોની વાર્તા કહી રહ્યું છે, પરંતુ કથા કહેવાઈ તો છે પહેલા પુરુષ એકવચનમાં જ!

મારું કહેવાનું તાત્પર્ય એ કે કથક અને કથાનાયક બંને ભૂમિકાઓ લેખક પોતે જ ભજવતા હોવા છતાં એ બેઉને તેઓ સેળભેળ થવા દેતા નથી. કેમ કે ભૂતકાળનાં સ્મરણો તાદૃશ કરતી વખતે એ વર્તમાનનો કાંઠો સાવ છોડી દેતા નથી.

સ્વજીવનના અનુભવો વર્ણવતી વખતે લેખક આ રીતે પૂરતા વસ્તુલક્ષી બની શક્યા છે તેને કારણે તમામ પ્રસંગો તેમના અંગત જીવનના હોવા છતાં પ્રત્યેક પ્રકરણે ભાવક તરીકે કોઈ પણ સામાન્ય વાચકનો આ સ્મરણકથામાં સહજ પ્રવેશ સંભવ બને છે.

લેખક અત્યંત સફળ ઍડ્વોકેટ હોઈને ઝાઝે ભાગે એમના ઍડ્વોકેટ તરીકેના દેખીતા નાટ્યાત્મક અનુભવો વર્ણવવાને સ્થાને ઍડ્વોકેટના વ્યાવહારિક વેશમાં સમાયેલા એક સાધારણ જનની સહજ મુદ્રામાં વાચકો સમક્ષ ખુદને પેશ કરે છે. વકીલાતની ભાષામાં કહીએ તો તેઓ વાચકો સમક્ષ પોતાની જાતને હાજર કરે છે.

જે કેટલાંક પ્રકરણોમાં તેમના વ્યાવસાયિક પરિવેશને આધારે કોઈ પ્રસંગ નિરુપાયો છે ત્યાં પણ લેખકનો નિહિત ઉદ્દેશ અસીલ અને વકીલ વચ્ચેના વ્યવહારમાં સંકળાતા માનવભાવોની જ છણાવટ કરવાનો હોય તેમ સ્પષ્ટ જણાય છે.

વસ્તુ નિરૂપણ અને પાત્રાલેખન બેઉ પરત્વેની આ પ્રકારની પારદર્શિતાને કારણે જ કદાચ પોતાના બીજા જ પુસ્તકમાં આત્મનિવેદનના કપરાં ચઢાણ સર કરવામાં લેખક સફળ થાય છે. જો આમ ન થઈ શક્યું હોય તો કદાચ એક તરફ સ્મરણકથાની મહત્ત્વની વિગતો વાચક સુધી પહોંચવામાં અવરોધ સર્જાયો હોત અને બીજી બાજુ, પ્રકરણો અકારણ લાંબા પણ બની બેઠાં હોત.

એમના પ્રારંભિક નિવેદનમાં અશોક દામાણીએ કરેલા એક વિધાનમાં આપણને વસ્તુલક્ષિતા બાબતે તેમનામાં રહેલી સજાગતાના સંકેતો સાંપડે છે.

"કોઈક એવી વાત કરે કે જેમાં નવું જાણવાનું આવે... ત્યારે અનાયાસે જ મને થઈ આવે કે મારી વાતો ભલે જુદી – ભલે બીજા જેવી મોટી ન હોય, પણ બીજાની વાતો કરતાં કંઈ કેટલીય ગણી ચડિયાતી તો છે જ! આવો વિચાર વાત વાતમાં મનોમન કરી લઉં ને એ સાથે જ મનોમન શરૂ થઈ જાય છે. મારા વીતેલા જીવનની મારી યાત્રા." (પૃ. ૧)

આમ પુસ્તકના આરંભે જ લેખક પોતાની સર્જનપ્રક્રિયા વિશે ખુલાસો આપતા એક વાત સ્પષ્ટ કરી આપે છે કે આ પુસ્તકમાં સમાયેલી વાતો તે લેખક 'મનોમન' સેવેલી ખુદના જીવનની અંતરંગ પણ રોજબરોજની વાતો જ છે.

માટે જ લેખક પોતે જ કથક અને લેખક જ કથાનાયક હોવા છતાં આ પુસ્તક વાંચતી વેળા ચરિત્રાત્મક લલિત નિબંધો વાંચતા હોઈએ તેવી સંવેદનશીલતાનો અનુભવ વાચકને થઈ શકે છે.

તો બીજી તરફ, નાટ્યાત્મક ઘટના નિરૂપણની અપેક્ષા વિના આ પુસ્તકમાંથી પસાર થતાં હોઈએ ત્યારે પણ અનેક ઠેકાણે ઉપરના સ્તરે સાવ સામાન્ય ભાસતા પ્રસંગોની રજૂઆતમાં પણ નાટ્યાત્મક લક્ષણો સર્જવામાં લેખક આશ્ચર્યકારક રીતે સફળ થતા જણાય છે.

ઉપર મુજબના મારાં બે નિરીક્ષણો સંદર્ભે પહેલા – ચરિત્રાત્મક પ્રસંગ નિરુપણના ઉદાહરણ તરીકે 'ચિબૂકલી', 'નારણકાકા', 'બાંકડા ગ્રૂપ' તથા બીજા – નાટ્યાત્મક ભાવાનુભવને અનુસંગે વાચકોને 'સ્વરૂપજીવી' તથા 'ધર્મસંકટ' જેવાં પ્રકરણો જોઈ જવા ભલામણ કરીશ.

પુસ્તકને અને તેના લેખકને સમજવાની બીજી એક આવી આ સ્મરણકથામાં પ્રગટતી પાત્રાલેખનની શૈલીમાં પણ જોઈ શકાય છે.

આત્મકથા તથા સ્મરણકથાના લેખકને માથે સૌથી મોટો ભાર સ્વચરિત્રના નિરુપણનો હોય છે. સૌપ્રથમ વાચક સમક્ષ એણે સ્વયંને એક પાત્રરૂપે નિરુપવા માટેની સજ્જતા કેળવવાની થાય છે અને ત્યાર બાદ

સ્વયંના એ પાત્રને કથકને સ્થાને ગોઠવી અન્ય પાત્રોને વાસ્તવિક પ્રસંગોના અજવાળામાં રચવાના હોય છે.

આ પુસ્તકના લેખકે સંભવત: ઍડ્વોકેટ તરીકેની તેમની કામગીરીમાંથી કેળવેલા વ્યક્તિના માનસશાસ્ત્રીય પાસાંઓનાં નિરીક્ષણનો મહાવરો અહીં કામે લગાડ્યો હોય એવું અનુમાન કરવાનું મન થાય છે.

સૌપ્રથમ વ્યક્તિત્વ – પૃથક્કરણનો આ મહાવરો એ પોતાના જ ચરિત્રને નિરુપવામાં કામે લગાડે છે એ બાબત સાચે જ નોંધપાત્ર ગણાય. આરંભિક નિવેદનમાં લેખક નોંધે છે:

“શું કરું? બસ આવી જ રીતે મનોમન જાતબડાઈમાં થઈ જાય છે. મનુષ્યનો એ સ્વભાવ મેં મારામાં પણ નજીકથી જોયો છે... શું પોતાના વિશે આવી માન્યતા દરેકની હશે? કદાચ એમ પણ હોય કે આ માન્યતાના આધારે જ જીવવાની વૃત્તિ પ્રબળ બનતી હશે? અને કદાચ આવી વૃત્તિ જ ખરો જીવનરસ હોઈ શકે?” (પૃ. ૨)

ઉપરની કેફિયતનાં છેલ્લાં બે વાક્યોમાં લેખક અશોક દામાણી અને સ્મરણકથાના નરેટર અશોક દામાણી વચ્ચે જાણે એક પ્રકારનો ભાવાત્મક અનુબંધ રચાય છે. અહીં મારો સંકેત ‘જીવવાની વૃત્તિ પ્રબળ બનતી હશે?’ તથા ‘આવી વૃત્તિ એ જ ખરો જીવનરસ હોઈ શકે?’ એ બે પ્રશ્નસૂચક વાક્યખંડો તરફ છે.

સ્વ વિશેની લેખકની ‘જીવનવૃત્તિ’ અને આસપાસના બાહ્યજીવન પરત્વેના લેખકનો ‘ખરો જીવનરસ’ – આ બે તત્ત્વોના સુયોગને પરિણામે રચાતા સ્મરણાત્મક શૈલીના ગુજરાતી નિબંધ સાહિત્યની પરંપરાને આગળ ધપાવતા એક નોંધપાત્ર પ્રપોગરૂપે ‘મનોગત’ ગુજરાતી સાહિત્યના વાચકો પાસે રજૂ થાય છે.

ગામમાં ‘હીરાભગત’ તરીકે ઓળખાતા પોતાના દાદાજીના ચરિત્રમાં રહેલા અપાર ધૈર્ય, અખૂટ સહનશીલતા અને સમયસૂચકતાના રોમાંચક ચિત્રથી પુસ્તકનો આરંભ થાય છે. દાદાજી અને નાગપાશ એ બે પ્રારંભિક પ્રકરણો કથાનાયકના બાળપણની બે અત્યંત માર્મિક ઘટનાઓને નિરુપે છે.

બીજા જ પ્રકરણમાં, પોતે બાળવયે અનુભવેલા તીવ્ર ભયની પોતાના કુમળા મન ઉપર કેવી વિપરીત અસર પડી અને કેટલા લાંબા કાળ લગી પોતે ભયભીત મનોસ્થિતિનો ભોગ બન્યા તેની અત્યંત પ્રામાણિક રજૂઆતથી મનોગતના લેખક જાણે સ્મરણકથાનો સૂર મેળવે છે.

‘વહાલાંદવલાં’ એ સંયુક્ત પરિવારની આપણી કુટુંબવ્યવસ્થાની માર્મિક છણાવટ છે. દાદાજીની છાયા હેઠળ ઊછરતા એમના તથા કાકાના પરિવાર તરફની દાદાજીની માયા, માતાપિતાની સહનશીલતા અને એ

બધાની વચમાં વરતાતી એક છાની ભાવાત્મક ભેદરેખાની વાત આ પ્રકરણમાં સંવેદનશીલ શૈલીમાં થઈ છે.

‘કાગનું બેસવું’ એ લેખકના અભ્યાસકાળના અને ત્યાર બાદ લગ્નના નિર્ણય સમયે સામાજિક અકસ્માતોનું હળવી શૈલીમાં રચાયેલું પ્રસંગચિત્ર છે. જેમાં લેખક ઉપર પસંદગી ઢોળનાર (ત્યાર બાદ તેમના આજીવનસંગિની) યુવતીના વ્યક્તિત્વ અંગેનો એક ઝડપી અને ટૂંકો પણ અસરકારક સ્કેચ રચાય છે.

‘ચિબૂકલી’માં લેખક બાળવયની માનસપ્રિયાને પહેલા સંસ્મરણરૂપે મળે છે. ત્યાર બાદ ઉત્તર વયે રૂબરૂ મુલાકાત લઈ જ્યારે તેની સમક્ષ નિખાલસ ખુલાસો કરવાની તક ઝડપી લે છે. આમ એક વાર વર્ચ્યુઅલી ને બીજી વાર વાસ્તવિક મુલાકાતની પોતાની રોમૅન્ટિક પ્રક્રિયામાં તેઓ વાચકને પણ સહજ એમના જીવનનાટ્યની પ્રેક્ષ ગૅલેરીમાં દોરી જાય છે.

‘દીવાદાંડી’ અને ‘નાળિયેર’ જેવાં પ્રકરણો લેખકના જીવનકાળનું વ્યાપક સ્વરૂપે દસ્તાવેજીકરણ નિમિત્ત પૂરું પાડે છે. એક ગુજરાતી ભાવક તરીકે મારે મન આ એક મહત્ત્વની ઉપલબ્ધિ છે. પાંચેક દાયકા પૂર્વના ગુજરાતના ગ્રામજીવનની આ બંને પ્રકરણોમાં એક આધારભૂત તસવીર પ્રગટે છે. ‘દીવાદાંડી’માં એન.સી.સી. કૅમ્પના પોતાના એક વિશિષ્ટ સંસ્મરણની રાહે લેખક તે કાળના વિદ્યાર્થી જીવનને કિસાનકેન્દ્રી ગ્રામજીવનની સાથે જોડાયેલું, દર્શાવી પોતાના અંગત જીવનની એક સામાન્ય ક્ષણને સર્જનાત્મક અભિવ્યક્તિ પરત્વે સફળતાપૂર્વક ખપમાં લે છે.

‘નાળિયેર’માં લેખકના બાળપણનું અત્યંત દ્રવ્યાત્મક શૈલીમાં રચાયેલું એક સ્મરણ હાબા ડુંગરની તળેટીમાં વસેલા નાનકડા સોનગઢ ગામની તત્કાલીન શેરીને નાળિયેરનો ઘા કરવાની કિશોરોની રોમાંચક રમતના કલશોરથી પુન: સજીવન કરી દે છે.

એ જ રીતે ‘બાંકડા ગ્રૂપ’માં જૂના અમદાવાદના મણિનગર વિસ્તારના લેખકના વસવાટ દરમિયાનના તેમના ભાઈબંધોના રોચક રેખાચિત્રો દર્શાવાયાં છે. મહેશ એ આ પ્રકારનું એક યાદ રહી જાય તેવું પાત્ર છે. જીવનમાં એક તબક્કે સતત મળતા રહેતા ને પછી કાયમ માટે વિખૂટા પડી જતા એક ‘તાળીમિત્ર’ની અહીં વાત છે.

મહેશની જેમ જ જીવનસંદર્ભમાંથી વિખૂટા પડી ગયેલા પણ સ્મૃતિપટમાં જીવંત રહેલા એવા અન્ય એક બાળગોઠિયાનું સ્મૃતિચિહ્ન ધનજીમાં સાંપડે છે. ‘વલ્લભાની બંસરી’માં પણ લેખક પોતાના સોનગઢ ગુરુકુળના એક મિત્ર વલ્લભને યાદ કરે છે. આ પ્રકરણને આંબલાથી સોનગઢ ભણવા આવતા વલ્લભ નામના એક ગ્રામ્ય કિશોરની કરુણાંતિકારૂપે પણ વાંચી શકાય.

અજ્ઞાતના આશીર્વાદમાં કથકની યુવા વયની એક રોમાંચક ક્ષણનું નિરુપણ છે. ગામડેથી અમદાવાદ શહેરમાં નોકરીની શોધમાં આવી રહેલા લેખકને ચાલુ બસમાં એક અજાણી વ્યક્તિ મળી જાય છે. આ અજાણ્યા જણને લેખક કશાક માર્મિક કારણસર પોતાની સ્મરણયાત્રામાં સંભારે છે.

‘કડવાટ’ એ કારકિર્દીના પ્રારંભનાં વર્ષોનો એક અંશ રજૂ કરે છે. પૈસાને સાંકળતા માનવવ્યવહારો કેવી રીતે પિતા-પુત્રને એક જ વ્યવહાર પરત્વે અલગ અલગ વલણો અપનાવતાં કરી શકે છે. તેની અહીં વાત છે. આ વ્યવહારમાં લેખકની સંડોવણી તેમના વ્યક્તિત્વની પણ લાક્ષણિક રેખાઓ દોરી આપે છે.

એ જ રીતે ‘ધર્મસંકટ’માં એક બાહોશ વકીલ પણ માનવવ્યવહારોની સાપસીડીમાં કેવો અટવાઈ જઈ શકે છે અને અંતે સર્જાતી ધર્મસંકટની પરિસ્થિતિમાંથી કેવો આબાદ રીતે ઊગરી રહે છે તે ઘટનાની નાટ્યાત્મક છણાવટ છે.

‘નારણકાકા’માં એક સજ્જન સિનિયર સિટીઝનનું ચરિત્ર નિરૂપણ છે. આ પ્રસંગનું નિમિત્ત એક મકાનની લે-વેચનું છે. સામાન્ય વ્યાવહારિક ઘટનાઓમાં પણ જવલ્લે જ જોવા મળતા નિષ્ઠાવાન ચરિત્રના અનુભવનો અહીં એકરાર છે. તો ‘સવાયો દેશી’માં ચરિત્રઘડતર અને સંસ્કારની બાબતે પૂર્વ અને પશ્ચિમની પરંપરાઓ વિશેની ફેલાતી સમજની તુલનાએ વિદેશમાં લેખકને થયેલા કેટલાક વિપરીત અનુભવોની વાત વર્ણવાઈ છે.

‘સ્વરૂપજીવી’ એ દેહવ્યાપારમાં સબડતી અમદાવાદની રૂપજીવિનીઓના એક સાવ નોખા માનવીય સ્વરૂપના સૌંદર્યનું ચિત્ર રજૂ કરે છે. ‘આબીદ-રામ’માં કોમી વિષમતાના વાતાવરણમાં બે જુદી કોમનાં પ્રેમીઓના લગ્નના પેચીદા સામાજિક મામલાની નાજુક છણાવટ છે. અહીં લેખકની સિદ્ધિ વાસ્તવિકતા અને સામાજિક આદર્શ વચ્ચે સંતુલન સૂચવતા અર્થઘટનો તારવવામાં પ્રગટે છે.

‘હક્કનું પહોંચે’ પ્રકરણમાં વાચકો ફરી એક વાર, ‘કાગનું બેસવું’માં જેનું ટૂંકું રેખાચિત્ર મળી ચૂક્યું છે તેવા લેખકના જીવનસાથીને મળે છે. લગ્ન પછી સ્વતંત્ર રીતે સંસાર માંડી રહેલા લેખકને ચાલુ નોકરીના ગાળામાં ‘સ્વાગત’ કરે છે તેની વાત છે.

જીવનના આરંભે પોતાને અત્યંત નાજુક તબક્કે યોગ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહન આપનાર વડીલનું સ્મરણચિત્ર ‘વાડ વગર વેલો ન ચઢે’ પ્રકરણમાં મળે છે. જીવનના નાજુક કાળમાં વાડરૂપ ખડા થનાર અને સજ્જન વડીલને અંજલિ આપી લેખક સ્મરણકથાનો આ પ્રથમ ખંડ સમેટે છે.

***

આજે જ્યારે સાહિત્ય અને પત્રકારત્વ વચ્ચેનો સૂક્ષ્મભેદ વિસરાઈ જાય તેવું ઘણું લખાણ કેટલાંક મોટાં નામોને સથવારે પહેલાં છાપે ચઢીને તરત પછી મંજાયા-કસાયા વિના ગ્રંથસ્થ થઈ જાય છે, ત્યારે અશોક દામાણી જેવા નવલેખકની મૌલિક કલમને વાચકો ઉદાર દિલે આવકારે તેવી અંતરની અભિલાષા.

ગુજરાતી ભાષા-સાહિત્યના વિવેચકોને પણ વિનંતી કે આપણી સામાજિક પરંપરાની રાહે, જેમ નવોઢાની તેમ એક નવલેખકની પણ કસોટી ભલે કરે, પણ ઉપર જણાવ્યા તેવા સિદ્ધ ને સ્થિર લેખકોને માટે જેટલી ઉદારતા દાખવીએ છીએ તેથી અડધા ભાગની ઉદારતા પણ અશોક દામાણી જેવા નવલેખકોને મૂલવવામાં ચોક્કસ દાખવે. નવસર્જકોને એ રીતે પ્રોત્સાહિત કરવાથી જ ગુજરાતી ભાષામાં મૌલિક સાહિત્ય સર્જનની પરંપરા લંબાતી રહેશે – અન્યથા...

આશા રાખીએ કે 'કેફિયત'ના બીજા ખંડ સાથે લેખક અશોક દામાણી ફરી વાર ગુજરાતી વાચકો સમક્ષ પોતાની સ્મરણયાત્રાની રાહે માનવમનનાં અટપટાં ચિત્રોનો વધુ એક પટ ભેટ ધરે.

- પરેશ નાયક

દાદાજી

એ સમયે મારી ઉંમર લગભગ આઠેક વર્ષની હશે. જોકે આજે પણ દાદાજી હૂબહૂ મારા સ્મૃતિપટ પર ઊભરી આવે છે. એકવડિંયુ શરીર; મોટે ભાગે ઉપરનું અંગ ખુલ્લું અને અર્ધા ધોતિયાનું બનાવેલું પોતડું કે પોતડી. ઉપર પહેરવા બાંડિયું રાખતા, પણ તે ખભે રાખતા; પહેરતા નહીં.

કડવા લીમડાનું જ દાંતણ વહેલી સવારે કરવાનું એ દાદાજીનો રોજિંદો નિયમ. ચા તો ક્યારેય પીવાની જ નહીં. સવારે દાદાજી શું પીતા કે શું. ખાતા તે ખાસ સ્મરણમાં નથી. એનું કારણ એ પણ છે કે મેં દાદાજીને વહેલી સવારે ક્યારેય કશું લેતા જોયા જ નથી.

મૂળ વાત એ હતી કે દાદાજી અમારી સાથે રહેતા ન હતા, પરંતુ મારા કાકા સાથે બાજુના મકાનમાં રહેતા હતા. મારી બાના કહેવા મુજબ પહેલાં બધાં સંયુક્ત કુટુંબમાં એકસાથે રહેતાં હતાં અને એક રસોડે જમતાં હતાં, પરંતુ દાદાજીનું કુટુંબ જેમ વિસ્તરતું ગયું તેમ દીકરાઓ પણ તેમના પરિવાર સાથે અલગ થતા ગયા.

દાદાજી વહેલી સવારે ઘરની બાજુમાં આવેલી ઉતાવળી નદીમાં સ્નાન કરી આવતા. શિયાળાની ઠંડી હોય કે ઉનાળાની ગરમી, દાદાજીને આ બાબત નડતી ન હતી. વહેલી સવારે સ્નાન કરીને દાદાજી મંદિર બાજુ જતા, ત્યાં દર્શન કરી ગુરુદેવ કાનજી સ્વામીનું પ્રવચન સાંભળી લગભગ દસ વાગતાં સુધીમાં ઘરે પરત આવતા. રસ્તામાં કાકા જે દુકાન ચલાવતા હતા ત્યાં પણ આંટો મારી લેતા. બહુ કોઈ જોડે વાત કરવાની નહીં અને થોડું ઓછું પણ સાંભળતા. સવારે દસના ટકોરે અને સાંજે પાંચ વાગ્યે જમવા બેસી જતા, આ સિવાય દિવસ દરમિયાન તેઓ કંઈ જ લેતા નહીં. બસ, આ દાદાજીની તેમની પાછલી ઉંમરની દિનચર્યા હતી.

એકદમ કડક શિસ્તના આગ્રહી દાદાજીનું જીવન ગાંધીવિચારસરણી મુજબનું હતું. સત્યના આગ્રહી. પરોપકારી જીવ એટલે ગ્રામજનનું કોઈ કામ હોય તો પોતાનું ગમે તેટલું અગત્યનું કે અંગત કામ હોય તો તે પડતું મૂકીને તેમનું કામ પહેલા કરવાનું જ. દાદાજીની એક વિશેષતા એ હતી કે તેઓ નવજાત બાળકને પણ કદી તુંકારે બોલાવતા ન હતા. જોકે અમે બધા દાદાજીને બાપા કહીને બોલાવતા.

દાદાજીની ગૌસેવાએ પણ મને ઠીક ઠીક આકર્ષિત કર્યો હતો. એ જમાનામાં પશુધન એક સામાજિક પ્રતિષ્ઠા ગણાતું. અમારે ત્યાં ગાયો હતી. દાદાજી ગાયોની સેવા કરતા અને અમે બાળબુદ્ધિથી કુતૂહલપૂર્વક તેમની સેવા જોયા કરતા. એ ગાયના દૂધ અને છાશના સ્વાદ હજુયે

ભુલાતા નથી. આજે દાદાજીની હિંમત અને મજબૂત મનોબળનો એક પ્રસંગ યાદ આવે છે.

શિયાળાની સવારના લગભગ દસ વાગ્યાનો સમય હશે. હું નાનો હતો, લગભગ આઠેક વરસનો. અમારા ઘરના ઓટલા ઉપર બેઠો હતો. શું કરતો તો તે સ્મરણમાં આવતું નથી, પરંતુ મેં દાદાજીને અમારા તરફ આવતા જોયા. દાદાજીનું ઘર લાઇનમાં અમારા કરતાં આગળ આવે. સામાન્ય રીતે દાદાજી સવારે મંદિરેથી સીધા જ તેમના ઘરે જતા રહે. જમવાનો સમય થયો હોય એટલે. જોકે આજે દાદાજી અમારા ઘર બાજુ આવતા હતા એટલે હું પણ ઓટલે બેસી રહ્યો.

દાદાજીએ આવીને મને કહ્યું, “તમારાં બા પાસેથી ધારવાળું ચપ્પુ લઈ આવો.” એમ કહીને દાદાજી ઓટલા ઉપર બેસી ગયા અને પગના અંગૂઠા ઉપર બાંધેલી સૂતળીની ગાંઠ એકદમ મજબૂત કરી નાખી. મેં આ જોયું ને હું દોડતો ઘરમાં જઈને બા પાસેથી ધાર કાઢેલું ચપ્પુ લઈ આવ્યો અને દાદાજીના હાથમાં મૂક્યું. ત્યાર બાદ દાદાજીનું મેં જે રૂપ જોયેલું તે આજ સુધી હું ભૂલી શક્યો નથી.

દાદાજીએ ચપ્પુ એક હાથથી પકડી ખૂબ જ શાંત અને જરાય આકુળતા-વ્યાકુળતા વગર બીજા હાથેથી પગનો અંગૂઠો વચ્ચેથી મજબૂત રીતે પકડીને પોતાનું ઑપરેશન જાતે જ શરૂ કરી દીધું! જેટલી સહજતાથી આપણે શાક સમારીએ એટલી સહજતાથી તેમણે પોતાના પગના અંગૂઠાના નખવાળા ભાગને ધીરે ધીરે છોલી નાખ્યો. હું હેબતાઈ ગયો હતો. હું કંઈ કરી શકું એમ પણ નહોતો. હું જોતો જ રહ્યો. પગના અંગૂઠામાંથી અવિરત લોહી નીકળતું જોઈ મેં દાદાજીને પૂછ્યું, “બાપા! આ શું કરો છો? કેમ અંગૂઠો કાપો છો?”

“ભાઈ, મને રસ્તામાં એરુ (સાપ) કરડ્યો’તો, એનું ઝેર આગળ ન વધે એટલે આ સૂતળી બાંધેલી અને જ્યાં એરુ કરડ્યો હોય એ ભાગ જો કાપી નાખીએ તો ઝેર આગળ ન વધે.” એમ કહીને બાપા ઓટલે આવીને ભીંતને ટેકે બેસી ગયા.

થોડી વારમાં તેમનું ‘સેલ્ફ ઑપરેશન’ પતી ગયું. આ આખીયે ઘટના દરમિયાન મારું ધ્યાન માત્ર ને માત્ર દાદાજીના ચહેરા ઉપર જ હતું. દાદાજીએ ત્યાર બાદ મારી પાસે રૂ અને કેરોસીન મગાવેલું અને મેં દાદાજીને કેરોસીન (ઘાસતેલ)થી અંગૂઠા ઉપરનું લોહી સાફ કરતા જોયેલા. આ સમગ્ર ઘટના દરમિયાન હું મારા દાદાજીની બાજુમાં જ હતો. આવું મનોબળ, આવી હિંમત અને આવી અડગતા મેં બીજા કોઈમાં જોઈ નથી. જોકે ત્યાર પછી દાદાજીને મારા કાકા પાલિતાણા દવાખાને લઈ ગયેલા અને બાકીની તમામ સારવાર આપી દીધેલી.

આવી જ એક ઘટનાએ મારા જીવનમાં પણ યોગાનુયોગ આકાર લીધો. મારી ૫૫ વર્ષની વયે શ્રીલંકાપ્રવાસના અંતિમ દિવસે ભારત પરત આવવાના બે-ત્રણ કલાક પહેલાં જ મારા જમણા હાથની હથેલીમાં એકથી દોઢ ઈંચનો ખાસ્સો પહોળો કાપો પડેલો ત્યારે પણજીની સરકારી હૉસ્પિટલના ઇમર્જન્સી વૉર્ડમાં એક દક્ષિણ ભારતીય ડૉક્ટરે મને એનેસ્થેસિયા વગર ટાંકા લઈ શકશો? એવું જ્યારે પૂછેલું ત્યારે વહાલા દાદાજીને યાદ કરીને મેં ડાબા હાથથી મારા જમણા હાથનું કાંડું મજબૂત પકડીને પાંચથી છ ટાંકા એનેસ્થેસિયા લીધા વગર લેવડાવેલા અને મને ગોદડું સિવાતું હોય તેવો આભાસ થયેલો. પીડા હતી, અસહ્ય પીડા હતી, પરંતુ આંખ સામે દાદાજીની પેલી ક્ષણો પણ તાદૃશ થતી જતી હતી. દાદાજીનો ચહેરો આંખ સામે આવતો જતો હતો અને મારામાં હિંમતનો સંચાર થતો જતો હતો. ટાંકા લેવાઈ ગયા પછી અર્ધો એક કલાક પછી મને જરાયે દુખાવાનો અહેસાસ ન હતો.

આ દાદાજીનો અંગૂઠો મારી હિંમત વધારવામાં ઘણીય વાર નિમિત્ત બનેલો છે તે કેમ ભુલાય?

નાગપાશ

મને બરાબર યાદ છે એ કાળમુખો દિવસ શનિવાર હતો. શિયાળાની સિઝન હતી. મોટે ભાગે જાન્યુઆરીનો સમયગાળો હોવો જોઈએ. મહિનો અને તારીખ જોકે આજે હવે બરાબર યાદ નથી, પરંતુ ૧૯૫૬ની સાલ તો પાક્કી જ.

હું છ-સાત વર્ષનો હોઈશ એ સમયે. બાલમંદિરમાંથી પહેલા ધોરણમાં આવ્યો હોઈશ. એ સમયે મારા કરતા એક નાનો ભાઈ અને એક નાનીબહેન, પણ એ બેયના બાળપણના ચહેરા આજે સ્મૃતિપટ પરથી ભૂંસાઈ ગયા છે. જોકે મોટી બહેન અને તેનાથી મોટા ભાઈઓના ચહેરા સ્મરણમાં બરાબર ઊભરાઈ આવે છે!

અમારા વતનનું ગામ સોનગઢ 'ઉતાવળી' નદીના કાંઠે વસેલું છે. અમારા ઘરથી નદી નજીક જ, પણ અમારાં રહેઠાણોથી નદી ખાસ્સી વીસેક ફૂટ નીચે વહે. એ રીતે અમારું ઘર નદીથી નજીક, પણ ખાસ્સું ઊંચાણે.

'હીરાભગતની લાઇન'ના નામે ઓળખાતી લાઇનમાં કુલ નવ ઘર. દક્ષિણ બાજુએથી અમારું ઘર ચોથું અને ઉત્તરેથી છઠ્ઠું. ઉગમણી દિશાએ ઉતાવળી નદી અને આથમણી બાજુએ રસ્તો.

એ આથમણી બાજુના રસ્તાની સામે એક ટેકરો અને ટેકરા ઉપર સરકારી અધ્યાપન મંદિર. રસ્તો ઉત્તર-દક્ષિણ જાય. ઉત્તર બાજુએ ગામ અને દક્ષિણ બાજુએ આર્ય કન્યાશાળા અને શિક્ષકોનાં રહેઠાણો.

આમ તો અમારું ગામ ડુંગરોની વચમાં આવેલું. લગભગ બધી બાજુએ એક-બે કિ.મી.ના અંતરે નાની-મોટી ટેકરીઓ. ચા પીવાની રકાબીના તળિયાની જગ્યાએ અમારું ગામ અને આજુબાજુ રકાબીના આકારે ડુંગરો આવેલા છે. અમારું ગામ ભાવનગર-રાજકોટ હાઇવે પર આવેલું છે. ઉગમણી બાજુએ ભાવનગર અને આથમણીએ રાજકોટ જવાનો રસ્તો.

આથમણી બાજુએ ઉત્તર-દક્ષિણ જતા રસ્તા ઉપર આવેલું અમારું ઘર આશરે માંડ ૨૫'x ૪૦'ના પ્લોટમાં બનેલું છે.

રસ્તા ઉપર ૨૫'x ૭'ની એક ઓસરી અમારા ઘરના આગલા ભાગમાં આવેલી છે. જમીનથી ત્રણ ફૂટ સુધીના બાંધકામ ઉપર ઓસરીની લાકડાની જાળી. ઓસરી પછી આશરે ૧૨'x ૧૨'ના બે ઓરડા. બંનેના દરવાજા ઓસરીમાંથી. બંને ઓરડા પૂરા થાય પછી પાછળ પણ એવી જ ૨૦'x

૭’ની બીજી ઓસરી અને ૫’x ૧૧’ ફૂટનું રસોડું અને પાછળ બાકીની જમીનમાં વરંડો અને પાછળ નદી બાજુ ખૂલતી ડેલી. બસ, આ રીતનું અમારું ઘર.

આ ઘરમાં મહેમાનો સિવાય, નવ જણ તો ખરા જ. રાત્રે અમે મોટા ભાગે આગળની ઓસરીમાં કે પછી ઓસરી આગળના રસ્તા ઉપર ખાટલા નાખીને સૂઈ રહીએ. ઉનાળામાં તો મોટે ભાગે બહાર રસ્તા ઉપર જ!

મારે જેની વાત કરવી છે એ શનિવારની વહેલી સવારે બનેલા એક પ્રસંગને મારા વ્યક્તિત્વ સાથે ઘણો ગાઢ સંબંધ છે માટે જ મેં તેનો મારી આ સ્મરણકથામાં સમાવેશ કરેલો છે.

શિયાળાની તે વહેલી સવારે આ આગળની ઓસરીમાંથી આવી રસ્તા ઉપરનું બારણું ખોલી હું અર્ધજાગ્રત અવસ્થામાં બાથરૂમ જવા ઊભો થયેલો. ઘરનાં બધાં સૂતાં હતાં.

એ વહેલી સવારે અર્ધજાગ્રત અવસ્થામાં જમણા હાથે ઉપરથી લાકડાની જાળી પકડી, થોડો નીચે નમી ડાબે હાથે હું નીચેની બાજુનો નકૂચો ખોલી દરવાજો ખોલતો હતો ત્યારે મારા જમણા હાથ ઉપરથી કશુંક વજનદાર અને ઝીણા ઝીણા લિસ્સા પગ જેવું મારા હાથ ઉપર મોટી ચળ કરતું, દોરડા જેવું ખાસ્સું લાંબું કંઈક સરકતું સરકતું નીચેથી ઉપર પસાર થતું હોય તેવું મને લાગ્યું!

અંધારું તો ઘનઘોર હતું. ઠંડી તો કહે મારું કામ! અને પેશાબ બહુ જ લાગ્યો હતો અને વળી હું અર્ધો તો ઊંઘમાં હતો. ડાબી બાજુથી નીચે નમેલો મારો ડાબો હાથ બારણાનો નકૂચો ખોલતાં બોલતાં અટકી ગયો અને મેં મારી નજર જમણી બાજુ ફેરવી. જમણા હાથ ઉપરથી સરકતી દોરડા જેવી પેલી વજનદાર વસ્તુ મને દૃષ્ટિગોચર થઈ.

એ કાળો ડિબાંગ નાગ હતો!

બે તગતગતી આંખો મારા જમણા હાથની ઉપરની બાજુ સરકી રહી હતી. નાગ મારા ખભાથી હથેળીની તરફ ઉપરની બાજુ સરકતો જતો હતો. ખાસ્સો લાંબો એ નાગ મારા હાથ ઉપરથી ધીરે ધીરે પસાર થતો મેં મારી બાળવયે જોયો. બસ, એ ડરામણી ક્ષણો હું આજેય કેમે કરીને ભૂલી શકતો નથી!

હું એટલો બધો ગભરાઈ ગયેલો કે બાળવયની એ ક્ષણે તો મારી ચડ્ડી ભીની થઈ ગયેલી. મારી જાત પરનો કાબૂ હું ગુમાવી ચૂક્યો હતો અને હું ચડ્ડીમાં જ પેશાબ કરી ગયેલો. પૂતળાની જેમ હું જેમનો તેમ સહેજ ડાબી બાજુએ ઝૂકીને થોડી ક્ષણો સુધી તો સ્થિર જ ઊભો રહી ગયેલો.

હું મદદ માટે બૂમ પાડું કે હલનચલન કરું અને નાગ મને કરડે તો? એ સમયે મોત મને બહુ જ નજીકથી દેખાયેલું, એટલી નાની ઉંમરે!

મારા જમણા હાથ પરથી પછી એ નાગ જાળી ઉપર ચડીને છાપરા ઉપર જતો રહેલો. ગામડાના અમારા એ ઘરને હજુ આજે પણ ધાબું નથી, પણ લાકડાના ખપેડા ઉપર દેશી નળિયાવાળું વચ્ચેથી ઊંચું અને આગળપાછળ નમતું છાપરાવાળું મારું એ ઘર મારી નજર સામે હૂબહૂ તરવરે છે!

આ બનાવ પછી હું કંઈ કેટલાંય વર્ષો સુધી – મને યાદ છે ત્યાં સુધી લગભગ મૅટ્રિકની પરીક્ષા આપી અને કૉલેજમાં ગયો ત્યાં સુધી, રોજ રાત્રે પથારી ભીની કરતો.

અમારા 'ભાઈ' એટલે કે મારા પિતાશ્રી – અમે તેમને ભાઈ કહેતા – રોજ સવારે મને નદીએ ગોદડું ધોવા લઈ જતા. મારા 'ભાઈ' એ સમયે મારી સાથે ખૂબ જ શાંતિથી અને ધીમા અવાજે, પ્રેમથી વાતો કરતાં કરતાં મારી એ કુદરતી મર્યાદાને સ્વીકારી મને ગોદડું ધોવામાં મદદ કરતા. નદીના પથ્થર ઉપર ગોદડું મૂકીને મને તેના ઉપર ઠેકડા મરાવતા અને હસતાં હસતાં નિચોવી આપતા અને જાણે કંઈ બન્યું જ ન હોય તેવી સહજતાથી અમે ઘેર પાછા આવી પાછળના વાડામાં ગોદડું સૂકવી નાખતા.

મારી ઉપર આ બનાવની એક અસર આજ સુધી રહી છે. આ ઘટના પછી મારા ડાબા કાનમાંથી પરુ (રસી) આવવાનું શરૂ થયેલું. તે કંઈ કેટલાંય વર્ષો સુધી નિયમિત આવેલું. બલકે આજ સુધી ક્યારેક ક્યારેક આવી જાય છે અને મારા ડાબા કાનના પડદામાં આ બનાવ પછી કાણું પડી ગયેલું. એ કાણું આજની તારીખે તો ઘણું મોટું થઈ ગયેલું છે. વળી આને પરિણામે મને ડાબા કાને લગભગ ૭૦થી ૭૫ ટકા ઓછું સંભળાય છે. જોકે હમણાં મેં કાનના નિષ્ણાત પાસે તપાસ કરાવી ત્યારે જ મને ખબર પડી!

આ બનાવની બીજી એક અસર એ પણ પડેલી કે હું મારા બાળપણના સમયમાં બહુ જ ડરપોક બની ગયેલો અને ઘરના અમુક સભ્યો માટે રમૂજનું પાત્ર. મારા મોટા ભાઈઓ જમણા હાથની મુઠ્ઠી બંધ કરી અને એક ટચલી આંગળી ખુલ્લી રાખી મારી સામે ઊંચી કરે અને હું ભેંકડો તાણીને રડવા લાગું. ફક્ત મારાં બા-'ભાઈ' અને મોટી બહેન મારી આ મશ્કરીમાંથી બાકાત રહેતાં.

કોઈના ઘેર વૅકેશનમાં જાઉં તો તેમના બેડિંગ્સને પણ મારી મર્યાદાનો લાભ અચૂક આપું. જોકે નજીકના સગાંસંબંધીઓ તો મારે માટે બેડિંગ્સ જુદાં જ રાખતા.

મારા પિતાશ્રી આમ તો ખાસ ભણેલા ન હતા, પણ બાળઉછેર અને બાળકો સાથે કેમ રહેવું તેમ જ સંતાનોને કેવો પ્રેમ કરવો, બાળકોની કુટેવોને કેવી રીતે સહજતાથી સ્વીકારી લઈ તેમને તે બાબતોથી શરમાતાં અને ઓશિયાળાં થતાં કેમ બચાવવાં તે તમામ બાબતો પ્રત્યે તેઓ જાગ્રત

હતા. મને મારા આખાય જીવન દરમિયાન એમણે વારસામાં ભળાવેલી આ સહજ જાગૃતિ ખૂબ જ કામ આવી છે.

મારાં બાળકો જ્યારે નાનાં હતાં ત્યારે મેં તેમની સાથે જે પ્રમાણે વર્તન કરેલું તે મારા પિતાશ્રીએ મારા બાળપણમાં મારી સાથે કરેલા વર્તનની અસર તેમાં સ્પષ્ટ દેખાતી હતી.

જોકે મારાં સંતાનો તેમનાં બાળપણમાં મારા જેવી કુટેવોથી બાકાત હતાં, પણ આજે જ્યારે મને મારાં ત્રણેય સંતાનોના ઉછેરથી અનહદ સંતોષ છે ત્યારે મારાં બાળકોની પ્રગતિ અને વિકાસના પાયામાં કદાચ મારા પિતાશ્રીએ મારી બાલ્યાવસ્થાએ જે રીતે મારી નબળાઈઓને નજરઅંદાજ કરી, મારી સાથે સૂઝ ભરેલું વર્તન કરેલું તેના સ્મરણને બળે જ મેં પણ મારાં બાળકો સાથે કરેલું વર્તન જવાબદાર હોઈ શકે તેવું મને લાગે છે.

આવાં અનેક કારણોને લીધે આજે પણ સને ૧૯૫૬ના જાન્યુઆરી મહિનાની એ શનિવારની સવારે મારા જીવનમાં બની ગયેલા એ પ્રસંગને હું ભૂલી શક્યો નથી. મારા આવા ડરપોક બાળપણ પછી હું ક્યારે અને કઈ રીતે માનસિક રીતે મજબૂત થયો તે વળી કોઇક વાર.

વહાલાંદવલાં

આ પ્રકરણમાં બાળપણના મારા એ દિવસો આલેખવા છે જેને કારણે મારું બાળહૃદય દ્રવી ઊઠ્યું હતું. જોકે એ પ્રસંગોનાં કારણોને લઈને જ મારું આખુંય વ્યક્તિત્વ ઘડાયેલું છે તેનો મારે સ્વીકાર કરવો જ રહ્યો. એ પ્રસંગોની વેદના ખૂબ લાંબા સમય સુધી મારા માનસપટ પર છવાયેલી રહી. કુંભારનો ચાકડો જે કામ માટીના ઘડા ઉપર કરે છે તેવું કામ આ ઘટનાઓએ મારા સ્વભાવ ઉપર કર્યું.

આ પારિવારિક પ્રસંગો આલેખી મારે મારા વ્યક્તિત્વનાં ગુણગાન ગાવાં નથી, પરંતુ સહજ વાસ્તવિકતાથી મારે એ ઘટનાને આલેખવી છે અને તે પણ વાચકોની શાબાશી કે પ્રશંસાની લાલસાએ નહીં, પણ મારા જેવા મુશ્કેલીઓનો સામનો કરતાં કરતાં કોઈ નિરાશ ન બને અને લઘુતાગ્રંથિનો શિકાર ન બની બેસે અથવા સફળતાનાં શિખરો સર કરી ‘હું પહોળો અને શેરી સાંકડી’ જેવી ગુરુતાગ્રંથિના આત્મઘાતી આક્રમણનો અભાગિયો પણ ન બને તે માટે.

લગભગ ૫૦ વર્ષ પહેલાં એક પ્રસંગની વાત મારે અહીં કરવી છે. આપણે સામાન્ય રીતે એવું માનીએ છીએ કે મા-બાપને બધાં બાળકો એકસરખાં વહાલાં હોય છે. આપણને બંને આંખે એકસરખું દેખાતું હોય છે એવી માન્યતા આપણી સંસ્કૃતિમાં છે અને તે માન્યતા કોઈ આધાર વગરની હોય તેમ મારું માનવું નથી જ.

જોકે મારા અનુભવે, જાણતાં-અજાણતાં આપણાથી બાળકો વચ્ચે ભેદભાવ થઈ જતા હોય છે. આપણી ઇચ્છાથી કે અનિચ્છાથી!

સામાન્ય રીતે બાપને પુત્રી સાથે વધુ માયા હોય અને માને પુત્ર સાથે. હવે જ્યારે આપણને એકથી વધારે પુત્રીઓ હોય ત્યારે એમાંની એક જરા વધુ માનીતી હોઈ શકે અને એ જ રીતે જો એકથી વધારે પુત્રો હોય તો તેમાંનો કોઈ એક જરા વધારે વહાલો કે વધારે દવલો પણ હોઈ શકે.

મારી આ માન્યતા સનાતન સત્ય છે તેવો કોઈ દાવો કરવા હું માગતો નથી. આમ હોઈ પણ શકે અને ન પણ હોઈ શકે. વળી આ વહાલાંદવલાંનાં મા-બાપનાં વર્તનનાં કોઈ ચોક્કસ કારણો ન પણ હોય એમ પણ બની શકે. ઘણી વખત કોઈ આકસ્મિક રીતે જ તમામ સંતાનોમાં કશો જ ભેદભાવ ન હોય તો ઘણી વખત કદાચ કશાક શુભ હેતુથી જ આકસ્મિક રીતે વહાલાંદવલાંપણું થઈ જતું હોય છે! આવી ઘણીય બાબતો હોઈ શકે છે.

વાત એટલી લાગણીસભર છે કે એ અંગે કોઈ નક્કર વાસ્તવિકતાની કસોટીએ, ચોક્કસ આમ જ થતું હશે તેવા કોઈ તત્ત્વજ્ઞાન પર પણ આવી શકાય એમ નથી. એક ધારણા જ બાંધવાની કે ક્યારેક વળી આવુંય થાય!

મારા દાદાજીને સાત પુત્રો અને ચાર પુત્રીઓ. મારા એક કાકા જે મારા પિતાજીથી નાના હતા, તે ઘણાંય વર્ષો અગાઉ કુટુંબથી અલગ થયેલા હતા અને મુંબઈમાં તેમના પરિવાર સાથે સ્થાયી થયેલા હતા.

મારાં એક ફોઈનાં લગ્ન થયાં અને થોડા સમયમાં જ તેમનું અવસાન થયેલું. મોટે ભાગે એ સાસરિયાંના ત્રાસથી સળગી ગયેલાં. આ ફોઈના આવા આકસ્મિક અવસાનના આઘાતથી મારાં એક બીજાં ફોઈએ તો લગ્ન કરવાનું જ માંડી વાળેલું! બાકીનાં બે ફોઈ પરણ્યાં હતાં. મારા પિતાજી તમામ સંતાનોમાં સૌથી મોટાં. ગામડામાં મારા દાદાજીને કંટ્રોલ અનાજના વિતરણનું લાઇસન્સ મળેલું. એ જમાનામાં આવા પરવાના આપતાં પહેલાં સરકાર પરવાનેદારના સામાજિક હોદ્દાની ચકાસણી કરતી.

આટલો મોટો આપણો ખેતીપ્રધાન દેશ, પણ અનાજની તંગી સદાય એવી ને એવી. અજ્ઞાનતા, બિનઆવડત, સિંચાઈની અગવડ એટલે સરવાળે ખેતી મોટે ભાગે રામભરોસે. જેમ આજે એમ ત્યારે, મારા દાદાજીના સમયમાં પણ.

આઝાદીનો પહેલો દાયકો પૂરો થયો એ પછીના સમયની આ વાત છે. અનાજની તંગીને કારણે આપણા દેશની પ્રજાને અનાજ પૂરું પાડવા પરદેશમાં આયાત ઉપર આપણે આધાર રાખવો પડતો હતો અને ત્યારે અનાજના વિતરણમાં કોઈ ઘાલમેલ ન થાય તે હેતુથી કડક ચકાસણી બાદ જ તેના પરવાના આપવામાં આવતા હતા.

મારા દાદાજી ગાંધીવાદી વિચારસરણી ધરાવતા એક સિદ્ધાંતનિષ્ઠ અને સજ્જન તરીકે અમારા ગામમાં જાણીતા હતા અને નીડર પણ એવા જ.

મારા પિતાશ્રી સૌથી મોટા એટલે આ દુકાન ચલાવવાની સંપૂર્ણ જવાબદારી મારા પિતાશ્રીની હતી. કુટુંબ સંયુક્ત હતું અને ઓછી આવકમાં એ જમાનામાં નભે જતું હતું. ત્રીજા નંબરના કાકા ભણવામાં હોશિયાર હતા અને સંયુક્ત કુટુંબની હૂંફથી એમનું ભણતરનું પણ ચાલે જતું હતું.

એક પછી એક કાકા અને ફોઈઓનાં લગ્ન થયાં. કુટુંબ વિસ્તરતું ગયું અને દરેકને અલગ થવાનો સમય આવી ગયો. બંને ફોઈઓ પરણીને તેમના સાસરાના ગામે ગયેલી.

આ સંજોગોમાં આ પરવાનાવાળી દુકાન કોને મળે? જે ઘણાં વરસોથી મારા પિતાશ્રી ચલાવતા હતા તે? અમે પણ પાંચ ભાઈ અને બે

બહેનોનો વિશાળ વડલો. આ સ્થિતિએ જો આ દુકાનમાંથી અમને કંઈ ન મળે તો? ભૂખે મરવાનો વારો આવે.

મારા દાદાજીના પરિવારની એ સમયની સ્થિતિ કંઈક આવી હતી. મારા ત્રીજા નંબરના કાકા વકીલાતનું ભણીને બાજુના શહેરમાં પ્રૅક્ટિસ કરતા હતા અને તેમનાથી નાના કાકા અને આ વકીલ કાકા ઑઇલ એન્જિનના વેચાણનો અલગ ધંધો કરતા હતા. સૌથી નાના કાકાથી મોટા કાકા થોડું ભણીને ગ્રામસેવકની નોકરીએ લાગેલા હતા અને તેનાથી મોટા કાકા અને સૌથી મોટા મારા પિતાજી આ બંનેની રોજીરોટી એ રેશનિંગની દુકાન ઉપર નિર્ભર હતી. મારા એ કાકા ધંધારોજગારમાં ખાસ હોશિયાર ન હતા અને સામાન્ય હતા. એમનાં પત્ની એટલે કે મારાં કાકી, એ દાદાજીનાં ખૂબ વહાલાં હતાં. દાદાજી એમની સાથે જ રહેતા હતા. જોકે દાદાજી સાથે એ કાકાનો પરિવાર રહેતો હતો એમ કહેવું વધારે યથાર્થ છે.

એ સમયે ગામમાં દાદાજી અને તેમનાં ત્રણ સંતાનો રહેતાં હતાં. એક મારા પિતાજીનો પરિવાર બીજો પેલો ઑઇલ એન્જિનનો ધંધો કરતા મારા કાકાનો પરિવાર અને ત્રીજા જે કાકા દાદાજી જોડે રહેતા હતા તે અને આ સિવાયના કાકાઓ બહારગામ સ્થાયી થયેલા હતા.

દાદાજીનાં એ વહાલાં મારાં કાકી પ્રત્યેની વધુ પડતી લાગણીઓને કારણે દાદાજી જેવા સિદ્ધાંતપ્રિય મહાશયે એક સવારે પેલા કંટ્રોલ અનાજની દુકાનનો કબજો મારા પિતાજી પાસેથી અચાનક પરત લઈ લીધો, કોઈ કારણ વગર અને અગાઉથી કોઈ જાણ કર્યા વગર અને અમારા પરિવાર માટે બીજા કોઈ વ્યવસાયની વ્યવસ્થા કરવાનો સમય આપ્યા વગર.

મારા પિતાશ્રીએ ખાસ્સો વિરોધ કરેલો અને ગુસ્સે થયેલા તેમના પિતાશ્રી ઉપર, પણ કરમના લલાટે જે લખાયું હતું તે જ થઈને રહ્યું. દાદાજી અડગ રહ્યા હતા. વધારે ઝઘડો કુટુંબની આબરૂ માટે હાનિકારક જ હતો. ઓછાબોલા મારા પિતાશ્રીએ મારી બાને જાણ કર્યા વગર એ દિવસે એમ જ ગુસ્સામાં દુકાન છોડી દીધી અને આવી ગયા ઘેર.

મારા પિતાશ્રી જેવા ઘરમાં દાખલ થયા ને એમના હાવભાવ જોઈને મારી બાને ફાળ પડી. બાના ચહેરા ઉપરથી લોહી ઊડી ગયું. પિતાશ્રીની કોઈ હિંમત ન હતી કે મારી બા સાથે આંખ મેળવીને વાત કરી શકે. નીચી મૂંડીએ વચલા ઓરડામાં લોખંડના પલંગમાં એ જેવા બેઠા કે અમે બધાં ભાઈ-બહેનો પલંગની સામેની દીવાલે અઢેલીને લાઇનમાં ઊભાં રહી બસ એમને જોતાં જ રહ્યાં. મારી બા પણ પલંગના છેડે ઊભાં રહી ગયેલાં. મારા પિતાશ્રી માત્ર એટલું જ બોલ્યા કે બાપાએ સાવ આવું કરવા જેવું ન હતું. નાનાને દુકાન ભલે આપી, પણ મને સાથે રાખ્યો હોત તો સારું થાત! એમ કહીને અમે બધાં ભાઈ-બહેનો સામે નજર ફેરવી પોતાના બે હાથની

વચ્ચે મોં છુપાવીને નીચું જોઈ ગયાં. આનાથી વધુ દાદાજી માટે કોઈ શબ્દ બા કે પિતાજી પાસેથી સાંભળવા ન મળ્યો.

માત્ર ને માત્ર એક જ દિવસમાં અમારી આવક શૂન્ય થઈ ગઈ. હવે કાલે શું કરીશું? શું ખાઈશું? તે મારાં બા માટે મોટો ચિંતાનો વિષય બની ગયો.

મારાં બા-બાપુજી કુટુંબમાં સૌથી મોટાં એટલે બહારગામ સ્થાયી થયેલા કાકાઓ તેમનો પરિવાર, બંને ફોઈ તથા તેમનો પરિવાર જ્યારે ગામડે આવે ત્યારે મોટે ભાગે યજમાન અમારું જ ઘર હોય. મારી બાનો રોટલો બહુ મોટો. અમારે રસોડેથી કોઈ જમ્યા વગર ગયું હોય તે મારા સ્મરણમાં આવતું નથી.

મોટો પરિવાર એટલે તેમનાં સગાંવહાલાંઓ ગામડે અવારનવાર આવતાં રહે. તેનું એક બીજું કારણ અમારું ગામ હવાખાવાનું સ્થળ અને બાજુમાં ટીબીની હૉસ્પિટલ જીથરી (અમરગઢ) અને વળી ગામમાં એક સંતનો આશ્રમ. એ સંતમહાત્માનાં દર્શનના લાભે ગામ તીર્થસ્થાન સમાન બની ચૂકેલું.

આ બધાં કારણોએ અમારે ઘેર મહેમાનોની વણજાર ચાલુ જ રહેતી. પિતાજી દુકાન ચલાવે અને બા ઘર ચલાવે. દાદાજીએ ઊભી કરેલી પ્રતિષ્ઠા આ રીતે મારાં બા-બાપુજીએ સાચવી અને દાદાજીની અને અમારી સુવાસ એ જમાનામાં આજુબાજુનાં ગામોમાં અને તમામ સગાંવહાલાં અને નાતમાં ઘણી જ સારી રીતે ફેલાયેલી.

આ સંજોગોમાં કંટ્રોલના અનાજના વિતરણની દુકાન દાદાજીએ મારા પિતાશ્રી પાસેથી લઈને એકદમ બિનઅનુભવી અને કાર્યક્ષમતા વગરના કાકાના હાથમાં સોંપી. અમારા પરિવારને ધંધારોજગાર વગરનો કરવાનું શું પ્રયોજન હશે મારા દાદાજીનું?

સત્યનિષ્ઠ, સિદ્ધાંતનિષ્ઠ, ગાંધીવાદી, ઉચ્ચ ચરિત્રવાન મારા દાદાજીનો આ નિર્ણય અમારા માટે શાપરૂપ હતો કે આશીર્વાદરૂપ હતો તેની તે સમયે અમને ક્યાં ખબર હતી?

અમે એક જ દિવસમાં નિરાધાર બની ગયેલા. એ સમયની અમારા ઘરની આર્થિક સ્થિતિનો વિચાર કરતાં આજે રુવાંટી ઊભી થઈ જાય છે. દાદાજી પરનો મારા પિતાશ્રીનો અતૂટ પ્રેમ અને તેમનો આ નિર્ણય યોગ્ય નથી એવું કોઈની પાસે ક્યારેય બોલાય નહીં તેની પૂરેપૂરી તકેદારી મારાં મા-બાપે એક ભણેલાંગણેલાં સજ્જનની જેમ રાખેલી. કારણ એ સમયે મહેમાનોની અવરજવર અમારે ત્યાં અવિરત ચાલુ જ હોય.

આ સ્મરણકથાના માધ્યમે રખે એવું માની બેસતાં કે દાદાજીએ અમારી સાથે અન્યાય કરેલો અને તે અન્યાયની કથા હું કહેવા બેઠો છું,

એવું હરગિજ નથી. મારા દાદાજી એક આદર્શ વ્યક્તિ હતી. પ્રાત:સ્મરણીય હતા. સોનગઢમાં મહાન સંતને લાવનાર અને અમારા ગામને તીર્થસ્થાન બનાવનાર મારા દાદાજી હતા.

અને એથીય વિશેષ મારી બાને અલ્સર અને કોલાઇટીસ જેવો આંતરડાંનો રોગ હતો અને મારી બા વર્ષો સુધી અનાજ ખાઈ શકતાં ન હતાં ત્યારે કંઈ કેટલાંય વર્ષો સુધી મારા દાદાજી રોજ માથે મોસંબીનો ટોપલો ભરીને મારી બા માટે બાજુના શહેરમાંથી લાવે, એટલું જ નહીં, પણ પોતાની જાતે એ મોસંબીનો રસ હાથથી કાઢવાના સંચા મારફતે કાઢીને મારી માને પીવડાવે. એ પણ એક-બે મહિના માટે નહીં, લગભગ ૧૩ વર્ષ સુધી. દાદાજીની ફરિયાદની અપેક્ષાએ આ પ્રસંગ નથી લખ્યો, પરંતુ એવાં કયાં અગમ્ય કારણોએ મા-બાપથી પોતાનાં બાળકો સાથે વહાલાંદવલાંનો વ્યવહાર થઈ જતો હશે? અને તેવા વ્યવહારથી આપણામાં શક્તિનો વધુ સંચાર થતો હશે કે આપણે ખતમ થઈ જતા હોઈશું? એ બાબતોને નજર સમક્ષ રાખવા માટે આ પ્રસંગ લખવા પ્રેરણા મળી છે.

અને અમારું કુટુંબ દાદાજીના આ નિર્ણય પછી એકદમ હકારાત્મક અભિગમે આગળ વધેલું. જોકે મારાં બાના આગ્રહથી દુકાન લઈ લીધા પછી તુરંત અમે દાદાજી સામે મૌન સત્યાગ્રહ પણ કરેલા. એક દિવસનો ઉપવાસ રાખી આખો દિવસ દુકાનની સામે ઊભા પણ રહેલાં. જોકે મને કે મારાં ભાઈ-બહેનોને કે મારા સમગ્ર પરિવારને અમારા વહાલા દાદાજી પરત્વે કોઈ તિરસ્કૃત ભાવો આ પ્રસંગ પછીય આવ્યા હોય તેવું મારા સ્મરણમાં નથી.

હું આજે જ્યારે આ પ્રકરણ લખવા બેઠો છું ત્યારે મને તે સમયનું મારા પિતાશ્રીના દાદાજી પ્રત્યેના પ્રતિભાવોનું ધૂંધળું ચિત્ર દેખાય છે. ચોક્કસ સંવાદો અને પિતાશ્રીનું દાદાજી પ્રત્યેનું વર્તન સ્મરણમાં સ્પષ્ટ આવતું નથી, પણ એટલું તો ચોક્કસ કહી શકું કે મારા પિતાશ્રીને પણ અંતરથી દાદાજી માટે અનહદ પૂજ્યભાવ હતો જ.

હું સમજણો થયો ત્યારથી તે છેક દાદાજીના અવસાન સુધી મેં મારા પિતાશ્રીને ક્યારેય મારા દાદાજી સામે ઊંચા અવાજે બોલતા સાંભળ્યા નથી કે મારા દાદાજીને પણ મારા પિતાશ્રીને નામ દઈને બોલાવતા સાંભળ્યા નથી. જો દાદાજી તેમના બીજા દીકરાઓ સાથે વાત કરે તો પિતાજી માટે ‘મોટોભાઈ’ શબ્દપ્રયોગ કરે. અમારી સાથે પિતાજીની વાત સમયે ‘તમારા ભાઈ’ એમ શબ્દપ્રયોગ કરે અને તેમના બીજા દીકરાનાં બાળકો પાસે મારા પિતાજીની વાત સમયે ‘મોટા બાપુજી’ એમ કહે.

મારા પિતાજી પણ વારે વારે બધાયને બહાનું કાઢીને પૂછે, “બાપા આવી ગયા? બાપાએ જમી લીધું? બાપા શું કરે છે?” બાપ-દીકરાનો

આવો વગર વાતનો લાગણીસભર મૌન વાર્તાલાપ આજે પણ નજર સમક્ષ તરવરે છે.

આ પ્રસંગ પછીની અમારી કથળેલી આર્થિક સ્થિતિમાં અમે એક જૂથ થઈને બહાર આવેલાં છીએ. તેમાં મારાં માતુશ્રીનાં કુનેહ-વિલક્ષણતા-સ્વાભિમાન અને બીજા પાસે દુ:ખ નહીં રડવાનું ખમીર અને સામાન્ય વ્યવહારમાં આપણી મુશ્કેલીઓની જાહેરસભા નહીં ભરવાની સમજણ મને તમામ ભાઈ-બહેનોને ખૂબ જ ઉપયોગી નીવડી છે. આ સંદેશ મારે આ મારી સ્મરણકથાના માધ્યમે આ સ્થિતિએ રહેલા હર કોઈને આપવો છે અને તે જ આ કથાનું પ્રયોજન છે. હું માનું છું કે ઘણી વખત આપણને એમ લાગે કે આપણને આપણાં મા-બાપથી અન્યાય થયો છે, છતાં પણ ખરી હકીકતે કદાચ એવું ન પણ હોઈ શકે! આપણી વિરુદ્ધના કોઈ એક બનાવને વાગોળીને મા-બાપ પરત્વે એવું માની બેસીએ છીએ કે આપણે તેનાં દવલાં છીએ અને આપણા સિવાય બાકીનાં તેમનાં વહાલાં.

આપણા મિત્રમંડળમાં કે આપણા સમાજમાં જ્યારે તક મળે ત્યારે આપણે સંયુક્ત કુટુંબ પાસેથી આપણને મોટો અન્યાય થયો છે, છતાં પણ આપણે એ વડીલોની કોઈ અપેક્ષા વગર સેવા અને મદદ કરી રહ્યા છીએ એવી પોકળ કથાઓ કરતા થાકતા નથી. ઘણી વખત આ બાબતો આપણા જીવનસાથી તરીકે આવેલી આપણી પત્ની મારફતે પણ બુદ્ધિપૂર્વક રજૂઆત પામતી હોય છે.

પણ એક વાત ચોક્કસ છે, ભલે આપણાં સંતાનોમાં કોઈ આપણને વહાલુંદવલું લાગતું હોય કે આપણાં સંતાનો પૈકી કોઈ એકને આપણા તરફથી અન્યાય થાય છે તેમ લાગતું હોય પણ તેમ હોતું નથી, મોટે ભાગે.

કાગનું બેસવું અને...

આપણા જીવનમાં જે કંઈ ઘટનાઓ આકાર લેતી હોય છે તે મોટા ભાગે આપણા હાથની વાત હોતી નથી. નાનાથી મોટો થતાં થતાં આજે સાઠે પહોંચ્યો ત્યાં સુધીના મારા જીવનમાં બનેલા સારાનરસા બનાવો મારી મરજીએ બન્યા હોય તેવું હુ ચોક્કસ રીતે કહી શકું તેમ નથી.

આજ સુધીની મારી સાઠ વરસની જીવનયાત્રાને મેં દાયકા પ્રમાણે છ ભાગમાં વહેંચી તે છ ભાગના બનાવોનો તટસ્થતાથી વિચાર કરું તો મને લાગે છે કે આ સમગ્ર સમયગાળો જાણે અનાયાસે. આકસ્મિક સ્વરૂપે જ જિવાયો છે!

જીવનનાં પ્રથમ દસ વર્ષના બનાવો તો બાળબુદ્ધિમાં અને ગામડામાં તોફાનમસ્તી અને અણસમજમાં વીતેલાં હતાં. તે સમયે મારે શું કરવું હતું અને તે સમયમાં મેં શું કર્યું હતું એ બધી વાતોનો વિચાર કરું તો મારે શું કરવું હતું તે સ્પષ્ટ સ્મરણમાં આવતું નથી.

પરંતુ મારા જીવનના પ્રથમ દસકામાં નક્કર કહી શકાય તેવા મને યાદ રહેલા એક-બે પ્રસંગો મેં આ સ્મરણકથામાં નોંધ્યા છે. એથીય વિશેષ; ઘણુંબધું યાદ છે, પરંતુ મારું એ સમયનું જીવન એટલી સામાન્ય કક્ષાનું હતું કે જેનો કોઈ વિશેષ ઉલ્લેખ કરવાની જરૂર મને લાગતી નથી, કેમ કે તેનાથી કોઈ જ પ્રકારની પ્રેરણા વાચકને મળી શકે તેમ નથી.

મારા જીવનના બીજા દસકાનું પણ કંઈક આવું જ પૃથક્કરણ મેં કર્યું છે. લગભગ ૧૭મે વર્ષે મૅટ્રિકની પરીક્ષા બીજા વર્ગમાં પાસ કરી વિજ્ઞાનશાખામાં ભાવનગર કૉલેજમાં અભ્યાસ કરી એન્જિનિયર થવું હતું, પણ એમ થઈ શક્યું નહીં. મૅટ્રિકમાં સારા માર્કે પાસ થઈશ એવી મારી ધારણા હતી, પણ એ ધારણા પર પાણી ફરી વળ્યું હતું. ગણિત અને વિજ્ઞાનમાં હું બહુ જ હોશિયાર વિદ્યાર્થી ગણાતો. મને આ વિષયોમાં ઘણા સારા ગુણ મળશે તેવી અપેક્ષા પણ પૂરી થઈ શકેલી નહીં અને કૉલેજના બીજા વર્ષમાં હું નાપાસ થયેલો, જે મેં ક્યારેય ધારેલું નહીં.

જોકે હું એન્જિનિયર થયો હોત તો?

આજે જે સુખસમૃદ્ધિ મને ઉપલબ્ધ થઈ છે તે થઈ હોત કે કેમ? તેનો જવાબ મારી પાસે નથી. તોય મનમાં આ એક સવાલ હંમેશાં ઊઠતો રહે છે કે આપણું ધારેલું ક્યાં કશું થાય છે?

કેટલાક માણસો એવું કહેતા ફરતા હોય છે કે, “બાપુ! આપણે તો આપણું ધ્યેય નક્કી કરેલું જ હતું. આપણે જે ધારેલું તે પ્રમાણે મેળવ્યું જ

છે. આપણો આત્મવિશ્વાસ કેવો બુલંદ!” જોકે મારા જીવનના પ્રસંગો જોતાં મને લાગે છે કે આ માત્ર આત્મશ્લાઘા સિવાય અન્ય કંઈ જ નથી.

હકીકતે મને તો આવી બધી બાબતોમાં હંમેશાં એવું જ લાગ્યું છે કે કાગનું બેસવું અને ડાળનું પડવું (બગાસું ખાતાં પતાસું પડવું) એવો ઘાટ હોય છે! આપણને જ્યારે કોઈક સારું પરિણામ પ્રાપ્ત થાય છે અને તે આપણી લાયકાત કરતાં વધુ હોય છે ત્યારે મોટે ભાગે આપણે એવું જ કહીએ છીએ, “મેં આમ જ વિચાર્યું હતું અને આ પરિણામ મેળવવા માટે મારો પ્રયત્ન પણ સાચા માર્ગે હું જ લઈ ગયો હતો. આ તમામ સફળતા એમ જ કંઈ રાતોરાત મને મળી નથી તે માટેની મારી મહેનત તમે ક્યાં જોઈ છે?”

જન્મ અને મૃત્યુ આપણા હાથની વાત નથી તે સત્ય તે સૌએ સ્વીકારવું જ પડે. તેમાં મારા વિચારો અને અન્યના વિચારોમાં કોઈ ભેદ નથી જ. આવું મોટે ભાગે આપણા નામકરણનું પણ. આપણું નામ આપણે નક્કી કરી શકતા નથી હોતા, કારણ?

કારણ કે અત્યારે આપણે સૌ એક જ નામે ઓળખાઈએ છીએ, બાળક. તમામ જન્મેલા પુરુષ જીવો ‘બાળક’ અને નારી જીવો ‘બાળકી’ નામે જ તો ઓળખાય છે. આ બાળક-બાળકીઓ તો સમજણા અને બોલતાં થોડાં વર્ષો પછી થાય અને એક સામાજિક વ્યવસ્થાએ એમની આગવી ઓળખાણના હેતુથી એમની મરજી વગર તેમનાં નામ નક્કી કરી લેવાય છે. જ્યારે એ બાળકો મોટાં થાય ત્યારે તેમનાં નક્કી થયેલાં નામ બદલવાના વિકલ્પો ક્યાં મળે છે? નામ તો જે મળ્યાં તે જીવ્યાં ત્યાં સુધી અકબંધ ચાલ્યાં જ રહેવાનાં, આપણી પાછળ પાછળ.

એટલે જન્મ-મૃત્યુ અને નામ પણ આપણી મરજી પ્રમાણેનાં નથી હોતાં.

આવું જ લગ્નનું. મોટે ભાગે લગ્નો પણ આપણી ઇચ્છા મુજબનાં થઈ શકતાં નથી. આપણને આ બાબતે પણ હંમેશાં અભાવ રહ્યા કરતો હોય છે. આજના સુધરેલા સમાજમાં જીવનસાથીની પસંદગીના પર્યાયો ઘણા બધા છે. જીવનસાથીની પસંદગી કરવાની ઘણી તકો હવે ઉપલબ્ધ છે જ, પરંતુ આપણે જેવી ધારેલી એવી જ પત્નીના આપણે પતિ થયા છીએ અથવા જેવો ધારેલો તેવો જ પતિ સ્ત્રીપાત્રને મળ્યો છે? ઉભય પક્ષે આ પ્રશ્ન વિચારતા કરી દે તેવો છે.

તમેય વળી કેટકેટલી ચકાસણી કરો જીવનસાથીની પસંદગીમાં! જે માત્ર અનુભવે સિદ્ધ કરી શકાય કે સામેનું પાત્ર આપણા માટે યોગ્ય છે કે અયોગ્ય. જીવનસાથી વૈચારિક સ્તરે અનુકૂળ કે પ્રતિકૂળ છે તે નક્કી થઈ શકતું હોય છે ત્યારે ઔપચારિક મુલાકાતોમાં જ તેની પસંદગી થાય એ કેટલું યથાર્થ? આ એક કોયડો તો છે જ.

મારું લગ્ન એક અકસ્માત જ હતો. આ અકસ્માત જીવનના ત્રીજા દાયકાના અંત ભાગમાં થયેલો. સ્મરણકથાના આ પ્રકરણમાં મારે મારાં લગ્ન વિશેની ખાસ્સી અંગત કહેવાય એવી થોડી વાતો એટલા માટે કરવી છે કે જેથી ‘કાગનું બેસવું અને ડાળનું પડવું’ એ આકસ્મિકતાની વાત વધુ એક વખત યથાર્થ રીતે માણી શકાય.

દામ્પત્યજીવનની સફળતા માટે પૂર્વતૈયારી રૂપે નક્કી કરેલા માપદંડો કે વિચારો કે એવી બધી બાબતો ક્યારેય કામમાં આવતી નથી કે નક્કી થઈ ચૂકેલાં પાત્રો સાથે જ લગ્ન થાય અને જેની સાથે કંઈ જ નક્કી ન હોય, તેના સાથે અચાનક લગ્ન કરી લેવાય તો તેનાથી પણ કંઈ આભ તૂટી પડતું નથી. બલકે, તેનાથી પણ ક્યારેક સાચેસાચ ઘણા સુખી થઈ શકાય છે!

અને એટલે આપણે જે ધાર્યું હોય તેના કરતાં બીજું પાત્ર જીવનસાથી તરીકે મળે તો શું થાય? ક્યારેક ફાયદોય ખરો અને ક્યારેક નુકસાનેય ખરું!

ટૂંકમાં, જીવનની મોટા ભાગની ઘટનાઓ કેવી રીતે આકાર લેશે તેનું આપણે અનુમાન કરી શકતા નથી. મારે આ કથાના માધ્યમે ખાસ જણાવવાનું તે એ કે લગ્ન જેવી બાબતે બહુ ફૂંકી ફૂંકીને, વિચારી વિચારીને પગલાં ભરવા કરતાં અંદરથી ટહુકો સંભળાય ત્યાં ગોઠવાઈ જવું.

અમારા પાડોશીની એક છોકરી સાથે મારે પ્રેમ હતો. મારે લગ્ન પણ તેની જ સાથે કરવાં હતાં. જે મેં મારા ઘરમાં સ્પષ્ટ જણાવી દીધું હતું. જોકે એ પાત્ર મારા સિવાય કોઈને ઘરમાં પસંદ ન હતું, પણ લગ્ન મારે કરવાનું હતું એ હકીકત હોવાથી મને આ બાબતે કોઈ ઝાઝી વિચારણા કરવા જેવું લાગતું ન હતું.

યોગાનુયોગ પરિસ્થિતિમાં એવો વળાંક આવ્યો કે મારી પ્રેમિકા પરદેશગમન કરી ગઈ. જતાં પહેલાં મને ભાગીને લગ્ન કરવાનો પ્રસ્તાવ પણ મળેલો. એ પ્રસ્તાવનો મેં અસ્વીકાર કરેલો. મને આજ સુધી એ ખબર નથી પડી કે ભાગીને લગ્ન કરવાની મારી અનિચ્છા તે મારી ભીરુતા હતી કે મારા કુટુંબ પ્રત્યેની વફાદારી? મારી સામાજિક પ્રતિષ્ઠાની ચિંતા કે પછી મારી કોઈ સમજણ?

પ્રેમિકાના પરદેશગમન પછી માત્ર છ માસમાં જ મને તેનો એક પત્ર મળેલો અને તેમાં તેણે મને ઋણમુક્ત કર્યાનો એકરાર હતો. મેંય વળી ‘પરાણે થોડી પ્રીત થાય?’ એમ વિચારી મારી પ્રેયસીની ઋણમુક્તિનો સ્વીકાર કરેલો.

ત્યાર પછી મારા એક અંગત મિત્રની બહેન સાથે લગ્ન કરવાનું નક્કી કરી હું સૌરાષ્ટ્રના એક નાના શહેરમાં મારા મિત્ર સાથે તેની બહેનને મળવા ગયેલો.

મારે લગ્ન તો કરવું જ હતું અને આ તો મિત્રની બહેન હતી. સુંદર મજાનું કુટુંબ હતું. 'મોટે ભાગે લગ્ન માટે મારી મંજૂરી જ છે' તેમ જણાવી હું વતનમાં રહેતાં મારાં બા-બાપુજીને મારા નિર્ણયની જાણ કરવા ગયેલો.

ગામડે જઈને મેં મારાં બાને મારા નિર્ણયની જાણ કરેલી. મારાં બાનો એ સમયે શા પ્રતિભાવ હતા તે તો સ્મરણમાં નથી, પરંતુ તે સમયે અમારા એક સગાં પણ ત્યાં હાજર હતા. મેં નક્કી કરેલા પાત્ર સાથે આમ તો કોઈને કંઈ જ વાંધો ન હતો, પણ 'જ્યારે આપણે મોટી ખરીદીએ નીકળતા હોઈએ ત્યારે છેતરાતા નથી ને?' એવા ભાવથી 'બાજુની એક દુકાનનો માલ પણ જોઈ લેવામાં શું જાય છે?' એવી વ્યાવહારિક અને ધંધાકીય કોઠાસૂઝભરી સલાહ મારા એ સગાંએ મારી માને આપેલી.

આમ તો મારી મા બહુ જ સુધરેલી ગણાય, પણ એ સગાંનો સામાજિક દરજ્જો અમે અવગણી શકીએ તેવો નહીં હોવાથી એ સદ્‌ગૃહસ્થ સગાંના માનની લાગણીએ અમે એટલે કે હું, મારી બા અને મારી ફોઈ એ સગાં સાથે કન્યાદર્શને ભાવનગર રવાના થઈ ગયેલાં.

પ્રથમ મુલાકાતમાં જ મેં એ કન્યાને જણાવી દીધેલું, "જો, મને એક છોકરી સાથે પ્રેમ હતો. તે પરદેશ જતી રહી છે, ત્યાર પછી મેં એક મિત્રની બહેન જોઈ છે, તે પણ મને ગમી છે અને આ તને પણ જોવા આવ્યો છું. હવે તારે મને પસંદ કરવો હોય તો કરજે, તું ના પાડીશ તો પણ મને કોઈ જ ફરક નહીં પડે."

મને એ કન્યાએ કહેલું, "જુઓ, તમે ઘરમાં દાખલ થયેલા ને ત્યારે જ મેં મારી ભાભીને કહેલું કે આ છોકરો જો હા પાડે તો આપણું નક્કી જ. હવે હુંય છોકરાઓ જોઈ જોઈને થાકી ગઈ છું."

એ કન્યાએ મને ખૂબ જ નિખાલસપણે એમ પણ કહેલું, "મારો મોટો ભાઈ તમને જરાય પસંદ કરતો નથી. કારણ તમે ગામડાના છો અને અમે શહેરનાં. મારા ભાઈએ તો મારા માટે રાજકુમાર જેવો શ્રીમંત નક્કી કરેલો જ છે અને તેથી જ મારો ભાઈ તેમના ભાઈબંધ સાથે બહાર જતો રહ્યો છે, પણ મારી ભાભીને તમે પસંદ પડ્યા છો."

ત્યાર પછી અમારી વચ્ચે થયેલી વાતો કંઈક આવી હતી.

કન્યા : જુઓ, તમે ઘરમાં દાખલ થયેલાને ત્યારે જ મેં મારી ભાભીને કહેલું કે આ છોકરો જો હા પાડે તો આપણું નક્કી જ. સાચું કહું! હવે હુંય છોકરાઓ જોઈ જોઈને થાકી ગઈ છું.

હું : મેં તો હવે છોકરીઓ નહીં જોવાનું જ નક્કી કરી લીધું છે. તમે છેલ્લા જ છો, આપણું નક્કી થાય કે નહીં.

કન્યા : સાચું કહું! આ મારું શરીર થોડું વધારે છે ને! એટલે ઘણા ખરા છોકરા અહીંથી ગયા પછી જણાવતા નથી. એમના તરફથી કોઈ જ સમાચાર આવતા નથી, પણ મારો મોટો ભાઈ બહુ જ આશાવાદી છે. એ તો એમ જ કહે છે કે તું શાને ફિકર

કરે છે? તારા માટે તો રાજકુમાર જેવો શ્રીમંત નબીરો મેં નક્કી કરેલો જ છે. આવા ગામડિયા હારે થોડું પરણાતું હશે?

હું : વાહ ભઈ વાહ! જેવી તમારી મરજી.

કન્યા : ના ના એમ નહીં. મેં તો તમને પસંદ કરી જ લીધા છે. મારો મોટો ભાઈ છોને રિસાઈને બહાર જતો રહ્યો હોય? પણ મારી ભાભીએ તમને પસંદ કરેલા જ છે માટે તમે નાહકના ચિંતા કરો છો.

હું : શું હું ચિંતા કરું છું? જરાકેય નહીં હોં.અને તમારી ભાભીને પસંદ એટલે તમને પસંદ. અને વળી કદાચ એમને હું એટલે જ ગમ્યો હોઈશ કે ટાઢે પાણીએ ખસ જાય.

કન્યા : ના હોં. મારી ભાભી એવી નથી. એ તો મારી બહેનપણી જેવી છે. મારા માટે બહુ લાગણી રાખે છે. એ શ્રીમંત કુટુંબમાંથી આવે છે. અમારા કરતાં ઘણા અમીર છે એ લોકો પણ. મારો ભાઈ એટલો દેખાવડો અને ભણેલો છે કે એમના પિતાશ્રીએ માત્ર મારા મોટા ભાઈને જોઈને લગ્ન કરાવ્યું છે.

આવી હળવા મને થયેલી વાતો પતાવીને તે દિવસે અમે તો જતાં રહેલાં, પણ લખ્યા લેખ થોડા મિથ્યા થાય?

ફેબ્રુઆરી, ૧૯૭૭માં જે કન્યાનાં દર્શન કરેલાં તે આજેય મારી સાથે છે. બોલો, છે ને લગ્ન એક અકસ્માત! અમારા ઘણા બધા ઓળખીતા, સગાંવહાલાં, મિત્રો મને કહે છે, “તમે નસીબદાર છો, તમને આવી સુંદર પત્ની મળી છે.” એ તમામની સાથે હું પણ માનું છું કે મારું લગ્નજીવન સુખી છે.

આનું જ નામ કાગનું બેસવું અને ડાળનું પડવું!

ચિબૂકલી

જ્યારે આપણે જીવનના છઠ્ઠા દાયકાનાં વર્ષો પસાર કરી રહ્યાં હોઈએ ત્યારે અચાનક પ્રથમ દાયકાના પ્રસંગો સ્મરણમાં આવી ચડે ત્યારે? ક્યારેક હસવું આવી જાય અને ક્યારેક એ પ્રસંગો યાદ કરીને ઊંડા આનંદની લાગણીયે થાય, તો ક્યારેક આપણું મન અંતરથી જ સહજ રાજીપો અનુભવે અને ક્યારેક વળી જો એવા એકાદ પ્રસંગને કોઈની સાથે વાગોળવાનું સૌભાગ્ય મળી જાય તો તો આપણા નસીબની બલિહારી જ, બીજુ શું?

મારી સ્મરણકથાના માધ્યમ દ્વારા આવો જ એક બાળપણનો પ્રસંગ આજે મારી નજર સમક્ષ આવીને અનાયાસ જ મને જીવનના પહેલા દાયકા તરફ પાછા પગલે ઘસડી જાય છે.

મારી ઉંમર એ સમયે માંડ આઠ કે નવ વર્ષની હશે. હું બીજા અથવા ત્રીજા ધોરણમાં હોઈશ. તે સમયે બાલમંદિરમાં મારી સાથેનાં બાળકોમાં એક છોકરો જે મારી સાથે ‘હીરાભગત’ની લાઇનમાં રહેતો હતો તે અને એક છોકરી જે દિગંબર જૈન મંદિર પાસે રહેતી હતી તે બંને ખાસ સ્મરણમાં આવી ચડે છે. અમારાં શિક્ષિકાબહેનનું નામ મોટે ભાગે શાંતાબહેન હતું. બીજા થોડાંક છોકરા-છોકરીઓમાં શાર્દૂલ અને વશરામ. વશરામ જાતે રબારી. ઉપરાંત હરકાન્ત અને જ્યોતિ. બસ, આટલાં નામ યાદ આવે છે.

આજથી લગભગ ૫૦-૫૨ વર્ષ પહેલાંના સમાજમાં બાલ્યાવસ્થાએ એક છોકરાને એક છોકરી માટે એ ઉંમરે કેવી લાગણીઓ થતી હશે તે સમજાવવાના ઇરાદે જ આ પ્રસંગ લખવાનું સૂઝે છે.

એ સમયે મને પેલી દિગંબર જૈન મંદિર પાસે રહેતી છોકરી બહુ ગમતી અને મારા બાળગોઠિયાને પણ એ જ છોકરી ગમતી!

એ સમયની અમારી ઉંમર જોતાં કોઈ વિજાતીય આકર્ષણ અમારામાં હોય તેવું મારા સ્મરણમાં આવતું નથી, પરંતુ આટલી નાની વયે પણ એ છોકરી માટે મને અને મારા બાળગોઠિયાને જે કુદરતી રીતે આકર્ષણ હતું તે અને તેને ખુશ કરવા અમે બંને જે જુદા જુદા નુસખાઓ કરતા તે યાદ આવે છે.

જાણે એ બાળવયે અમારે બંનેએ કોઈ બહુ મોટું યુદ્ધ ના કરવાનું હોય! એટલે પરસ્પરની નજરમાંથી ઉતારી પાડવા માટે અમે બેઉ જે દાવપેચ રમીએ અને પછી પેલી છોકરીને મનાવવા, રીઝવવા, ખુશ કરવા અને પોતાની બનાવવા જે કાવતરાં કરીએ… જે કાવતરાં કરીએ…

એ બધાં કાવતરાં કરવામાં ત્યારે – એ બાળવયે – કેવો આનંદ આવ્યો હશે? એ સમયે કરેલી હરકતો ખરેખર નિર્દોષ હશે કે પછી એમાં છુપાયેલા ઈર્ષ્યાભાવથી ઘડાયેલો સ્વભાવ આજ સુધી મારામાં ઊંડે ઊંડે ક્યાંક હજી પણ જળવાઈ રહ્યો હશે?

આ બધા સવાલોના જવાબો આપવા તો હું સક્ષમ નથી, કારણ એ જ કે માનવસહજ સ્વભાવને લીધે આપણને તો આપણું જ સારું અને સાચું લાગે! તે સમયે પણ હું જ સાચો હતો અને પેલો બાળગોઠિયો ખોટો હતો. આમ અનાયાસે જ આપણી વાત સાચી સાબિત પણ થઈ જાય! પેલી છોકરીને હું જ ગમતો અને પેલો બાળગોઠિયો તો એને સહેજ પણ નહોતો ગમતો. એવા વિચારો તે સમયની સંગાથે આજે પણ મને આવે એ સ્વાભાવિક રીતે માની શકાય એમ છે.

આજે આ ઉંમરે એ સમયનાં એ ત્રણેય બાળપાત્રોનાં વર્તનને થોડે દૂર, કોઈક ખૂણા ઉપર ઊભા રહીને, એકદમ તટસ્થ ભાવે – જાણે કોઈ ચલચિત્ર જોતા હોઈએ એ રીતે જો આપણે જોઈએ, તો કદાચ કંઈક સાવ જુદું જ દેખાય!

આજે જ્યારે સ્મરણપટ ઉપર બાળવયના એ પ્રસંગો અને વાર્તાલાપો ઊભરાઈ આવે છે ત્યારે હું રોમાંચિત થઈ જાઉં છું. એ બાલિશ પ્રસંગોને બને તેટલી નિખાલસતાથી જેમના તેમ અહીં ઉતારવાનો પ્રયત્ન કરું છું.

અમારા ઘર પાસે એક આંબલીનું અને એક બોરસલીનું એમ બે મોટાં ઝાડ હતાં. ગાંડા બાવળનાં તો અનેક ઝુંડો અમારા ઘરની આજુબાજુ ફેલાયેલાં હતાં. તે સમયે અમારું બાલમંદિર અમને ઘરથી બહુ નજીક નહોતું લાગતું, પણ અત્યારે ગામડે જઈએ છીએ ત્યારે અમારા ઘરથી એકદમ જ નજીક લાગે છે!

હું અને મારો એ ભાઈબંધ એક જ શેરીમાં રહેતાં છતાં ઘેરથી ક્યારેય સાથે બાલમંદિર જઈએ જ નહીં! કારણ કે મારે આંબલીના ઝાડ ઉપરથી આંબલીના કાતરા લેવાના હોય. પેલી મારી બહેનપણીને કાતરા બહુ જ ભાવે એટલે હું દફતરમાં સંતાડીને આંબલીના કાચાપાકા, ખાટામીઠા કાતરા બાલમંદિરે લઈ જાઉં.

આ જ રીતે પેલો છોકરો ચાલો તેને ટપૂડો જ કહીએ, તો એ ટપૂડો પણ પેલી છોકરી માટે દફતરમાં ગાંડા બાવળના એકદમ પીળા થયેલા હાંધરા (સાંધરા) જે સ્વાદમાં ગળ્યા લાગે – લઈને આવ્યો જ હોય!

(રિસેસના સમયે પેલી ‘ચિબૂકલી’ મારી સામે આવીને આંબલીના કાતરા એવી રીતે પડાવી જાય કે જાણે એ બધા કાતરા તેની એકલીના જ ના હોય! તેની એ ચેષ્ટાથી હું ત્યારે તેના પર ઓળઘોળ થઈ જતો.)

ચિબૂકલી જે રીતે મારી પાસેથી આંબલીના કાતરા પડાવી લેતી તે બાળસહજ લાલચને ત્યારે હું સમજી શક્યો નહોતો. ચિબૂકલી ટપૂડાની નજીક ફરકવી પણ ન જોઈએ એવી ઈર્ષ્યા ભાવનાથી હુંય વળી એવો તો ઘેલો કે બીજે દિવસે કંઈ કેટલીય વધુ ઊંચી અને પાતળી ડાળીઓએ ચડીને ચિબૂકલી માટે હજી વધુ સારા કાતરા ઉતારી લાવું.

જોકે એ ચિબૂકલીને થોડી વાર પછી હું ટપૂડા પાસેથી ગાંડા બાવળના હાંધરા પડાવતી છાની આંખે જોઉં. છતાં હું ટપૂડાને એમ ન કહી શકું, 'અલ્યા ઘેલા! આ છોડી તુને અને મુને બેઉને છેતરે છે!' જોકે ત્યારે મને ટપૂડાની ભારોભાર ઈર્ષ્યા તો થઈ જ આવે અને એટલે હું છાનો છાનો ટપૂડાને મારવાની વેતરણ કર્યા કરું, પણ સામી છાતીએ સંઘર્ષમાં ઊતરવાની શક્તિ તો એ સમયે મારામાં ક્યાં હતી? એટલે પછી ટપૂડાને મારવાનું તો માંડી વાળું, પણ છૂપી રીતે ટપૂડાના દફતરમાંથી પાટી (સ્લેટ) કાઢીને ફેંકી દઉં ને તેની માટીની પેનો (સ્લેટમાં લખવાની) તોડીફોડી નાખું. એ બધું સાવ છાનું છાનું. ટપૂડાને કે પેલી ચિબૂકલીને કે વળી બીજા કોઈનેય ખબર ન પડે તે રીતે.

પણ આવી વાતો એમ તો કાંઈ સાવ છાની થોડી જ રહે? પાટીપેનની તોડફોડને કારણે ટપૂડો જ્યારે રડતો હોય અને ચિબૂકલી તેને મનાવતી હોય ત્યારે હું દૂર ઊભો ઊભો આ નાટક જોતો હોઉં અને ત્યારે મારી એ વાલીડી, મારી સામે આંગળી ચીંધીને કંઈ જ બોલ્યા વગર ટપૂડાની પાસે મારી ચાડી ફૂંકી મારે!

જોકે ટપૂડો મારા દફતરને તો કાંઈ નુકસાન ન કરે, પણ લાગ મળતાં એ વળતા દાવે સીધો પાણો લઈને મને મારવા જ દોડે! એમાં વળી કોઈક વખત એ નિશાન ન પણ ચૂકે. ટપૂડાના એ ન ચૂકેલા પાણાના ઘા નિશાન મારે ડાબે પગે હજુ આજે પણ છે!

જેવું મારી સાથે થાય એવું જ કોઈ વખત ટપૂડા જોડે પણ થાય અને એ વખતે આ જ ચિબૂકલી મારી બાજુ હોય અને ટપૂડો એકલો પડી જાય, પણ તોય ટપૂડાને મારાથી કોઈ શારીરિક ઈજા પહોંચી હોય તેવું મારા સ્મરણમાં આવતું નથી.

જોકે ટપૂડાને બીજી ઘણીય રીતે છાનાંછપનાં નુકસાન મેં પહોચાડેલાં તે મને યાદ છે. જેમ કે તેનું લેસન ભૂસી નાખું. એ 'ખોટો છે, ચોરટો છે, મને માર્યા કરે છે' એવી એવી કંઈ કેટલીય વાતોની નાની નાની વાર્તાઓ ઘડીને બીજા છોકરાઓને કહ્યા કરું અને એમ ટપૂડાને એકલો પાડી દઉં. ક્યારેક શિક્ષિકા શાંતાબહેન આગળ માર પણ ખવડાવું. બહેન હાથની હથેલી ઉપર ફૂટપટ્ટી વડે મારતાં એ વાત તો ક્યારેય ભુલાય તેમ નથી.

અંતે નુકસાન તો અમારું બેનું જ થાય. અમે જેના માટે આંબલીના કાતરા કે ગાંડા બાવળના હાંધરા તોડીને પ્રેમથી ખવડાવ્યા હોય એ

ચિબૂકલી અમારા બેમાંથી કોઈ એકને પક્ષે ન હોય! છેવટે તો એ સામી પાર્ટીમાં બેસીને (અમને બંનેને) જ ચીડવ્યા કરે!

ને તોય રોજ રાતે સપનામાં એ ચિબૂકલી આવે ત્યારે તેને મનાવતા કે સારું લગાડવા શું કરી શકાય તેનો વિચાર સપનામાં પણ મને સતાવે. 'પેલો ટપૂડો જ નકામો છે', 'તારે એની સાથે સંબંધ ન રાખવો જોઈએ…' એવા એવા સંવાદો સપનામાં બોલીને બહુ જ સારી રીતે ચિબૂકલીને સફળતાપૂર્વક સમજાવી પટાવી શકાય અને અંતે એ મારી જ ખરી બહેનપણી છે અને ટપૂડાની નથી' તેવી ખાતરી પણ સપનામાં રોજ મને મળે. પણ એ તો સપનાની વાત હતી એ તો સવારે પથારીમાંથી બેઠા થઈએ ત્યારે જ ખબર પડે!

નાનપણમાં આમ પેલી ચિબૂકલીને ખાતર સપનામાં વિચારવાયુને લીધે બધા પક્ષ તરફથી મેં એકલાએ બોલેલા આ સપનાના સંવાદો મને આજે પણ જાણતાં-અજાણતાં અનેક રીતે મદદરૂપ થયા જ છે. કઈ રીતે, તે કથા ક્યારેક ભવિષ્યમાં.

આજથી લગભગ દસ-બાર વર્ષ પહેલાં એક દિવસ એ 'ચિબૂકલી' સાથે બાળપણની આ બધી વાતો યાદ કરીને છેવટે તેને પૂછેલું કે, "હવે તો કહે તું ખરેખર હતી કોના પક્ષમાં? મારા કે પેલા ટપૂડાના?" જોકે તેને બાપડીને તો અપારા બેઉની બાળસહજ સંવાદોના કોઈ અર્થ-અનર્થની કશી જ ખબર ન હતી. એણે જવાબમાં મને માત્ર એટલું જ કહેલું કે, "અશોક, કોઈક વખત એ બધું યાદ આવે છે ખરું!'' અને બસ, મેં માની લીધેલું કે હું જ હતો એ ચિબૂકલીના સપનાનો રાજકુમાર!

દીવાદાંડી

એ સમયે હું નવમા ધોરણમાં હોઈશ. અમારી શાળામાં એન.સી.સી.ની શાખા હતી અને હું એન.સી.સી.ની ટ્રેનિંગ માટે જોડાયેલો. એન.સી.સી.ની ટ્રેનિંગથી શિસ્ત ચોક્કસ આવે. શરીરને કસરત પણ સારી એવી મળે. સરહદ ઉપર લડતા જવાનો કેવા ખડતલ અને મજબૂત હોય છે તેની થોડી ઝાંખી પણ થાય તેવી આ ટ્રેનિંગ હતી. એવી આ ટ્રેનિંગમાં થોડી કઠિન કસરતો હતી.

અઠવાડિયામાં એક વાર વહેલા સવારે મેદાનમાં હાજર થવાનું. સૌપ્રથમ તો લગભગ ત્રણથી ચાર કિલોમીટર દોડવાનું, ત્યાર બાદ શારીરિક કસરતો અને કસરત પછી પૌષ્ટિક નાસ્તો, ફણગાવેલાં કઠોળ, કેળાં વગેરે.

અમે મિત્રો એન.સી.સી.ની ટ્રેનિંગથી ખુશ હતા. અમારી શાળા પણ શિસ્ત માટે આમેય જાણીતી હતી અને તેમાં પણ જે બાળકોને આ વધારાની ટ્રેનિંગ મળી હોય તેની તો વાત જ જુદી. આજે પણ એ એન.સી.સી.ની ટ્રેનિંગ આપનારા ગુરુજીના સંપર્કમાં હું છું જ.

આ એન.સી.સી.ની ટ્રેનિંગ બે વર્ષ લીધેલી અને ટ્રેનિંગ પછી એક કૅમ્પનું આયોજન થાય. આમાંથી ૪૦-૫૦ કિલોમીટરના અંતરે જુદી જુદી શાળાના લગભગ ૫૦૦ છોકરા આ કૅમ્પમાં આવે. એન.સી.સી.ના કૅમ્પમાં જેણે ભાગ લીધો હોય તેને જ આવા કૅમ્પનું મહત્ત્વ સમજાય. ખૂબ જ કઠિન શારીરિક શ્રમ સાથેનો આ એક આખા અઠવાડિયાનો આ કૅમ્પ હોય.

સવારે વહેલા ઊઠવાનું અને નિયત કરેલી દિનચર્યા મુજબનાં તમામ કામ કરવાનાં. ગફલત કે ભૂલની સજાએ આકરી, કાઉલિંગ એટલે કે બંને હાથની કોણી અને પગના ઢીંચણથી જમીન ઉપર ૧૦૦ મીટર સુધી ચાલવાનું. કોણી અને ઢીંચણથી લોહી અચૂક નીકળે જ. આવી સજા મને પણ થયેલી. બીજી, ભૂખ્યા રહેવાની સજા. જાણીબૂઝીને જો નિયમનો ભંગ કર્યો હોય તો એક ટંક જમવાનું કૅન્સલ. એ સમયે આ સજા બહુ જ આકરી લાગતી.

એનું એક કારણ એ ઉંમરે ભૂખ પણ બહુ લાગે અને વળી કસરતો પણ ખૂબ કરેલી હોય એટલે જમવાના સમયે કકડીને ભૂખ લાગે અને એમાં જો સજારૂપે ખાવાનું ન મળે તો? આજે પણ એ યાદ આવતાં એ ભૂખનો અહેસાસ થાય છે.

આ સ્મરણકથાના માધ્યમે મારા આ પ્રકરણમાં અમે જે એન.સી.સી.ના કૅમ્પમાં ગયેલા તેના છેલ્લા દિવસે બપોરે બાર વાગ્યે બડા ખાનામાં મિષ્ટાન જમીને સાંજ સુધી જ્યાં હરવુંફરવું હોય ત્યાં જવાની છૂટ

મળેલી. એ હરવાફરવાની છૂટમાં અમને ચાર ભાઈબંધોને જે અનુભવ થયેલો તેની વાત લખવી છે.

બનેલું એવું કે અમને કૅમ્પના છેલ્લા દિવસે બડા ખાનામાં મીઠાઈમાં ગુલાબજાંબુ મળેલા અને બરાબર કચકચાવીને અમે એ માણેલાય ખરાં. જમી લીધા પછી અમે ભાઈબંધો બસ કૅમ્પની બહાર ખુલ્લા ખેતરમાં ફરવા નીકળી પડ્યા.

ખેતરમાં ફરતાં ફરતાં સામે દીવાદાંડી દેખાઈ. અમને દીવાદાંડી બહુ નજીક લાગી. આ દીવાદાંડી વળી શું હશે? અને તે શા માટે રખાતી હશે? અને કેવી અને કેટલી ઊંચી હશે? આ તમામ કુતૂહલનો જવાબ મેળવવા સાવ નજીક દેખાતી દીવાદાંડી નજીકથી જોવાનું ચારેય મિત્રોએ નક્કી કર્યું.

અમને એવો અંદાજ હતો કે એકાદ કલાકમાં તો પાછા આવી જઈશું! ક્યાં દૂર છે? આમ ચારેય ભાઈબંધોની સહમતી સાથે પગ ઉપાડ્યા.

બરાબર બપોરના ત્રણ વાગ્યાનો સમય હશે અને અમને પેલા ઝાંઝવાંનાં જળ જેમ નજીક દેખાય એમ દીવાદાંડી સાવ નજીક દેખાયેલી અને અમે ખેતરો ખૂંદતાં જેમ જેમ દોડતા ગયા એમ દીવાદાંડીનું અંતર એટલું ને એટલું જ લાગ્યું. દોડતાં દોડતાં અમે લગભગ ૧૦થી ૧૨ કિલોમીટરનું અંતર કાપી નાખેલું. એ શિયાળાના દિવસે લગભગ સાંજના ૫.૩૦ વાગેલા છતાંય દીવાદાંડી સુધી અમે પહોંચી શક્યા નહોતા. અઢી કલાકની રઝળપાટે અમને થકવી નાખ્યા હતા. ત્યાં ખેતરમાં કામ કરતા ખેડૂતને પૂછવાનું અમે નક્કી કર્યું, પરંતુ અમને એમ કે આ સામે જ તો દીવાદાંડી દેખાય છે તો પૂછવાની શી જરૂર? હવે આટલે લાંબે આવીને આપણો આત્મવિશ્વાસ શા માટે ડગાવવો? એમ કરતાં કરતાં અમે ફરી દોટ મૂકી. હવે અંધારું થઈ જવાની શરૂઆત થઈ ગઈ હતી અને દીવાદાંડીમાં બત્તી થઈ ગઈ, છતાં દીવાદાંડી સુધી પહોંચ્યા નહીં.

અમે નાછૂટકે એક ખેતરમાં કામ કરીને પરત ફરતા ખેડૂતને રોકીને પૂછ્યું કે, “આ દીવાદાંડી કેટલી દૂર છે?”

ખેડૂતે અમને કહ્યું, “ભાઈ, શાથી પૂછો છો? અને તમે છોકરાઓ કોણ છો અને ક્યાંથી આવ્યા છો?”

“અમારે દીવાદાંડી જોવી છે અને અમે અહીં એન.સી.સી.ના કૅમ્પમાં આવ્યા છીએ. આજે અમારે બપોર પછી રજા હતી એટલે અમે ઉત્સુકતાથી દીવાદાંડી જોવા આવ્યા છીએ.” અમે ખેડૂતને કહ્યું.

“અરે ઘેલા છોકરાઓ! તમે કેટલે દૂર આવી પહોંચ્યા છો તેનું તમને કંઈ ભાન છે? તમે લગભગ ૧૫ કિલોમીટર દૂર પહોંચી ગયા છો અને આ દીવાદાંડી હજુ ૨૦ કિલોમીટર દૂર દરિયાકિનારે છે, બંદર ઉપર તમે કેમે

કરીને ત્યાં પહોંચી શકશો નહીં અને તમે હવે તમારા કૅમ્પની જગ્યાએ કઈ રીતે જશો? હવે તો અંધારું થઈ ગયું છે અને વળી તમને રસ્તો પણ નહીં જડે." ખેડૂતે ચિંતા વ્યક્ત કરતાં અમને કહ્યું હતું.

અમે ભાઈબંધો આ વાત સાંભળી ખરેખર ડરી ગયા હતા. એક તો આટલું દોડ્યા પછી ભૂખ પણ કકડીને લાગેલી અને બીજું કે દીવાદાંડી પણ દિવાસ્વપ્ન સમાન સાબિત થઈ હતી. એ વાતની અમને પાક્કી ખાતરી થઈ ગયેલી કે દીવાદાંડી સુધી પહોંચવું શક્ય નથી. હવે પ્રશ્ન એ ઊભો થયો કે પાછા કૅમ્પ પર કઈ રીતે જઈશું? આ વિચારમાત્રથી અમે ગભરાઈ ગયેલા. કૅમ્પમાં હાજર થવાનો સમય સાંજના સાતનો અને અત્યારે છ વાગેલા એટલે કૅમ્પ પૂરો થાય ત્યાર પછી પણ અમને તો મોટી સજા મળવાની જ, એ બીકે પણ અમે ફફડી ગયેલા.

ખેડૂતે અમારા ચહેરા ઉપરના તમામ ભાવ વાંચી લીધા હોય એમ સહાનુભૂતિપૂર્વક અમને કહ્યું, "બાળકો, હવે જે થવાનું હતું તે થઈ ગયું છે. તમે એકલા તમારા કૅમ્પની જગ્યાએ આ ખેતરો અને જંગલમાંથી જઈ શકશો નહીં અને જવું નરી મૂર્ખાઈ છે, કારણ અહીં દીપડા અને અન્ય જંગલી પ્રાણીઓ પણ કોઈ કોઈ વખતે દેખાય છે માટે પહેલા મારી સાથે મારે ઘેર આવો, થાક ખાવ, વાળુ કરો અને પછી હું ગાડું જોડીને તમને મૂકી જઈશ."

એ એન.સી.સી.ના કૅમ્પની છલ્લી મોડી સાંજે જ્યારે એ ખેડૂતના ગાડામાં ગાડાવાટે અમે અમારા કૅમ્પના સ્થળે પહોંચ્યા ત્યારે અમારી ધારણા મુજબનું ખાસ થયું નહીં. બીજે દિવસે સવારે પરત જવાનું હોવાથી મોટા સાહેબો અગાઉથી નીકળી ગયેલા. માત્ર એક સાહેબ હતા. અમે બધી વાતો વિગતેથી કરી અને અમને માફી પણ મળી ગઈ.

એક અજાણ્યા ગામના એ ભલા ખેડૂતના ઘરે આરોગેલા વાળુનો સ્વાદ હજુ એમનો એમ યાદ આવે છે અને વળી એ ખેડૂતના ઘરના સભ્યો તેમનાં બા-બાપુજી, નાનાં ભાઈ-બહેનો અને તેમનાં પત્ની બધાંય આજે પણ યાદ આવે છે. કેટલા અહોભાવથી અને લાગણીથી અજાણ્યા છોકરાઓને પોતીકાં કરીને એ સાંજે જે ભોજન જમાડેલાં તેવાં સ્વાદિષ્ટ ભોજનો અને વળી આવા સજ્જનો આ જીવનપર્યંત બહુ જ અલ્પ મળ્યા છે તેનો સ્વીકાર કર્યે છૂટકો.

અજ્ઞાતના આશીર્વાદ

---

૨૩ મે, ૧૯૭૦નો એ દિવસ આજે પણ મને બરાબર જેમનો તેમ યાદ છે,પરંતુ તે દિવસે બનેલી ઘટના કહેતાં પહેલાં તેના અનુસંધાને થોડી પૂર્વભૂમિકા બાંધવાની લાલચ રોકી શકતો નથી.

મારું બાળપણ સોનગઢમાં વીતેલું. ઓછી સગવડવાળું ગરીબ વાણિયાનું અમારું ઘર. ધંધા-રોજગાર બહુ જ સામાન્ય. કુટુંબમાં મારાથી ત્રણ ભાઈઓ મોટા, એક મોટી બહેન અને એક નાની બહેન તથા એક નાનો ભાઈ. આ રીતે પાંચ ભાઈ, બે બહેનો અને માતાપિતા સાથેનો કુલ નવ જણનો અમારો પરિવાર.

અમારી ગરીબી વાણિયાની ગરીબી, એટલે કે અમારી ગરીબીની અમને જ ખબર હોય, ગામને નહીં. જોકે એ બાબતે કોઈ બીજા પ્રકરણમાં ચર્ચા કરીશ. અહીં તો હું જે દિવસે અમદાવાદ આવેલો તે દિવસનો અનુભવ કે જે મારા વિકાસના પાયામાં છે તેના વિશે ખૂબ જ ટૂંકાણમાં કંઈક કહેવું છે. જોકે એ વાત કહેતાં પહેલાં હું અમદાવાદ કેમ આવ્યો તે કહેવું જરૂરી થઈ પડે.

સને ૧૯૬૮-૬૯માં હું ભાવનગર સાયન્સ કૉલેજમાં પ્રિ-સાયન્સમાં ઍડમિશન લઈને ભણવા ગયેલો. મારા મોટા બે ભાઈઓની મરજી મને એન્જિનિયર બનાવવાની. મારા કરતાં મોટો અને પ્રથમ ક્રમથી ગણીએ તો ત્રીજા નંબરનો ભાઈ પણ ભાવનગરમાં મારી સાથે આર્ટ્સ કૉલેજના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરે. મારાથી મોટો એ ત્રીજા નંબરનો ભાઈ અમદાવાદ કાકાને ત્યાં વકીલાતનું ભણવા આવવાનો હતો. મારે તો એન્જિનિયર થવા ફર્સ્ટ બી.એસસી. કરીને મોરબી કૉલેજમાં ભણવા જવાનું હતું.

સને ૧૯૬૯માં ગ્રૅજ્યુએટ થયા પછી મારા કરતાં મોટો પાલિતાણા મોસાળમાં તેના કરતા મોટાભાઈને લઈને નાનીના આશીર્વાદ લેવા ગયેલો. જ્યારે આપણું ખરાબ જ થવાનું હોયને ત્યારે બધું જ સારું લાગે, પણ છેલ્લે બધું પડીને કડડભૂસ થયા વગર પણ કેમ રહે?

૧૯૬૯ની એક કાળમુખી સવારે મારા કરતાં મોટો એક યાત્રાળુની મોટરકારના એક ધક્કે પ્રભુને પ્યારો થયો અને આટલી ગરીબીમાં એક ઓર ધક્કો લાગ્યો. એ આઘાત કોઈથી જીરવાય તેમ ક્યાં હતો? તેનું કારણ એ ખરેખર આર્થિક રીતે કુટુંબને સધ્ધરતા અપાવી શકવા સક્ષમ હતો.

જોકે સોનગઢમાં રહેલા એક સંત પુરુષના સમાગમે અમારું કુટુંબ તે આઘાત જીરવી ગયું ને થોડા મહિનામાં અમે અમારા કામમાં પરોવાઈ ગયા. સૌથી નાની હેબતાઈ ગયેલી, કંઈ કેટલાય મહિનાઓ સુધી.

હું ભાવનગર કૉલેજમાં ફર્સ્ટ બી.એસસી. માં દાખલ થયો. બહુ જ સમજણથી અને કરકસરથી રહેતો હતો. મારે મારી આર્થિક સગવડો વિશે ખાસ લખવું જ નથી, કારણ મારો દરેક નવો દિવસ અગાઉના દિવસથી ચડિયાતો જ રહ્યો છે અને મને તેનો સંતોષ પણ ખરો.

પણ હું પ્રથમ વર્ષ બી.એસસી.માં નાપાસ થયો. પ્રિ-સાયન્સમાં પ્રથમ વર્ગ સાથે પાસ અને ફર્સ્ટ બી.એસસી.માં નાપાસ!

બસ, આ જ એક કારણ માત્રથી હું ૨૩મી મે, ૧૯૭૦ની વહેલી સવારે મારા એક કાકાને ત્યાં તેમની ભલામણથી નોકરી મળી જશે તે આશાએ નોકરી કરવા માટે અમદાવાદ આવી પહોંચ્યો. જોકે એક સાચી વાતનો અહીં એકરાર કરું તો અમદાવાદ આવવાની કંઈક ગોઠવણ થાય એ મુજબનું મેં જ મારી માને કહેલું. કાકા પાસે મા મારા વિશે થોડું ઘસાતું બોલે અને કાકા લાગણીથી મને અમદાવાદ બોલાવે એ ભાવના.

અને સદ્નસીબે ખરેખર થયું પણ તેમ જ. મારા કાકાએ કાયમ અમને મદદ કરેલી. કારણ, પેલી વાણિયાની ગરીબી. કાકા બા પાસે આવે અને રસોડામાં બાના હાથમાં કંઈ કેટલીય વાર નાનીમોટી મદદ સરકાવે જાય.

અને એ જ કાકાએ મારા અમદાવાદ પહોંચ્યાના દિવસે જ કહેલું કે ૨૩મીએ બરાબર ૧૨ વાગ્યે મને પોતાની કચેરીમાં બોલાવેલો. કાકા હતા વગરદાર. કોઈને પણ મારી નોકરીની ભલામણ કરી શકે, પણ ખૂબ જ નીતિવાન. ચાલો, ત્યારે એ પણ કહી જ દઉં કે કાકા વ્યવસાયે મૅજિસ્ટ્રેટ હતા.

હું મણિનગરથી લાલદરવાજા ૫૨/૨ નંબરની બસમાં લાલદરવાજા થઈને ઘીકાંટા કોર્ટમાં કાકા પાસે જવા નીકળેલો.

બસ ભરચક હતી. હું ઊભો ઊભો બસમાં જઈ રહ્યો હતો અને એવામાં આસ્ટોડિયાથી એક ખૂબ જ આકર્ષક યુવાન બસમાં દાખલ થયો. તેને પણ લાલદરવાજા જવું હતું. એ મને ત્યારે ખબર પડી કે જ્યારે તેણે કંડકટર પાસેથી લાદરવાજાની ટિકિટ માગી.

મારી અડોઅડ ઊભેલા એ અજાણ્યા આકર્ષક યુવાને મને પૂછ્યું, ‘આજે જ અમદાવાદ આવ્યો લાગે છે.’

મેં કહેલું, ‘હા.’

પછી તો વગર પૂછે મારા કાકાનો અને મારો પરિચય એ અજાણ્યા યુવકને આપેલો અને સેન્ટ્રલ બૅન્કમાં મારી નોકરીની વાત છે તેમ પણ વગર નોતરે જણાવી દીધેલું.

ત્યારે એ અજાણી આકર્ષક વ્યક્તિએ મને કહેલું, ‘તું બૅન્કમાં નોકરી કરવા જતો નહીં. એના કરતાં જ્યાં કોઈક ઉત્પાદન થતું હોય કે જ્યાં લે-

વેચ થતી હોય તેવી જગ્યાએ તારા કાકા નોકરી અપાવે તેવી માગણી કરજે. મને આખી જિંદગી નહીં ભૂલી શકે.'

ફક્ત આટલી વાત થઈ અને લાલદરવાજા બસસ્ટૅન્ડ ઉપર ભીડમાં એ અજાણ્યો આકર્ષક યુવાન ક્યાં ખોવાઈ ગયો તેની મને આજ સુધી ભાળ મળી નથી.

પરંતુ મેં તે અજ્ઞાત યુવાનની સલાહે બૅન્કની નોકરી ન સ્વીકારી અને ટૅક્સ્ટાઇલ મિલમાં એક સામાન્ય નોકરી સ્વીકારી લીધી. એ સામાન્ય નોકરી જે મારી સફળ કારકિર્દીમાં પાયાના પથ્થર સમાન છે.

આ બાબત હું આજે પણ ભૂલી શક્યો નથી. કોણ હશે તે અજ્ઞાત આકર્ષક યુવાન?

આજે પણ એ હયાત તો જરૂર હશે જ તેવી મારી લાગણી છે અને એ અજાણ્યા હમસફરને મનોમન નમસ્કાર કરવાની લાગણી હું આ ઘડીએ પણ રોકી શકતો નથી.

કડવાટ

મેં મિલની નોકરી છોડી અને વકીલાત શરૂ કરી. શરૂ શરૂમાં સેલ્સટૅક્સ, ઑક્ટ્રોય, મ્યુ.ટૅક્સ અને જમીનના નાનાંમોટાં કામ કરતો હતો. મને મિલની નોકરીમાં જે છેલ્લે પગાર મળતો હતો તેના કરતાં કંઈક વધારે બચતું હતું એટલે માનસિક રીતે નોકરી છોડ્યાનો પસ્તાવો મને કે મારી પત્નીને ન હતો.

જોકે મારાં બાને મિલની નોકરી છોડેલી તે જરાય ગમેલું નહીં. મારા સસરાને બોલાવીને મને સમજાવવાનો પ્રયત્ન પણ કરી જોયેલો. મને મારી પત્નીનો સંપૂર્ણ સહકાર હતો એટલે ગૃહકંકાસ વગર મારા મંતવ્યમાં હું અડગ રહી શકેલો.

આ સ્મરણકથાના માધ્યમે મારી સફળતાના પાયામાં રહેલા એ તમામનો મારે આભાર ચોક્કસ માનવો જ છે. કોમ જાણે કેમ? પણ જ્યારે હું મારા માટે સફળતા શબ્દનો પ્રયોગ કરું છું ત્યારે મનોમન શરમાઈ જાઉં છું અને મને કેમ એવું લાગે છે કે અલ્યા, આ તે કંઈ સફળતા કહેવાય? જરા બીજાને કે તારા વિષયના બીજા વકીલોને જો તો તને સમજાશે કે તું કંઈ બહુ આગળ નથી. તારાથી કંઈ કેટલાય સજ્જનો, વકીલમિત્રો ઘણા જ આગળ અને ધનાઢ્ય છે.

પણ આપણે તો બાપુ જાતબડાઈના માણસ અને એ જાતબડાઈમાં પણ બીજાનો આભાર માનવાનો હોય ત્યારે વળી એમ પણ થાય કે બાપુ આ પ્રકરણ પણ લખી જ નાખો.

મારી મિલની નોકરી છોડ્યાને છ-એક મહિના થયા હશે અને મને એક ફરિસ્તા જેવા બ્રાહ્મણ મુરબ્બી મળી ગયા. એ મુરબ્બી ૫૪૪ પ્લોટોની એક મોટો સોસાયટીના સેક્રેટરી હતા. એ સોસાયટી રાજપથ ક્લબની બાજુમાં આવેલી છે ત્યારે એ સોસાયટીના પ્લોટની કિંમત આશરે ₹ ૧૦૦/-થી ₹ ૨૦૦/- એક વારની હતી.

મને એ મુરબ્બી મહિનામાં ૧૦ થી ૧૨ દસ્તાવેજ કરવાનું કામ આપતા હતા અને એક દસ્તાવેજની ફી પેટે ₹ ૧,૦૦૦/- તે સમયમાં અપાવતા હતા.

આ રીતે મારી માત્ર એક જ સોસાયટીની માસિક આવક લગભગ ₹ ૧૦,૦૦૦/- થયેલી. જોકે આ ચોખ્ખી આવક ન હતી. તેમાંથી કંઈ કેટલાય જ્ઞાત-અજ્ઞાત ખર્ચાઓ થતા. આ તબક્કે હું મારા એ મુરબ્બીનો ખરા હૃદયથી આભાર માનું છું અને એ પણ જણાવી દઉં કે એ મુરબ્બી પણ મારા સંપર્કમાં હાલ છે જ.

જોકે આજે મારે અહીં એક ખાસ પ્રસંગ વિશે કંઈક લખવું છે. આ થોડો કડવો સ્વાદ છે, કડવાટ જાણીને મેં આ સ્વાદને માણ્યો છે માટે મને નુકસાન નહીં, પરંતુ ફાયદો જ થયો છે અને એ પણ આપણા ઉપર જ આધાર રાખે છે કે એ ઘટનાનું મૂલ્યાંકન આપણે કઈ રીતે કરીએ છીએ.

મારી વકીલાતના સમયગાળામાં મને અનેક અનુભવો થયા છે તેમાંનો આ એક ખાસ અનુભવ હું જે લખી રહ્યો છું તેની પૂર્વભૂમિકા રૂપે ખાસ સ્પષ્ટતા કરી લઉં કે કોઈની પણ માનહાનિ કે નીચા બતાવવા આ નથી લખતો, પરંતુ આ એક સત્ય ઘટના હોઈ અને એક વકીલે પોતાની વકીલાતના ક્ષેત્ર સિવાયની લલચાવનારી અને લોભાવનારી બાબતોમાં રસ ન લેતાં પોતાની જાત પર સંયમ રાખવો કેટલો અગત્યનો અને અનિવાર્ય છે તેવું મારા વકીલમિત્રોને જણાવવા જ આ પ્રકરણ આલેખું છું.

મારા એક નિકટના અસીલ કે જેનું બધું જ કામ હું કરતો હતો. અમુક ચોક્કસ કારણોએ અને તેમના ઉપકારોએ હું તેમની પાસેથી કોઈ ફી લેતો નહીં અને એ અસીલ પણ મને વકીલ કરતાં કંઈ કેટલાય નજીકનો, કુટુંબનો સભ્ય હોઉં તેમ ગણતા હતા. એ અસીલે મને એક અઘરું કામ સોંપ્યું.

મને કહ્યું કે અમારે એક જમીન વેચાણે રાખવી છે. એમ કહીને મને અમદાવાદ નજીકના એક ગામની બાજુમાં લગભગ ૫૧૦૦૦ વાર જમીન બતાવી અને કહ્યું આ જમીન વધુમાં વધુ ₹ ૩૦૦/- દર એક સમચોરસવારના ભાવે તો મળવી જોઈએ. અમારું નામ આપશો તો આ ભાવે નહીં મળે. મેં વિચારેલું કે એક વકીલનું આ કામ નથી, પરંતુ હું તેમના માટે માત્ર વકીલ નથી તેમનો હિતેચ્છુ અને સંબંધી પણ ખરો. આ ભાવનાથી મેં એ જમીનનો સોદો પાર પડે તે માટેના ચક્રો ગતિમાન કર્યા અને મને વારસામાં મળેલી કોઠાસૂઝથી મેં કામ શરૂ કર્યું. મને એ જમીન ₹ ૨૦૦/- પ્રતિ સમચોરવારના ભાવે મળી શકે તેવું વેચનારે વચન આપ્યું, એટલે ₹ ૧૦૦/- દર એક વારે મને વગર મહેનતે એમ જ મળે તેમ હતા, જે લેવાની લાલચ પણ એક ક્ષણ થઈ આવી હતી. (₹ ૫૧,૦૦,૦૦૦/- અંકે રૂપિયા એકાવન લાખ પૂરા, જેટલી રકમ થતી હતી) આજની તારીખે તેની કિંમત અંદાજે દસ કરોડની થાય, પરંતુ તુરંત જ એ બાબતમાં પડ્યા વગર મેં મારા એ નજીકના મિત્રને સત્ય જણાવી દીધું.

એ મિત્રે મને કહ્યું કે તમે કાયમ અમારી સેવા કરી છે. ક્યારેય મારી પાસેથી ફી લીધી નથી. તમારે બે દીકરી છે. આજે મારો વારો છે, કંઈક કરવાનો. આ જમીનમાં ત્રીજો ભાગ તમારો. અમે બે ભાગિયા છીએ અને તમે ત્રીજા. આમેય અમારે તો ₹ ૩૦૦/-ના ભાવે જ જમીન રાખવી હતી, તમે ₹ ૨૦૦/-માં લઈને ₹ ૩૦૦/-માં આપી હોત તો પણ અમને ક્યાં ખબર પડવાની હતી? અને અમને શો વાંધો હોત?

મેં તેમને સારું લગાડવા દેખાવ ખાતર ખોટી ખોટી આનાકાની કરી. અંદરથી મને પણ ત્રીજા ભાગની જમીન વગર મૂડીએ મફતમાં મળતી હોય તો લેવાની લાલચ ક્યાં ન હતી? પણ દેખાવ ખાતર જ હું ના ના કરતો રહ્યો. જેમ હું ના ના કરતો રહ્યો તેમ મને જમીનનો ભાગ આપવા એ મિત્ર દબાણ કરતા રહ્યા. અંતે મારી લાલચનો વિજય થયો અને હું વગર મૂડીએ ૫૧૦૦૦ વાર જમીનનો ત્રીજા ભાગનો ભાગિયો કાયદેસર બની ગયો.

એ જમાનામાં ૧૭૦૦૦ વાર જમીનનો માલિક એટલે કે ૩૪ લાખની લૉટરી લાગી હોય એવો આનંદ કેમેય રોકાય ખરો? પણ મારો એ આનંદ અલ્પજીવી જ પુરવાર થયો. મારું એવું નસીબ ક્યાંથી? મહેનત વગરનું આપણને ક્યારેય ક્યાં મળ્યું હતું?

મારી ધારણા પ્રમાણે એ બેમાંના એક સજ્જનના સુપુત્રે સજ્જનને કહ્યું હશે કે તમે દામાણીસાહેબ પાસેથી ચેકની રકમ તો લઈ લો. આપણે મફતની જમીન આપવાની અને ચેકના પણ આપણે જ કાઢવાના! આ તે કેમ ચાલે? તમેય પપ્પા બહુ જ ઉદાર છો. આમ ને આમ આપણું બધું જ લૂંટાઈ જશે. આવો કંઈક વાર્તાલાપ થયો હશે એ બાપ-દીકરા વચ્ચે તેવું મારું અનુમાન છે. મેં સાંભળ્યો નથી, પરંતુ એ મુરબ્બીએ મારી પાસે ચેકની રકમ માગેલી જે મેં તે મિત્રને એવું કહીને આપેલી કે બૉસ એ તો મારે આપવી જ જોઈએને! જોકે તે ચેક મેં કમને જ આપેલો.

છ-એક મહિના પછી એ મુરબ્બી અને તેમના સુપુત્ર વચ્ચે બીજો વાર્તાલાપ હું મારી કલ્પનાએ માની લઉં છું તે કંઈક આવો હોઈ શકે. પપ્પા, પપ્પા, દામાણીસાહેબે તમારો બહુ જ ફાયદો ઉઠાવ્યો છે. આટલું બધું આપવા કરતાં દરેક દસ્તાવેજના કામ પેટે ફીની ચુકવણી કરી હોત તો સારું હતું અને આ જમીનની દલાલી પેટે બે ટકા આપી દીધા હોત તો સારું થાત. કશો વાંધો નહીં, પણ તમે સાહેબને કહો કે આપણે આ જમીન સાથે વેચાણ કરવાની અને વેચાણ કરતી વખતે જે આપણું મૂડીરોકાણ થયું છે તેનું એક ટકો માસિક વ્યાજ ગણવાનું અને તે વ્યાજની રકમ આપણે લઈ લેવાની અને બાકીની રકમ આપણે સાહેબને આપવાની.

મારી પાસે આ વાર્તાલાપ આવી ગયો. મેં જવાબમાં કહ્યું કે, મુરબ્બી તમારી ભૂલ થાય છે. માત્ર વ્યાજની રકમ તમારા સુપુત્રે ન જ કહી હોય, તમે જે મારા માટે રકમ રોકી છે તે તથા તેના ઉપરનું વ્યાજ તમારે લેવાનું હોય અને તે મૂડી અને વ્યાજની રકમ બાદ કરતાં જે નફો થાય એ મારે લેવાનો હોય. મારી તીવ્ર બુદ્ધિમત્તાના એ સજ્જને ભારોભાર વખાણ કરેલાં. અરે! માત્ર વખાણ જ નહીં, પરંતુ એ સજ્જને મને કહેલું કે દામાણી મેં તો આ જ રીતે કંઈ કેટલાની જિંદગી બનાવી છે. જ્યારે તેં તો મારી સેવા કરી છે. તને તો ભગવાને બે દીકરી અને એક દીકરો આપ્યો છે. તારી દીકરીઓનાં લગ્નના સમયે આ નફાની મૂડી વપરાય તેવી મારી મહેચ્છા છે. મેં અને મારા સમગ્ર કુટુંબે એ સજ્જનનો આભાર માનેલો.

અત્રે એ જણાવી દઉં કે બીજો મિત્ર એટલે કે આ જમીનનો ત્રીજો ભાગિયો બહુ શાણો હતો. એ દરેક બાબતે મૌન રહી બીજાની હામાં હા કરતો હતો.

ત્યાર પછી એ સહિયારી જમીનનું અમે બધાની સહમતીથી વેચાણ કરવાનું નક્કી કર્યું ત્યારે એ સજ્જનના સુપુત્રે સંપૂર્ણ કારભાર અને જમીનનો વહીવટ સંભાળી લીધેલો હતો, પરંતુ પપ્પાના મિત્ર તરીકે હું ગણાતો હોઉં, મારી સાથે સીધી વાતચીતમાં એ ચક્રવર્તી સુપુત્ર ક્યારેય આવેલો નહીં. કમ્પ્યૂટરનો જાણકાર અને હિસાબનો પાક્કો એ ચિરંજીવ પડદા પાછળ મારા એ મુરબ્બી મિત્રને મારી સાથેના હિસાબકિતાબ અંગેના આંકડાઓ તૈયાર કરીને આપતો જ હતો.

હિસાબ કરવામાં કરોડપતિઓ બહુ જ ઇમાનદાર હોય છે. એ કોઈને વ્યાજે નાણાં ધીરે ત્યારે જે દિવસે ચેક લખે અને આપે ત્યારથી જ વ્યાજ ગણવાનું ચાલુ કરે અને પરત રકમ પોતાના ખાતામાં જમા થાય તે દિવસ સુધીના વ્યાજની ગણતરી થાય. જ્યારે મારા જેવી વ્યક્તિ સાથે વાત વાતમાં મૂડીરોકાણ થઈ ગયું હોય અને હવે બોલેલું પાછું ખેંચી શકાય તેમ ન હોય તેવા સંજોગોમાં આ શેઠિયાનો કમાઉ દીકરો વ્યાજની ગણતરી એવી જડબેસલાક કરી આપે એટલે બધું નુકસાન ભરપાઈ થઈ જાય.

મારી સાથે પણ કંઈક એવા જ પ્રકારની ગણતરી કરવામાં આવી. મારા માટે રોકેલી મૂડીનું માસિક વ્યાજ મૂડીમાં ઉમેરીને નવી મૂડી બનતી ગઈ અને એ નવી મૂડી ઉપર માસિક એક ટકા મુજબ વ્યાજ ગણતા ગયા અને તે ક્યાં પહોંચ્યા જાણો છો? વેચાણ કિંમતમાં મારા ભાગે જે રકમ આવતી હતી તેના કરતાં લગભગ ૧૦-૧૨ લાખ વધુ થયા! એટલે લેવાના દેવા પડી ગયા જેવો ઘાટ થયો.

જોકે મારા મુરબ્બીએ ફરીથી છોરું કછોરું થાય, પણ માવતર કમાવતર ન થાય તેવી લાગણીએ મારા પાસેથી વેચાણ કિંમતથી વધારાના વ્યાજની રકમ જતી કરેલી અને વધારામાં મને થોડી રકમ પણ આપેલી. જે મુરબ્બીએ આજદિન સુધી પરત માગેલી નથી. હું ખરેખર એ મહાન આત્માનો આજીવન ઋણી છું.

બાંકડા ગ્રૂપ

૨૩ મે, ૧૯૭૦ના દિવસે હું અમદાવાદ આવેલો. આ પ્રકરણમાં મારે જે પ્રસંગની વાત કરવી છે તે ૧૯૭૦થી ૧૯૭૩ના સમય દરમિયાનની હોઈ શકે.

શરૂઆતના દિવસોમાં હું મણિનગર મારા કાકાના ઘરે રહેતો હતો. મને કાકાની ઓળખાણથી નોકરી મળી હતી. નોકરીએ લાગ્યા પછી મેં કાકાના ઘેર રહેવાનું બંધ કરી અને હું કૉલેજની હૉસ્ટેલમાં રહેવા ગયેલો. હૉસ્ટેલમાં રહેતો છતાં રજાના દિવસોમાં હું મણિનગર આવતો-જતો અને એમ ને એમ થોડા સમય પછી મેં મણિનગરમાં ભાડાનું ઘર લીધેલું. મારી બહેન તે સમયે અમદાવાદ આવી ગયેલી.

મારું ભાડાનું ઘર અને કાકાનું ઘર બાજુ બાજુમાં જ હતાં એટલે મારી ઉંમરના છોકરાઓ સાથે મારી દોસ્તી જામી ગયેલી. જોકે એમાંના એક-બેના સંપર્કમાં હાલ હું છું, બાકીના દોસ્તો હવે મળતા નથી.

ભાડાના મકાનમાં ભાઈ-બહેન એકલાં જ રહેતાં હતાં એટલે મણિનગર ક્રૉસિંગ પાસે રાત્રે બધા મિત્રો સાથે ગપાટાસપાટા ચાલે. એ ગ્રૂપને અમે બાંકડા ગ્રૂપ કહીએ.

આ બાંકડા ગ્રૂપે મને ઘણું શીખવાડ્યું છે. અમે બાંકડા ગ્રૂપના મિત્રોએ ભેગા મળી આનંદમેળાનું આયોજન કરેલું. આ આનંદમેળો અમે એલ. જી. હૉસ્પિટલ પાસેના ખુલ્લા ગ્રાઉન્ડમાં કરેલો.

આનંદમેળામાં જુદા જુદા સ્ટૉલ પર મામૂલી રકમે વેચાતી ખાણીપીણી અને બીજી અન્ય ચીજવસ્તુની માઇક ઉપરથી જાહેરાત કરવાનું કામ મારા ભાગે આવેલું. આ કામથી જાહેરમાં વધુ માણસો સમક્ષ બોલી શકવાનો મહાવરો બનેલો.

અમે બાંકડા ગ્રૂપના મિત્રો રજાના દિવસે ક્રિકેટ, વૉલીબૉલ એવી રમતોય રમીએ. જરૂરી નાણાં ભેગાં કરવા માટે આનંદમેળા જેવાં આયોજનો આપોઆપ ગોઠવાઈ જાય.

પેલી નુક્કડ સિરિયલ આવતી હતી ને? તેના જેવા અમે બધા બિનધાસ્ત મિત્રો નવરાત્રીએ માણીએ અને હોળીયે રમીએ. બધું જ ચરમસીમાએ.

મને યાદ છે, અમારો એક ગોઠિયો ખેડાવળ બ્રાહ્મણ. મારો બેટો! હોળી રમવાથી બહુ જ ગભરાય અને ધુળેટીના દિવસે તે ઘરમાં જ પુરાઈ જાય. જોકે તેના પપ્પા અમારા પક્ષમાં હોય! અમને પાણી ચડાવે અને કહે

જોઈ શું રહ્યા છો, તોડી નાખો દરવાજો અને બહાર કાઢો પેલાને! એ છોકરી છે કે શું? અને અમારી વાનરસેના પછી શેની રોકાય? એ બ્રાહ્મણને પકડીને બહાર લાવીએ અને પછી ગંદી રીતે હોળીએ રમાડીએ. ધુળેટીના આગલા દિવસે રાત્રે હોલિકા પ્રગટાવવા એ બામણાના પિતાશ્રી તૂટેલા દરવાજા આપી જાય. મારે જે પ્રસંગની ખાસ વાત કહેવી છે તે આ નથી.

અમે રવિવારે ક્રિકેટ રમીએ. અમે બધા સ્વભાવે અને આદતે ખાસ પ્રકારના અને દરેકની કોઈ ને કોઈ અલગ પ્રકારની ખાસિયતો અને વળી બધા નોકરીવાળા. કોઈને ચાલુ રમતે પાન-મસાલો જોઈએ તો કોઈને બીડી-સિગારેટ! વળી કોઈક ચાનો બંધાણીયે હોવાનો અને ક્રિકેટની મૅચ જે અંદરોઅંદર ગોઠવી હોય ને તેમાં હારે એ ટીમે નાસ્તા-પાણીની રકમેય ચૂકવવાની નક્કી જ હોય.

અમારા આ રજવાડી શોખ જાહેરમાં થાય અને મૅચ જોવા અમારા પાડોશી કે સગાંવહાલાંના સમવયસ્ક છોકરાઓ આવેય ખરા. એ છોકરાઓ ઘેર જઈને અમારા રજવાડી શોખની ચાડી ન ખાય તે માટે અમે તેમને પણ આ રજવાડી શોખના સ્વાદ ચખાડી દઈએ.

આવી મૅચ દરમિયાન દુનિયાની મોટા ભાગની અંચાઈઓ બધા કરે જ. બૉલરના બૉલની સાથે સ્લીપના ફિલ્ડર પથ્થર સ્ટમ્પ ઉપર તાકે અને બેટ્સમૅન ક્લીન બોલ્ડ થયો હોય તો એ બૉલથી કે પથ્થરથી તેની ખબર કોને પડે? લેગ બિફોર માટે અમ્પાયરનો ચાર્જ આગલી રાત્રે નક્કી કરેલો જ હોય! એમાં મારામારી – ગાળાગાળીય થાય, પણ બીજે દિવસે રાત્રે મણિનગર ક્રૉસિંગ પાસેના બાંકડે આમાંની કોઈ વાત ઉધાર જ નહીં. કોઈના મનમાં કોઈ કડવાશ હોય જ નહીં. બધા બધું જ ભૂલી ગયા હોય. અને આ રીતે દુશ્મનાવટ કે મનની કડવાશ ભૂલવાની ટેવ બાંકડા ગ્રૂપની મહેરબાનીથી મને પડી.

હવે રમત દરમિયાન અમારા શાહી શોખો પૂરા કરવા માટે અમે પણ જૂના જમાનાનાં રજવાડાં અને બ્રિટિશરની રહેણીકરણીઓનું જ અનુકરણ કરેલું. અમારી સાથે એક મહેશ કરીને છોકરો હતો. હતો ઉંમરલાયક, પણ લાગે છોકરા જેવો. એ બાપડો દોડતો દોડતો જાય અને પાન, બીડી-સિગારેટ, તમાકુ, ચા-પાણી જેવી અમારી જરૂરિયાતો મૅચ દરમિયાન પૂરી વફાદારીથી અને ખંતપૂર્વક પૂરી પાડે.

મહેશે અમારા બાંકડા ગ્રૂપમાં આ અદાથી પ્રવેશ કરેલો. સૌપ્રથમ મૅચથી જે સેવાઓની તેણે શરૂઆત કરેલી એ બાંકડા ઉપર ત્યાર બાદ બહુ જ શિસ્તબદ્ધ રીતે વિસ્તરેલી. અમારા બાંકડા ગ્રૂપમાં એક મુખ્ય નેતા અને ઘણા બધા ઉપનેતા અને જે બચ્યા તે પણ નેતા તો ખરો જ, પણ ઉપનેતા પછીના નેતા.

હવે બાંકડે મુખ્ય નેતાની ગેરહાજરીમાં ઉપનેતાઓ પૈકીનો કોઈ એક મુખ્ય નેતા બની જાય અને જો તેનીય ગેરહાજરી હોય તો તેના પછીના ક્રમે આવનાર યુવાન નેતાની જેમ વર્તે. આ નેતાને વળી કરવાનું ખાસ નહીં, પણ એવો પ્રોટોકોલ કે કૅપ્ટન કે નેતા વગર દેશ જેમ ન ચાલે તેમ અમારું બાંકડા ગ્રૂપ પણ ન ચાલી શકે. અમે રાત્રે બાંકડે બધા ભેગા થઈએ ત્યારે અમારાં મુખ્ય કામો:

એક કે દેશના વર્તમાન વડાપ્રધાન અને તેની સરકાર તેમ જ ગુજરાતના વર્તમાન મુખ્યપ્રધાન અને તેની સરકારે રાજ્ય કેમ ચલાવવું જોઈએ તેની ચર્ચાઓ ખુલ્લા મને અમારી મૂળ ભાષા અને શૈલીમાં કરીએ. અમારી મૂળ ભાષા સુરતની ભાષાને બહુ જ મળતી આવે.

બીજું કામ, આંતરરરાષ્ટ્રીય ક્રિકેટ મૅચોમાં જે ખેલાડીનું પર્ફોમન્સ સારું ન હોય કે જે દેશ મૅચ હારતો હોય તે બધી બાબતોનું વિશ્લેષણ કરવાનું. આ દરમિયાન થોડી મારામારી – ગાળાગાળી અને ત્યાર બાદ રાત્રે ઊઠીને ઘેર જઈએ.

આ ચર્ચાઓ એટલી નિખાલસતાથી તથા હળવા મને થાય અને બાંકડાના તમામ મહારથીઓનાં અને ચર્ચામાંનાં મંતવ્યોને આજે વાગોળીએ તો આપણને જાણવા મળે કે આપણામાં આવેલી તટસ્થતા જે છે તે અને પ્રશ્નોનાં યોગ્ય પરિક્ષણો અને વિચારો કે જે મારી આજ સુધીની જીવનયાત્રામાં મને જે સફળતા મેળવવા કામે લાગ્યાં છે, તેના પાયામાં બાંકડે તે સમયે થયેલી ચર્ચાઓ હોય તેમ મારું માનવું છે.

આનંદમેળાનું આયોજન કરવું કે રાજકીય અને આંતરરાષ્ટ્રીય મૅચોની ચર્ચા પૂરતું આ બાંકડા ગ્રૂપ સીમિત નહોતું. ગ્રૂપનો કોઈ પણ સભ્ય, કોઈ પણ કુદરતી તકલીફમાં આવે, બીમાર પડે કે તેવા મિત્ર કે તેના સગાંને તાત્કાલિક લોહીની જરૂર પડે ત્યારે અમે બધા સાથે ખભેખભા મિલાવીને ઊભા જ હોઈએ.

આ બાંકડા ગ્રૂપના મિત્રોમાંથી મને પેલો મહેશ ઘણી વાર યાદ આવી જાય છે. જ્યારે મારે મણિનગર છોડીને પાલડી રહેવા આવવાનો સમય થયો તેના એક વર્ષ પહેલાં મહેશ અમારો મુખ્ય નેતા હતો અને મોટા ભાગે બધા જ તેના હુકમોનું પાલન કરતા.

આ ટી-બૉય મહેશથી શરૂ થયેલી તેની વિકાસયાત્રામાં સૌપ્રથમ બાંકડા ગ્રૂપના સભ્ય તરીકેની તેની સર્વાનુમતે નોંધણીથી શરૂ કરીને તે જે એક પછી એક પગથિયા ચડતો ગયો અને બાંકડા ગ્રૂપના મુખ્ય નેતાપદે સ્થાપિત થયો ત્યાં સુધીની વિકાસની યશોગાથા જો હું અહીં લખું તો કદાચ એક નવલિકા જરૂર થાય. એ વળી કોઈક વાર, પણ મહેશને મેં મારો લાઇફ ટાઇમગુરુ માનેલો છે.

તમારે જીવનના કોઈ પણ ક્ષેત્રમાં આગળ વધવું હોય તો કોઈ પણ કક્ષાના કામને ખંતપૂર્વક કરવું જોઈએ. તેમાં મારાથી આ કામ ન થાય અને પેલું કામ હું કરું? આવો અહમ્ અને અકડાઈઓ વિકાસમાં બહુ જ અવરોધક બની શકે તે મને મહેશે શીખવાડ્યું છે.

હક્કનું પહોંચે

આજીવિકા મેળવવા આપણે જે મહેનત કરીએ છીએ તેના ફળસ્વરૂપે જે મહેનતાણું મળે છે તે ઘણી વાર ઘણું જ વધારે મળી જતું હોય છે અને ઘણી વખત કરેલી મહેનત વ્યર્થ પણ જતી હોય છે. આવું થતું હોય છે ત્યારે આપણને એમ લાગે છે કે આવું કેમ થતું હશે? શું કારણ હશે આનું?

ચલો ભાઈ, માની લઈએ કે નસીબ જેવુંય કંઈક હશે. આપણા નસીબમાં હોય તો વગર મહેનતે પણ આપણને માગ્યા કરતાંય ઘણું વધારે મળે અને નસીબમાં ન હોય તો ગમે તેટલી મહેનત કરીએ તો પણ બે છેડા કેમેય ભેગા ન થાય.

હવે ઘણા લોકોને જીવનમાં આ બંને પ્રકારના અનુભવો થયેલા હોય એટલે કે પોતાના ખરાબ સમયે કાળી મજૂરી કરેલી હોય અને મહેનતાણામાં માંડ બે ટંક પૂરતું મળ્યું હોય અને પછી એવોય સમય આવ્યો હોય કે જેમાં ખાસ મહેનત ન કરી હોય, પણ જરૂર કરતાં કાંઈ કેટલાય ઘણું વધારે પ્રાપ્ત થયું હોય. મારા જીવનમાં પણ આવું બન્યુ છે.

એક સમય મેં એવો પણ જોયેલો છે કે મેં સતત કામ કરે રાખ્યું હોય અને મારી જરૂરિયાત પૂરી થાય તેટલું માંડ મળ્યું હોય. જોકે એ સમયે એવું ન જ બન્યું હોય કે એ સમય દરમિયાન મેં મારી હેસિયતથી વધુ ખર્ચા કરી નાખ્યા હોય અને કાયમ દેવાદારની સ્થિતિમાં જ હોઉં અને મને નાણાંની તૂટ પડતી હોય, પણ મેં ગમે તેટલી મહેનત કરી હોય, છતાં મને મારી મૂળભૂત જરૂરિયાતમાં ઘટ જ પડ્યા કરેલી.

મારા જીવનનો આ તબક્કો મારી પ્રેમાળ પત્નીના સહયોગથી પસાર થઈ ગયો. પછી એક એવો પણ સમય આવ્યો જેમાં મને જરૂર જેટલી આવક, કરેલી મહેનતના મહેનતાણા સ્વરૂપે મળી હોય અને ત્યાર પછી એવોય તબક્કો જોયો છે કે જેમાં મહેનત કરતાં વધુ મહેનતાણું જે મારી જરૂરિયાત કરતાં પણ થોડું ઘણું વધુ હોય તે રીતે મળેલું છે. જોકે તેવાં વધારાનાં નાણાંથી જરૂરિયાતો વધવા સિવાય બીજું થાય શું?

મારે આજે આ પ્રકરણમાં મળેલું મહેનતાણું કેટલું એની વાત નથી કરવી, પરંતુ એ મળેલા મહેનતાણામાંથી આપણને પહોંચે કેટલું? એ વાત કરવી છે.

પહોંચે એટલે? અરે! આપણને મહેનતાણા સ્વરૂપે જે મળે તે તમામ આપણને જ મળે, આપણને પહોંચ્યું ના ગણાય? ના, મારા મતે ના.

પહોંચ્યું એટલે કે એ મહેનતાણા સ્વરૂપે મળેલાં નાણાંનું ઉપાર્જન આપણા વ્યવહારમાં કેટલું કામમાં આવ્યું.

ઉનાળાની ગરમીથી પાણીની તંગી ઊભી થાય અને તીવ્ર તંગી અનુભવ્યા પછી સારો વરસાદ થાય અને જાણે ફરીથી વરસાદ પડવાનો જ નથી એમ માનીને પાણી ભેગું કરવા માંડીએ પણ એમાંથી આપણા વાસણમાં કેટલું ભેગું થયું અને કેટલું વ્યર્થ વહી ગયું? આ વાસણમાં જે ભેગું થયું એ આપણને પહોંચ્યું ગણાય. નાણાંનું પણ આવું જ હોય ને? આપણા જીવનમાં સદુપયોગમાં આવે તે નાણાંનું ઉપાર્જન આપણને પહોંચ્યું ગણાય.

આવો એક પ્રસંગ મારા જીવનમાં બની ગયો. જે મને લાગે છે કે મારે મારી સ્મરણકથામાં સમાવવો જોઈએ અને એટલે આ પ્રસંગ ટૂકમાં અહીં લખેલો છે.

મેં મારી કારકિર્દી શરૂ કરી તેના બીજા દસકાએ હું ટૅક્સ્ટાઇલ મિલમાં નોકરી કરતો હતો અને અમારા મિલ એજન્ટની અંગત મિલકતોનાં દફતરો સંભાળતો હતો. આમાં મિલની એસ્ટેટ અને મિલ એજન્ટોની એસ્ટેટના રોજબરોજના વહીવટ, તેના મહેસૂલની ચુકવણી કે કોઈ મિલકત ભાડે આપી હોય તો ભાડાનાં નાણાંની ઉઘરાણી વગેરે વગેરે કાર્યો મારા ભાગે આવતાં.

એસ્ટેટ મૅનેજમેન્ટમાં કોઈ વખત નવી મિલકત વેચાણે રાખવાનું કામ હોય. જેમાં ભાવ નક્કી કરવાનું મારા ભાગે ન આવે, પણ વેચનારની ઓળખાણ કરાવવાનું અને વેચનારની મિલકત મારે જોવા જવાની, પછી શેઠને બતાવવાની. આ કામ મારે કરવાના હોય.

આવા એક સમયે મેં મારા શેઠ માટે એક ખાનગી જમીન જોઈ. પછી શેઠને બતાવી અને ખેડૂતની ઓળખાણ શેઠ સાથે કરાવી. શેઠે તે ખેડૂત સાથે ખેતીની જમીન વેચાણે રાખવા માટેના ભાવતાલ વગેરે નક્કી કરી લીધા. કઈ રીતે નાણાંની ચુકવણી કરવાની વગેરે બાબતો શેઠ અને ખેડૂત સાથે સીધેસીધી ગોઠવાઈ ગઈ.

ત્યાર બાદ તે સમયના અમદાવાદના ખ્યાતનામ જમીનના વકીલના બંગલે આ ખેડૂતને લઈ જઈ જમીનના તમામ ટાઇટલ ક્લિયર અને માર્કેટેબલ છે તેની ખાતરી કરાવી અને શેઠના નામે જમીનનો કાયદેસરનો દસ્તાવેજ કરાવવા સુધીના કામ ખૂબ જ ખંતપૂર્વક મેં પૂરાં કર્યાં.

તમામ કામ પૂર્ણ થયાં પછી પેલા ખેડૂતે મારો અંતઃકરણથી આભાર માન્યો અને મને તે સમયે એક કવર આપ્યું. તેમાં અંદાજે ૩૦થી ૩૫ હજાર રૂપિયા હશે. મેં કહ્યું કે, ભાઈ આ શા માટે? મને ખેડૂતે જણાવ્યું કે હું ખેતી કરતો ખેડૂત નથી. હું જમીન લે-વેચનો ધંધો કરું છું અને આ જમીનમાં મને

ઘણો મોટો નફો થયો છે, તો આ રકમ તને દલાલી પેટે ચૂકવું છું. તું રાખી લે.

સાચું કહું? મને તે સમયે રૂ. ૨,૫૦૦/- માસિક પગાર અને ૮% બૉનસ (વાર્ષિક) એટલી રકમ મળતી હતી. આ દલાલીના ૩૦-૩૫ હજાર રૂપિયા મારી બૉનસ સાથેની બાર મહિનાની આવક જેટલી રકમ થતી હતી એટલે તો ભાઈ આપણે રાજી રાજી થઈ ગયેલા અને કંઈ આનાકાની કર્યા વગર એ રકમ ગજવામાં ઘાલીને એય ભાઈ રાજી રાજી થતા ઘેર આવ્યા.

આ જ સમયગાળામાં સંયુક્ત કુટુંબમાંથી હું રાજીખુશીથી અલગ થયેલો હતો. નાણાંની તીવ્ર જરૂરિયાતના સમયે આ રકમની શી કિંમત હોઈ શકે? મારી ખુશીનો પાર ન હતો. અંતરથી આનંદના લહેરકાઓ ફરકતાહતા. હું એ આનંદની પળોનું વર્ણન કરી શકતો નથી.

ઘેર પહોંચીને મારી ધર્મપત્નીને મેં આ કવર હાથમાં આપ્યું અને કહ્યું, "બૉસ! જો કવર ખોલીને, જો તો ખરી? ગાંડી થઈ જઈશ. આનું તારે જે કરવું હોય એ કરજે."

માનવીનાં નસીબ ખરાં કોને કહેવાય? એ ખરાં નસીબની વાત કરવા માટે જ આ સાવ સામાન્ય પ્રસંગ અહીં લખ્યો છે.

કવર ખોલ્યા પછીય મારી પત્નીના ચહેરા ઉપર ભાવ બદલાયા ન હતા. એ જરાય ખુશ ન હતી. જોકે દુઃખી પણ ન હતી. મને માત્ર એટલું જ કહ્યું, "તું મિલમાં નોકરી કરે છે કે જમીનની દલાલી?"

"નોકરી જ સ્તો." મેં કહેલું.

"તો પછી આ રકમનો હક્કદાર તું ક્યાંથી થયો? તેં જે કામ કર્યું તે તારા ઑફિસના સમયમાં જ કર્યું ને? અને તેનું મહેનતાણું તો શેઠ તને દરેક દિવસનું, દરેક મહિને ચૂકવી દે છે. એટલે આ રકમના હક્કદાર કાં તો તારા શેઠ બને અને નહીંતર આ રકમ પેલા ખેડૂતને પરત કરી દે. આપણે નથી જોઈતી. આ રકમ આપણને નહીં પહોંચે!"

અને બહુ વિચારીને અંતે તે કવર ખેડૂતને પરત થઈ ગયું. આજે હું સુખેથી જીવન જીવી રહ્યો છું. તેના કંઈ કેટલાંય કારણોમાં મારા મતે સૌથી અગત્યનું અને પાયાનું કારણ મારી પત્ની, કારણ કે નાણાં મળવાં અને નાણાં પહોંચવાં તે તત્ત્વજ્ઞાન મારી પત્ની તરફથી મને શીખવા મળ્યું છે.

બાકી મને તો આવા કંઈ કેટલાય પ્રસંગોમાં મારી ધારણા કરતાં અને મારી મહેનત કરતાં ઘણાં વધારે નાણાં મળવાના પ્રસંગોમાં મારી ધર્મપત્નીએ કાયમ એક સાચા! મિત્રની હેસિયતથી મને ન પહોંચે તેવાં નાણાં ઘરમંદિરમાં ન પ્રવેશે તેના માટે માત્ર ચેતવ્યો જ છે એટલું જ નહીં, પણ જરૂર પડે તો લગામ પણ રાખી છે. એ નાની શી પણ તત્ત્વજ્ઞાનથી ભરેલી વાત મનોગતના આ પ્રકરણમાં.

ધર્મસંકટ

જીવનકાળ દરમિયાન આપણી સાથે ઘણા એવા બનાવો બને છે કે જેનું સ્મરણ આપણાથી અનાયાસે થઈ જાય. આપણે ભલે ભગવાનના અસ્તિત્વમાં જુદી જુદી રીતે શ્રદ્ધા ધરાવતા હોઈએ અને આપણે કોઈ ચમત્કારથી કશુંક અચાનક સારું કે ખરાબ થાય તેમાં ન માનતા હોઈએ અને કર્મના સિદ્ધાંતને જ સર્વોપરી ગણતા હોઈએ, એ સમયે જે ચમત્કારો આપણે જોયા ન હોય અને માત્ર સાંભળ્યા જ હોય, આ સ્થિતિએ આપણાથી એવા પરમાત્માના વહીવટમાં શ્રદ્ધા શેં બેસે?

જોકે આપણા ખુદના જીવનમાં કોઈક એવો પ્રસંગ બને અને અચાનક આપણી માન્યતા સમૂળગી બદલાય. ગમે તેવું મક્કમ લાગતું આપણું મનોબળ સાવ નબળું પડે.

વિમાનમાર્ગે લાંબી મુસાફરી કરતા હોઈએ કે ક્રૂઝ મારફતે દરિયામાં આઠેક દિવસના પ્રવાસે હોઈએ ત્યારે કોઈક વખત એવી ક્ષણ આવે કે જાણે આપણે મર્યા જ સમજો અને તે ક્ષણે આપણને લાગે કે કોણે બચાવ્યા હશે? જો પરમાત્મા જેવું કશું જ ન હોય તો આ કઈ શક્તિ અચાનક કામે લાગી કે મોતનો કોળિયો થતાં આ રીતે બચી શક્યા?

આ અને આવા કેટલાયે પ્રસંગો આપણા જીવનમાં બનતા હોય છે. આવો જ એક પ્રસંગ મારા જીવનમાં બનેલો, જે મારે અહીં વાચકો સાથે માણવો છે.

માણવામાં મને દેખીતો ફાયદો લાગે છે, જોકે આ પ્રસંગ મોતના મુખમાંથી ચમત્કારિક રીતે બચીને હું પાછો ફર્યો હોઉં તે મુજબનો હરગિજ નથી, પણ મારી લાંબી વ્યાવસાયિક કારકિર્દીમાં બનેલો એક પ્રસંગ જ છે.

સ્થાવર મિલકતોના વેચાણવ્યવહારોનું કામ હું ઘણાં વર્ષોથી કરતો આવ્યો છું. મારી પાસે કામે આવતા અસીલોના નસીબે મને સફળતાઓ વધારે મળી છે અને કોઈક ક્ષણે પાધરું ન ઊતર્યું હોય તેની બહુ ચર્ચાયે કોઈ સાથે હું કરતો નથી. બીજા સાથે સફળ કામોની માંડીને વાર્તાઓ કરું! જેથી નવા અસીલો મળે અને મને કામ સોંપવાની તેમને પ્રેરણા થાય.

પણ આ પ્રસંગ મારી અસફળતાનો જ ગણી શકાય! વાત એવી હતી કે એક ડૉક્ટરસાહેબનો પોશ વિસ્તારમાં બંગલો હતો. ડૉક્ટરસાહેબ હતા ઉંમરલાયક, એંશી વટાવી ચૂકેલા. એમની એક દીકરી જે દિલ્હી, ઉત્તર ભારતીયને પરણી હતી, તેણે મારો સંપર્ક કરેલો.

આ દિલ્હીસ્થિત દીકરી તે ડૉક્ટરસાહેબની બીજી પત્નીની મોટી દીકરી. ડૉક્ટરની પ્રથમ પત્નીનું વર્ષો અગાઉ અવસાન થયેલું. પ્રથમ પત્નીને એક દીકરો હતો. કુટુંબ સુવિખ્યાત હતું અને એક સમયે ડૉક્ટરની પ્રેક્ટિસ પણ પુરબહારમાં ચાલતી હતી. એ સમયે સ્વર્ગસ્થ પત્નીની નાની બહેન સાથે ડૉક્ટર ફરી પરણ્યાં અને એ બીજી પત્નીથી ડૉક્ટરને બે દીકરી થયેલી, જેમાંની મોટીની મેં અગાઉ વાત કરી અને નાની કોઈ પંજાબીને પરણેલી. પ્રથમ પત્નીનો દીકરો પરણીને પોતાના કુટુંબ સાથે અમેરિકા સ્થિર થયેલો.

બીજીને કાંઈક માનસિક બીમારી હતી અને કોણ જાણે કેમ, આખુંય હસતુંખેલતું ગર્ભશ્રીમંત કુટુંબ કારણ વગર કાળના ચક્રાવાતમાં ફસાઈ ગયેલું. બાળકો મોટાં થઈને તેમનાં પરિવાર સાથે અલગ રહેતાં હતાં. જૈફ ઉંમરના ડૉક્ટર અને બીજવરની વહુ વચ્ચે ઉંમરમાં તફવતેય ખાસ્સો હતો. એના કારણે જે કંઈ પ્રશ્નો સામાન્યતઃ ઊભા થતા હોય છે તેવા અહીં પણ હતા.

માનસિક તકલીફના કારણે આ સ્ત્રીએ પતિ સામે રીતસરનું યુદ્ધ જ શરૂ કરી દીધેલું. પતિ જે કરે તેનાથી વિરુદ્ધ વર્તન કરવું તેમ જાણે તે બીમાર સ્ત્રીએ નક્કી જ ના કરી રાખ્યું હોય! હવે જે પોશ વિસ્તારમાં બંગલો હતો તે ડૉક્ટરે આ નવી સાથે જૉઇન્ટ નામે ખરીદ કરેલો. ધોળકા પાસે મોટું ફાર્મ હાઉસ પણ લીધેલું.

આ બીજીએ પોતાના ભાગની સહિયારી મિલકતોના તમામ વહીવટ કરવાનું એક રબારીને લખી આપેલું અને વળી એક ત્રાહિતને પોતાના ભાગની વગર વહેંચાયેલ અર્ધા ભાગની બંગલાની મિલકતના વેચાણકરારોયે કરી આપેલા. જોકે ગૌપ્રેમી રબારીએ તો દૂધના વેચાણથી થયેલી આવકમાંથી આ બીજીને થોડી ઘણી હાથખર્ચી પણ ચૂકવેલી. વળી તેવા કહેવાતા કરારમાં આ શ્રીકૃષ્ણ ભગવાનના બાળગોઠિયાને વેચાણ અવેજની તમામ રકમ મળી ગયેલી છે તેવી પહોંચોયે પેલી ભલી બાઈએ કરી આપેલી.

આવા બધા ગૂંચવાડા સાથે આ બીજીની દિલ્હીસ્થિત મોટી દીકરીએ આ કોકડું ઉકેલવા મારો સંપર્ક કરેલો, સાથે જૈફ ઉંમરના ડૉક્ટર, તેના પિતા પણ આવેલા.

આ ડૉક્ટરોયે વળી પોતાના વ્યવસાયમાં સફળ થાય એટલે નાણાંના ઢગલા કરવા માંડે અને ત્યાર પછી લોકોના શરીરના રોગો મટાડતાં મટાડતાં એવા અભિમાની થાય કે જાણે પોતે બીજો કોઈ પણ ધંધો કેમ ન કરી શકે?

આ અમારા અસીલે પણ ડૉક્ટરી ઉપરાંત બીજા ક્ષેત્રમાં નાના જમાઈ સાથે હાથ અજમાવેલો અને એક લિમિટેડ કંપની બનાવેલી અને એમાં કંઈ

કેટલાયની નાણાકીય જવાબદારીને કારણે ડૉક્ટરસાહેબ ઉપર ફોજદારી ફરિયાદો અને પકડ વૉરંટોયે બજેલા. જ્યારે નાનો જમાઈ વળી પરદેશગમન કરી ગયેલો.

આ બધું જ મને મોટી દીકરીએ ખુલ્લંખુલ્લું એટલા માટે જણાવેલું કે એ બાપડીએ મારા માટે કોઈક પાસેથી એવું સાંભળેલું કે આવા પ્રશ્નોના નિરાકરણ માટે હું નામી છું.

જરૂરી વકીલાતનામામાં સહીઓ કરાવીને મેં અમુક ચોક્કસ ફીની રકમ નક્કી કરી, મારા અભિયાનની શરૂઆત કરી. મેં એક જાહેર નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ કરાવી. આ મિલકતમાં મિલકતના માલિકો સિવાય અન્ય કોઈના હક્ક, હિસ્સાઓ માટે રબારી અને કરાર કરાવી લેનારની તો મને ખબર હતી, પણ આ સિવાયના બીજા કોઈ હોય તો.

મારી જાહેર નોટિસના અનુસંધાને ઘણા વાંધાઓ આવ્યા. જેમાં સૌથી અગત્યનો અને આધારભૂત વાંધો આ ડૉક્ટરની પહેલી પત્નીના સુપુત્રનો કે જે અમેરિકા સ્થાયી થયેલો હતો, તેનો જ હતો. તેના વકીલ મારફતે, આ પહેલીના દીકરાનો વકીલ મારો ઓળખીતો હતો. ખૂબ જ પવિત્ર અને ઉંમરલાયક. હું એ વડીલ વકીલને કાયમ ગુરુ જ કહું. જોકે તેમનું કાર્યક્ષેત્ર દીવાની અદાલતનું. મારા ઓળખીતાના કેસો પણ હું એમને ત્યાં જ મોકલું. બહુ જ પવિત્ર વકીલ. કોઈનો કાણો પૈસોય ન સ્વીકારે. વાંધો મજબૂત હતો. સિવિલ કોર્ટમાં દાવોયે કરેલો હતો, પણ વકીલસાહેબ ખૂબ વ્યવસ્થિત હતા, તેથી આ ગાંઠ ઉકેલી લેવાશે તેવો આત્મવિશ્વાસેય હતો.

બીજા ઘણા વાંધાઓ આવેલા જેમાંના આ મિલકત સંબંધી ન હોય અને ધંધાકીય લેતીદેતીના હોવાથી તે અમે સહજતાથી સૂલટાવી શકીએ. મેં પણ એવું જ કર્યું.

ત્યાર પછી પેલા શ્રીકૃષ્ણના કહેવાતાં બાળગોઠિયાએ વળી બુદ્ધિપૂર્વક વાંધો રજૂ કર્યો. એમાં મુખત્યારનામાથી કરેલા વેચાણવ્યવહારોયે બીડ્યા અને વળી એવા કહેવાતા વેચાણ રાખનારાએ પણ વાંધાઓ રજૂ કર્યા અને તેમાં ડૉક્ટરની પત્નીએ ચૂકતે નાણાં સ્વીકાર્યાની સહી કરીને આપેલી પહોંચોયે બીડી.

આ બધું બહુ જ અઘરું હતું, જે દીવાની કોર્ટમાં કેસ કરીને નિકાલ લાવવાનો પ્રયત્ન કરીએ તો મારો દીકરો અને કદાચ એને દીકરો આવે તો એ પણ આ જ કેસ કોર્ટમાં ચલાવે તેટલો સમય થાય. આ કારણથી મને બીજો માર્ગ લેવાનું સૂઝ્યું.

આપણે કાયમ પોલીસ બાબતે સારા અભિપ્રાયો ધરાવતા હોતા નથી, પણ એવું ક્યાં કાયમ બને છે? એ સમયે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં એક

કાનાણી કરીને ઇન્સ્પેક્ટર હતા. બહુ જ સુવિખ્યાત હતા. કર્મયોગીયે જબરા અને હિંમતવાળાયે જબરા. ભલભલા ગુનેગારોને ચપટી વગાડતામાં સીધા કરે. અમે તો પહોંચી ગયા પોલીસ સ્ટેશન. જોકે મારા અસીલ પણ ગુનેગાર અને નવરંગપુરા પોલીસ સ્ટેશનના રેકર્ડમાં ભાગેડુ. ઇન્સ્પેક્ટર કાનાણી બધી રીતે મદદ કરવા તૈયાર, પણ કાયદાનો ભંગ કરીને હરગિજ નહીં. પ્રથમ તો ડૉક્ટરને કહ્યું કે આ ઇન્સ્પેક્ટર ઉપર ભરોસો મૂકવા જેવો છે અને તમારી સામે જેણે ફોજદારી ફરિયાદ કરી છે તેનાં નાણું તમારે ચૂકવવા પડે. છે તમારી તૈયારી? સૌપ્રથમ તમારી ઉપરનું ભાગેડુનું લેબલ હટાવવા માટે કાયદેસર તમારી ધરપકડ થવી જ ઘટે.

ડૉક્ટર અને તેમની દીકરીને વળી મારી વાત વાજબી લાગી. કાનાણીસાહેબે ધરપકડ કરી અને મોકલી આપ્યા જેલમાં. બીજે દિવસે કોર્ટમાં રજૂ કર્યા. લેણિયાતે નાણાં મળ્યાનું કબૂલ્યું અને તેમની ઉંમર અને ડિગ્રી વગેરે જોતાં જામીન મળવાપાત્ર લાગ્યા અને ડૉક્ટરને જામીન મળી ગયા. શરૂ શરૂમાં આ મારો અભિગમ ડૉક્ટર અને તેની દીકરીને નહીં સમજાયેલો, પરંતુ પછી ડૉક્ટરે મારો ખૂબ જ આભાર માનેલો. એવું કહીને કે હવે તો હું અમદાવાદ છાનો છાનો નહીં આવું. કાયદેસર આવી શકીશ.

હવે ઇન્સ્પેક્ટર કાનાણીસાહેબે એક વ્યવહારકુશળ નાગરિકની ફરજ સમજીને ત્રીજું નેત્ર ખોલ્યું. વળી અમને પણ કહ્યું કે જો આ મકાનની યોગ્ય બજારકિંમત તમને મળી જતી હોય તો મકાન છોડવા તૈયાર છો? ડૉક્ટરની નાણાંભીડ અસહ્ય હતી. ઉંમરેય એંશી વટાવી ચૂકેલા એટલે બીજો રસ્તો પણ ન હતો. આ ઇન્સ્પેક્ટરસાહેબે પેલા કરાર હોલ્ડર અને રબારી સાથે સમાધાન કરાવીને ડૉક્ટરસાહેબની વૃદ્ધાવસ્થા સુખેથી પસાર થાય અને બંને દીકરીને પણ મોટી રકમ મળે તેટલી અને વળી બજાર કિંમતની રકમ સમભવતું સમાધાન કરાવી આપ્યું. પેલા કરારવાળો, નામ હતું દીપક પટેલ. તે રાજી એટલે થયો કે તેના મિલકતના તમામ ટાઇટલ ચોખ્ખાં થાય.

બધાં ટાઇટલ ચોખ્ખાં તો ત્યારે જ થાય કે જ્યારે ડૉક્ટરના અમેરિકાસ્થિત સુપુત્ર દીવાની કોર્ટનો દાવો પરત ખેંચે. આ દીકરો પણ ખૂબ જ ડાહ્યો હતો. એ બિચારો તો બાપની ચિંતા કરતો હતો અને છેલ્લે માત્ર ૧૫ લાખ લઈને સમાધાન કરવા તૈયાર થયો. આ પંદર લાખ કોણ ચૂકવે?

અંતે વેચાણ રાખનાર ચૂકવે તેમ નક્કી થયું. વેચાણ રાખનાર દીપક પટેલે એ પૈકી ૭.૫૦ લાખ રોકડ ચૂકવી પણ દીધા. પેલા ગુરુ વકીલે મારા પર વિશ્વાસ રાખીને કોર્ટમાંથી કેસ પણ પાછો ખેંચી લીધો અને મિલકતનો વેચાણવ્યવહાર પૂર્ણ થયો.

પણ હું મુક્ત કયાં થયો હતો? મારી જવાબદારી હતી, બાકી ૭.૫૦ લાખ રૂપિયા દીપક પાસેથી મેળવી ડૉક્ટરના દીકરાને ગુરુ વકીલ મારફતે

ચૂકવવાની. અમે વકીલોયે ઘણી વખત એકબીજાના વિશ્વાસમાં સહીઓ કરાવતા નથી હોતા.

જોકે આમ ન કરવું જોઈએ, પણ શું થાય? અમે વકીલે ખરા અને માણસેય ખરાને? આવા કાંઈક વિશ્વાસે અમેય કે અમારામાંના વકીલ મિત્રો કોઈક વખતે મોટી જવાબદારીમાં આવી જઈએ છીએ. અમારા ઉપર પણ બાર કાઉન્સિલ નામની સંસ્થાનાં નિયંત્રણો હોય અને અમારા સામે ત્યાં ફરિયાદો થાય તો વળી અમારેય ભોગવવું ભારે પડે. દીવાની ફોજદારી કોર્ટોમાંય અમારા સામે અસીલોય ફરિયાદ કરે. મારા સામેય ફરિયાદો થયેલી છે તે વિશે વળી ફરી ક્યારેક.

અહીં તો પેલા સાડાસાત લાખ દીપક પટેલ પાસેથી લઈને ગુરુ વકીલને પહોંચતા કરવા આટલું કામ બાકી. આમ તો દીપક પટેલ ભાયડો બોલેલું પાળે એવો જ, પણ કોણ જાણે લગાતાર ત્રણ-ચાર વરસથી દરેક અઠવાડિયાની મારી નિયમિત ઉઘરાણીથી પણ એ નાણાં ન ચૂકવી શકેલો. ગુરુ વકીલ પણ ફોન કરીને જબરા કંટાળેલા. ઉંમરલાયક વકીલ મને ફોન કરે અને હું શરમથી મરું મરું થાવ. કોઈક વખત ફોન પણ ન ઉપાડું. વળી કોઈક વખતે એમ કહું કે હું મિટિંગમાં છું, પછીથી ફોન કરું છું. કેટલું ખોટું બોલું? એની પણ હદ હોય ને? હું મારા ગુરુ વકીલ અને પેલા ડૉક્ટરના દીકરો એવો તો ગૂંચવાઈ ગયા કે મારા ગુરુમિત્રને મારા ઉપર શંકા ગઈ કે મેં નાણાં લઈ લીધાં છે અને હું વાપરી ગયો છું અને હવે ગલ્લાંતલ્લાં કરું છું. આવું એ કેમ ન માને? માને જ ને. કારણ કેટલું બધું મોડું થઈ ગયું હતું? વળી ડૉક્ટરના દીકરાએ એ મકાન ઉપર કોઈકને મોકલેલો અને દીપક તાકડે ઘેર નહીં અને ઘરની સ્ત્રીએ વળી જણાવી દીધું કે અમે તો દામાણી વકીલને ચૂકતે આપ્યા જ છે! અમારે કશું જ આપવાનું બાકી નથી. થઈ રહ્યું.

ગુરુ વકીલે હવે બધી શરમ નેવે મૂકી એક બાપની લાગણીથી મારો જબરો ઊધડો લીધો. મેં મારી પત્ની સાથે વાત કરી અને નક્કી કર્યું કે આવતી કાલે સોમવારે આ નાણાં ગમે ત્યાંથી વ્યવસ્થા કરીને આપણે જ ચૂકવી દેવાં. જોકે ચેકથી ચૂકવવાં એટલે ખર્ચમાં મજરે મળે એટલા તો ખચે?

રવિવારે સવારે ગુરુ વકીલ ઘેર આવ્યા. એમના ચહેરાના ભાવે મને સો ટકા ગુનેગાર ઠરાવી દીધેલો. નાણાં ચૂકવું તોય હું ગુનેગાર થોડો મટવાનો હતો? મેં ઘાલી દીધા હતા. તે હું આપું છું. આટલાં વરસે અને વળી ધવરાવી ધવરાવીને. કપરી સ્થિતિ, આ ઉંમરે આટલા સુખે? આવો આરોપ? હું ને મારી ઘરવાળી ભારે મુશ્કેલીમાં આવી ગયાં, પણ નક્કી કરી નાખ્યું કે નાણાં તો આવતી કાલે કાળાચોરના લાવીને ચૂકવી જ આપવાં.

ડૂબતો માણસ તણખલું પકડે એમ એ ગુરુ વકીલની હાજરીમાં મેં દીપક પટેલનો છેલ્લો કૉન્ટેક્ટ કરવાનો પ્રયત્ન એટલા માટે કર્યો કે નાણાં અને ઇજ્જત બેમાંથી, હવે નાણાં તો જોડવાનાં અને ઇજ્જતેય ગુમાવવાની? માટે ફોનથી પણ જો ગુરુ વકીલને વાત કરાવીને જણાવી શકું કે મને નાણાં નથી મળ્યાં ને હું મારા ઘરના પૈસા જોડી તેમને આપી રહ્યો છું એ વાતની ચોખવટ થઈ જાય તો પણ ભયો ભયો.

ઘણા પ્રયત્ને દીપકનો કૅનેડા સંપર્ક થયો. મેં સઘળી વાતો મારા દર્દ સાથે આજીજી કરી જણાવી અને એટલું કહ્યું, 'દીપકભાઈ, તમારી પાસેથી કાણો રૂપિયોય મેં લીધો નથી તો મને કયા ગુનાની સજા આપો છો? મારું લાઇસન્સ રદ કરાવીને તમારે શું જોઈએ છે? મેં તમારું શું બગાડ્યું છે? મારી સાથે આવું શા સારું કરો છો? નાણાં તો હું ચૂકવી દઈશ, માત્ર એક વાર મારા ગુરુને કહો કે મેં નાણાં નથી લીધાં. આટલું બોલતાં બોલતાં મારી અને મારી પત્નીની આંખો ભીની થયેલી. જે પેલા ગુરુમિત્રે જોઈ.'

બાજુમાં બેઠેલા ગુરુએ મારા ખભા ઉપર હાથ મૂક્યો અને મને લાગ્યું કે મારા પ્રત્યેની પાંચેક ટકા શંકા ઓછી થઈ છે. મેં ફોન ગુરુને આપ્યો. એ દીપકે મારા ગુરુ વકીલને કહ્યું કે, 'દામાણીસાહેબે નાણાં નથી લીધાં, મેં આપ્યાં જ નથી તો એ લે ક્યાંથી? હું હાલ કૅનેડા છું. પણ તમે ત્યાં જ બેસો, મારા બીજા ફોનની રાહ જુઓ. એક કલાકમાં તમને ત્યાં જ મારો માણસ આવીને નાણાં ચૂકવી જશે. આવા ભલા વકીલ ઉપર શંકા ના કરશો.' ગુરુ વકીલે ભલે, એમ કહીને મને ફોન આપ્યો.

દીપકે મને પણ બહુ જ ભાવુકતાથી કહ્યું અને મારી માફી માગી. ઘણા જ સારા શબ્દોમાં મને બિરદાવ્યો જે સામાન્યત: પટેલની કડવી ભાષામાં ન જ હોય, પણ અંતરની એ પટેલિયાની મીઠાશ અને નાણાંની એક કલાકમાં ચુકવણીથી મારી આબરૂ બચી, જે જીવ બચ્યા જેવું લાગ્યું, તે શેં ભુલાય?

નારણકાકા

ઘણીય વાર આપણે માણસોને ઓળખવામાં ઘણી મોટી ભૂલ કરી બેસતા હોઈએ છીએ. લોકોના બાહ્ય વર્તનને કે સ્પષ્ટ વક્તવ્યને આપણે એમનું ચરિત્ર સમજીને તે મુજબ તે વ્યક્તિ વિશે ખોટા અભિપ્રાયો આપણાથી બંધાઈ જતા હોય છે. જોકે આ પ્રકારના સજ્જનો સમાજમાં બહુ જ સામાન્ય વ્યક્તિ તરીકે જીવન જીવતા હોય છે. તેમના જીવનમાં નોંધ લેવા જેવું લોકોને ખાલ કંઈ લાગતું હોતું નથી, પરંતુ આવા અજ્ઞાત સજ્જનોનું સમૂળગું જીવન પ્રેરણાદાયક હોય છે અને તેમના વ્યવહારો અણિશુદ્ધ અને માનવતાથી ભરપૂર હોય છે.

આનાથી વિપરીત ઘણા એવા પણ હોય છે કે જેઓ બહુ જ મોટા દેખાતા હોય છે, સમાજમાં જ્યાં જાય અને જ્યાં ઊભા હોય તેની આજુબાજુની તમામેતમામ વ્યક્તિ તેમના બાહ્ય દેખાવથી પ્રભાવિત હોય છે, પરંતુ આવી બાહ્ય મહાનતા અને મોટી દેખાતી વ્યક્તિ નાના વ્યવહારમાં કે નાણાંના વ્યવહારમાં ખૂબ જ પાંગળી હોય છે. એક નાની સરખી વાત કે રકમ માટે પણ જતું કરી શકતી હોતી નથી. પોતાના એક રૂપિયાના સ્વાર્થે કોઈ સામાન્ય સજ્જન માણસનું એક હજારનું નુકસાન કરતાં પણ તેના જીવને ખચકાટ થતો હોતો નથી.

ઘણીય વાર સાધુસંતો મોટી મોટી જાહેરસભાઓ ભરીને ચારિત્રશુદ્ધિ અને ધર્મપાલનથી તથા લાભાલાભના આશ્વાસનો હજારોની સંખ્યામાં ભક્તોને એકઠા કરીને આંખમાં આંસુ લાવીને પોતે જાણે ભગવાન સ્વરૂપે હોય તે રીતે આપે જતાં હોય છે અને વળી શ્રદ્ધાળુ તે સાધુસંતોનો આવો તકલાદી માલ ભરોસેથી લેતા હોવાથી તેવા સાધુડાઓની દુકાનો સદાય ચાલુ રહેતી હોય છે અને તેમાં નવાઈ જેવું પણ શું છે?

ચારિત્રશુદ્ધિની વાતો કરતાં કરતાં આ કહેવાતા સાધુઓ હજારો ભાવિક શ્રદ્ધાળુને અનીતિનાં કામો છોડવાનું કહેતા હોય, સત્ય બોલવાનું કહેતા હોય, ચારિત્ર શુદ્ધ રાખવાનું સમજાવતા હોય, પરંતુ જ્યારે તે સાધુસંત અમારી પાસે જમીનના ટાઇટલ ચોખ્ખા કરાવવા આવે ત્યારે જે કાવાદાવાવાળા દાવપેચો આપણને શીખવાડે અને આપણને કહે, ‘સાહેબ, આ જમીન ઉપર મંદિર બનાવવું છે અને આ જમીન આપણને ભક્ત તરફથી બક્ષિસ પેટે મળે તેમ છે. મિલકત ભક્તના મજિયારા કુટુંબની છે, પણ અંગત માલિકીની બતાવીએ અને આ પ્રમાણે દસ્તાવેજ કરી લઈએ તો કેમ? જ્યારે જાહેરસભામાં આ જ સાધુસંતો હજારોની મેદનીમાં આપણને સમજાવતા હોય છે કે કાવાદાવા કે પ્રપંચથી દૂર રહો. સત્યના માર્ગે ચાલજો અને આવી અનેક સુફિયાણી સલાહો આપતાં હોય છે, પણ

જ્યારે તેમનો સ્વાર્થ આવે ત્યારે તે બધી જ સલાહો તેઓ નેવે મૂકીને ધર્મને નામે પોતાનો સ્વાર્થ સાધી લેતા હોય છે. સાધુસંતોના આવા દોરંગી વ્યવહારને કારણે જ કદાચ ઘાંટા પાડી પાડીને આપેલી સુફિયાણી સલાહોની અસર સમાજ પર નહીં થતી હોય.

એક વાત તો દીવા જેવી સ્પષ્ટ છે કે આપણા દેશમાં હજારો મંદિરો અને લાખો સાધુસંતો હોવા છતાં મોટા ભાગના માનવીમાં સામાન્ય નીતિમત્તાની ખોટ દેખાય છે.

આજે સ્મરણકથાના આ પ્રકરણ લખતાં લખતાં મને પૂજ્ય નારણકાકા યાદ આવી ગયા. નિવૃત્ત શિક્ષક પૂજ્ય નારણકાકાએ કોઈના ઘરનું પાણી સરખુંય પીવાનું નહીં, કોઈનું અણહક્કનું લેવાનું તો વળી દૂરનું રહ્યું. મોટે ભાગે જ્યાં જવું હોય ત્યાં ચાલતા જ જવાનું.

નારણકાકાને ત્રણ દીકરા અને એક દીકરી. એક દીકરો ઍડ્વોકેટ, એક ડૉક્ટર અને એક પ્રોફેસર તથા દીકરી સરકારી કર્મચારી અને દીકરીએ લગ્ન કરેલું નહીં. કાકા સાથે જ રહે. ત્રણેય દીકરાઓ તેમના કુટુંબ સાથે અલગ રહે. ચુસ્ત સ્વામિનારાયણ ધર્મનું પાલન તેમના ઘરમાં થાય. નારણકાકાની રહેણીકરણી ખૂબ જ સાદી. ખાસ ખર્ચ જેવું નહીં. ઓછું બોલવાનું, સ્પષ્ટ બોલવાનું અને કોઈની પીઠ પાછળ બોલવાનું નહીં, જે કંઈ વાત હોય તે વ્યક્તિની હાજરીમાં સામે જ કહેવાની. કોઈની ગેરહાજરીમાં તેના વિશે નિંદા કરવાનું જરાય નહીં.

આ નારણકાકાનો પરિચય મને અકસ્માતે થયેલો. થયેલું એવું કે નારણકાકાને તેમનો બંગલો વેચવાનો હતો. હું તેમના બંગલાની બાજુમાં આવેલા ફ્લૅટમાં જ રહેતો હતો. મારા એક મિત્રે મને કહેલું કે તમારી બાજુમાં જે જૂનો બંગલો છે, નિવૃત્ત શિક્ષક તેના માલિક છે. બંગલાની હાલત ભલે જૂની લાગતી હોય, પણ તમે લઈ લો. ભવિષ્યમાં જૂનો બંગલો તોડીને નવી બનાવી શકાશે. આજે પણ હું આ જગ્યામાં સુખેથી મારા પરિવાર સાથે વસવાટ કરું છું.

એક સાંજે હું કાકાને મળવા ઘેર ગયો. નારણકાકાએ સ્પષ્ટ વાત કરી, “મારે તો આટલામાં જ વેચવો છે, એક રૂપિયો ઓછો નથી લેવો.”

“કાકા, આવું તે કેમ ચાલે? હું ખરીદનાર મને મારી કિંમત જણાવવાનો પણ હક્ક નહીં? તમને અનુકૂળ ના આવે તો તમે ના કહી શકો, પણ મને પૂછવું તો જોઈએને?” મેં કાકાને કહ્યું.

“જુઓ ભાઈ, મને આવી વાતોમાં કોઈ જ રસ નથી. મારી વાત સ્પષ્ટ છે. તમને કોઈ જ મજબૂરી નથી. મારે શા સારું તમને પૂછવું પડે કે તમારે મારી મિલકત કેટલામાં વેચાણે રાખવી છે?” કાકા બોલેલા.

ત્યાર પછી ઘણી રકઝકે કાકાએ કાકીના કહેવાથી મને પૂછેલું, ‘‘બોલો, તમારે કેટલા આપવા છે?”

“મારે તમે જે માગો છો તેમાં ૫૫,૫૫૫ ઉમેરીને આ મિલકત આપના પાસેથી લેવી છે.” મેં કહેલું.

કાકાને નવાઈ લાગી કે આ કોઈ મૂરખ મકાન લેવા આવ્યો છે કે વધારે પડતો હોશિયાર છે. આ બાબત કાકાએ મને પૂછેલુંય ખરું અને મેં જણાવેલું કે તમે જે કિંમત માગો છો તે મકાનની અને હું જે વધારાની તમને આપું છું તે તમારા આશીર્વાદની. ઘણી ચર્ચાઓ પછી નારણકાકા તેમની કહેલી કિંમત કરતાં ૫૫,૫૫૫ રૂપિયા વધુ સ્વીકારવા સહમત થયેલા.

ત્યાર બાદ નિયત સમયમાં નાણાંની ચુકવણી ઈશ્વરકૃપાએ મારાથી થઈ ચૂકેલી અને કાકાએ દસ્તાવેજ કરીને મને બંગલાનો કબજો પણ સોંપી દીધેલો. આ સમગ્ર વ્યવહારમાં મને કાકાની નીતિપ્રિયતા, સિદ્ધાંતનિષ્ઠતા અને સમયપાલનનાં દર્શન થયેલાં. જે એક રેવન્યુ વકીલને જ્યારે તેમના પોતાના માટે મિલકત લેવાની હોય ત્યારે ભાગ્યે જ આવા અનુભવો થાય.

આ સ્મરણકથામાં પૂજ્ય નારણકાકાને યાદ કરવાનું આ જ માત્ર કારણ નથી. અગત્યનું કારણ તો હવે મારે લખવું છે.

થયેલું એવું કે નારણકાકા પાસેથી મેં મકાન લીધું તેના થોડા દિવસ પહેલાં કાકાને મારી અનુકૂળતાએ હું જે નાણાં ચૂકવતો હતો તેનું કારણ એટલું જ હતું કે આ રકમમાંથી કાકાને એક ફ્લૅટ ખરીદવો હતો. મેં કાકાને તેટલી રકમ દસ્તાવેજ કરતાં પહેલાં જરૂર મુજબ ચૂકવી હતી.

દસ્તાવેજ થયો ત્યારે બાકી રહેતી રકમ મેં કાકાને ચૂકવી આપી. કાકાએ તે રકમ સ્વીકારી મને દસ્તાવેજ કરી આપ્યો હતો. તે દસ્તાવેજ પછી એક અઠવાડિયે મને કબજો પણ સુપરત કરી દીધો. પંદરેક દિવસ પછી એક સવારે પૂજ્ય કાકા ઘરે આવ્યા. સામાન્ય રીતે હું કાકાને મળું ત્યારે મારી પત્ની મારી સાથે હોય જ.

કાકાએ આવીને મને કહ્યું, “બાપુ, ક્યારે નવો બંગલો બનાવવો છે?”

મેં કહ્યું, “કાકા, હમણાં તેની ક્યાં સગવડ છે? આ તમને ચૂકવ્યા તેની તો માંડ માંડ વ્યવસ્થા થઈ છે.”

“તમતમારે બાપુ બાંધકામ ચાલુ કરો. જૂનું તોડી નાખો. પૈસાની કોઈ ફિકર કરશો નહીં. જુઓ તમે મને જે ચૂકવ્યા તેના ૨૫ ટકામાં ફ્લૅટ આવી ગયો. દસ ટકા ઘરમાં જરૂર પૂરતા રાખ્યા. પંદર ટકા બાપુ, ભગવાનને ધરી દીધા અને આ બાકીના પચાસ ટકા રોકડા તમારા બંગલા માટે. ના કહેશો નહીં અને બાંધકામ ચાલુ કરો.”

મેં કહ્યું, “કાકા, મારાથી ન લેવાય, મને માફ કરો. તમારો ખૂબ ખૂબ આભાર.”

“કાકા, મારે નાણાંની જરૂર નથી. મહેરબાની કરો અને તમે વ્યવસ્થિત જગ્યાએ ડિપોઝિટ કરી દો અને તમારી વૃદ્ધાવસ્થામાં મારા ઉપર આટલો વિશ્વાસ ન રાખો.’’ મેં કહ્યું, પરંતુ કાકા એમ ને એમ કુલ રકમના પચાસ ટકા મારે ત્યાં મૂકતા ગયા અને વધુમાં મારી જન્મતારીખે મારા તરફથી મંદિરમાં સાધુસંતોને આજીવન ભોજન મળે તેના માટે મોટી રકમ દાનમાં આપેલી તેની પહોંચ આપતા ગયા. જાણો છો કેમ? મેં જે વધારે રકમ આપીને તેમની પાસે આશીર્વાદ માગેલાને! તે આશીર્વાદ નારણકાકાએ મને આ રીતે આપેલા છે.

તેમના અંતિમ સમયે તમામ દીકરીઓ તથા પૌત્ર, પૌત્રી, પુત્રવધૂ, કાકી અને દીકરીની હાજરીમાં મને બોલાવેલો અને તમામને કાકાએ છેલ્લે એમ કહેલું, “હવેથી તમારા બધાનો વડીલ આ દામાણી વકીલ. મારો જ્યેષ્ઠ પુત્ર. તમે જ્યારે પણ કોઈ બાબતે મૂંઝાવ તો દામાણી પાસે જવાનું, તે તમારી મૂંઝવણ જરૂર દૂર કરશે જ.”

આજે પૂજ્ય નારણકાકા હયાત નથી. તેમના સુપુત્રો મારી પાસે ક્યારેય મદદની આશાએ આવ્યા નથી. તેમનાં નાણાં હજુ મારી પાસે થોડાં રહેલાં છે. કાકી અને દીકરી એ રકમ પરત લેતાં નથી. હું વ્યાજપેટે નહીં, મારી ફરજ સમજીને દીકરા તરીકે પૂજ્ય કાકીને જે શક્ય બને તે પહોંચતું કરું છું. કાકી તેનો સ્વીકાર કરે છે તે મારું અહોભાગ્ય છે.

પૂજ્ય નારણકાકાના એક સુપુત્ર હાલ હાઈકોર્ટના માનનીય જજ છે અને જ્યારે સૌપ્રથમ જજ બનેલા ત્યારે શપથ ગ્રહણ કરવા જતા હતા ત્યારે મને હાજર રહેવા કહેણ મોકલ્યું હતું. હું ચોક્કસ ગયેલો ન હતો.

આજે આ સ્મરણકથાના માધ્યમે નારણકાકાને લાખ લાખ પ્રણામ.

સવાયો 'દેશી'

અમેરિકાના મારા ૨૦૧૦ના પ્રવાસ સમયે મને જે અનુભવ થયો તે મારે લખવો જોઈએ એવું મને એટલા માટે લાગ્યું છે કે આપણે ભારતીય લોકોના અને આપણાં બાળકોના સુસંસ્કારોની ઘણી મોટી વાત કરતાં હોઈએ છીએ, પરંતુ શું એ સંતાનોના સંસ્કારો વિશેની આપણે સાંભળેલી વાતો સાચી હશે ખરી? અહીંના ઊછરેલાં આપણાં સંતાનો અને અમેરિકામાં જન્મેલાં અને ઊછરેલાં આપણા ભારતીયોનાં સંતાનો આ બંને સંતાનોની સરખામણીમાં સામાન્યતઃ આપણે એવું માનીએ છીએ કે:

અમેરિકામાં જે આપણા ભારતીય વંશજો – એનઆરઆઇ – વસવાટ કરે છે તેઓ અને તેમને જે સંતાનો થાય છે તે બાળકોનો ઉછેર ત્યાંના સમાજ મુજબનો થાય એટલે કે અમેરિકન બાળકો સાથે રહી-ભણીને આપણાં બાળકો પણ અમેરિકન બની જાય. આ અમેરિકન બની જાય એટલે વળી શું? માંસાહારીય થાય અને નાની ઉંમરે સેક્સ જાણતા-માણતા પણ થાય. વળી સ્વચ્છંદી પણ બની જાય, વડીલોનું માન નહીં, સવારે ઊઠીને જય શ્રીકૃષ્ણ કે જય જિનેન્દ્ર ન બોલે અને થોડા અમેરિકન સંસ્કારો સાથે માનમર્યાદા વગરનાં થાય છે તેવું સામાન્ય રીતે આપણે માનતા હોઈએ છીએ, પરંતુ એ સર્વાંશે સાચું નથી અને વળી આવી વાતો દરેક વ્યક્તિ માટે સાચી ઠરતી નથી. તેમાં પણ જુદા જુદા માનવીએ કંઈક અવનવું જોવા મળતું હોય છે.

અમેરિકા અને બ્રિટન જેવા વિકસિત દેશોમાં કાયમી વસવાટે રહેતા આપણા ભારતીય નાગરિકોને ત્યાં જન્મેલાં બાળકો જે ત્યાંના વાતાવરણમાં ઊછર્યાં હોય છે તે કાયમ સ્વચ્છંદી અને માનમર્યાદા વગરનાં જ હોય તેવું કાયમ હોતું નથી, બલકે આનાથી વિપરીત પણ હોઈ શકે, ઘણે ભાગે.

મારા આ વખતના (૨૦૧૦ના) અમેરિકાના પ્રવાસમાં મને જે મારા મિત્રનાં બાળકોના અને એક-બે બીજાં બાળકોનાં અનુભવ થયા તે ખરે પ્રશંસનીય અને અહીં નોંધવા મને જરૂરી લાગ્યા છે.

હું જે મિત્રની દીકરીના ગૅજ્યુએશનના ફંક્શનમાં ગયો હતો તે દીકરી અને તેનાથી ત્રણેક વર્ષ મોટો તેની ભાઈ અમેરિકામાં જ જન્મેલાં અને ઊછરેલાં, પરંતુ સંપૂર્ણ ભારતીય ખૂબ જ વિવેકી, ઘરરખુ, ભણવામાં અવ્વલ, તંદુરસ્ત અને સંપૂર્ણ શાકાહારી આહાર.

આમ તો આ વાત અહીં પૂરી થાય, પણ મારે જે કહેવું છે તે એટલું સીધુંસાદું નથી. મારાથી અનાયાસે જ એક મારા અહીંના મિત્રના દીકરા જે

માત્ર થોડા મહિના માટે જ અમેરિકા ગયેલો છે તેની સાથે પેલા અમેરિકામાં જન્મેલાં મારા એ મિત્રનાં બાળકોની સાથે સરખામણી થઈ ગઈ.

ભારત પરત આવતા મુસાફરીમાં મારી સાથે અહીં મારા એક ઓળખીતાનો સુપુત્ર, જે અહીં સ્નાતક દરજ્જાનું ભણીને અનુસ્નાતકનો એક વર્ષનો અભ્યાસ કરવા થોડા મહિના માટે અમેરિકા ગયો હતો, તે થોડા દિવસનું વૅકેશન લઈ અહીં તે પણ મારી સાથે ભારત આવતો હતો. મને ઍરપૉર્ટ ઉપર મારા એ યજમાન મિત્ર કુટુંબ સાથે એટલે કે અમેરિકામાં જન્મેલાં બાળકો સાથે મૂકવા આવેલા. ઘરેથી તે છેક વિમાનમાં મારો તમામ લગેજ ગયો ત્યાં સુધી મેં મારા એક પણ લગેજને હાથ સુધ્ધાં અડકાડ્યો ન હતો. એ બધું જ કામ અમેરિકામાં જન્મેલાં ભારતીય બાળકોએ પૂરું કરેલું. બધું કામ પતી ગયા પછી હું મારા યજમાન કુટુંબને આવજો આવજો એમ કહી હાથ લગેજ લઈને ઇમિગ્રેશન બાજુ જઈ રહ્યો હતો ત્યારે મારા પેલા અહીંના ઓળખીતાનો ચિરંજીવ મારી સાથે હતો. હૅન્ડ લગેજ આ વખતે થોડું વજનદાર થયેલું, જે સામાન્ય રીતે સાવ હલકુંફૂલકું હોય.

મારા એ ઓળખીતાનો ચિરંજીવ માત્ર છ મહિનામાં સવાયો અમેરિકન બની ગયેલો! જોકે મને મારું હૅન્ડ લગેજ મારા સિવાય કોઈ ઊંચકે એ હરગિજ ન ગમે, એ મારો સ્વભાવ છે. મારું લગેજ એ સવાયાએ ના ઊંચક્યું માટે મેં આ પ્રસંગ લખી નાખ્યો એમ હરગિજ નથી, પણ પેલી સરખામણી જે મનમાં થતી હતી ને! તેની વાત કરું છું, એ સમયે પગની મેં નાની સર્જરી કરાવી હતી એટલે મારો એક પગ ગમે ત્યારે લબૂકઝબૂક થવા લાગે અને પીડા કરે, એમાં વળી એક હાથમાં વજન! એ સવાયો અમેરિકન મારી સાથે જ ચાલતો હતો. ખૂબ સુંદર વાતો કરતો હતો, પણ એ બિચારાને મારા હાથનું વજનદાર લગેજ દેખાતું ન હતું.

હું લબૂકઝબૂક થતા પગે અને પીડા ભોગવતો ચાલતો ચાલતો વિમાનમાં બેસી ગયેલો. સાથે એ ચિરંજીવ પણ. ફ્રેન્કફર્ટ વિમાનીમથકે ત્યારે ઍર-વે બંધ હતો, કંઈક રિપેરિંગ ચાલતું હતું, એટલે સીડી ચડતાં અને ઊતરતાં તેમ જ ઍરપૉર્ટ સુધી જતાં, બસમાં ચડતાં-ઊતરતાં તેમ જ ઍરપૉર્ટ ઉપર એક છેડેથી જતાં આ બળ્યો હાથ લગેજ વસમો લાગેલો. સવાયો અમેરિકન ચિરંજીવ મારી સાથે જ ચાલતો હતો, પણ એ ભલાને શી ખબર કે એના પપ્પાથીય દસેક વર્ષ મોટા અને પાછો એના પપ્પાનો ખાસંખાસ હું, જેના હાથમાંનો લગેજ ઊંચકી લેવો જોઈએ. એક વધુ ખુલાસો કરું કે આ સવાયો ખરો ને! તેના પપ્પા અને હું ખૂબ જ અંગત. હું ખાતરીથી કહી શકું કે જો એ આ રીતે મારી સાથે હોય ને તો જરૂર એણે મારા હાથમાંનો લગેજ ઊંચકી જ લીધો હોત. એમાં મને કોઈ શંકા નથી, પણ આ બાપડાને કેમ આવું સૂઝ્યું નહીં હોય? આપણે ક્યારેય આપણાં બાળકોનાં આવા વર્તનની ઝીણવટથી નોંધ લીધી છે ખરી?

મારા આ જ પ્રવાસમાં એક બીજો પ્રસંગ પણ બની ગયો તે પણ નોંધવાલાયક છે. હું એક સવારે યુનિયન સિટીની પાંચમી સ્ટ્રીટ ઉપરથી બસમાં ન્યૂયૉર્ક મેનહટ્ટન બાજુ જતો હતો. રસ્તામાં કંઈક ચેકિંગ આવ્યું, ત્રણ પેસેન્જરોને બીજી બે બસમાં શિફ્ટ કર્યા.

થયું એવું કે હું જે બસમાં બેઠો હતો ત્યાં મારી બાજુમાં જ એક ગોરી છોકરી બેઠી હતી. પોતાનામાં મશગૂલ હતી, એક આધેડ સ્ત્રી લગભગ મારી જ ઉંમરની, પેલી શંકાસ્પદ બસમાંથી આવી અને અમારી સીટની બાજુમાં ઊભી રહી. પેલી ગોરી જાપાનીઝ લાગતી છોકરીએ એ આધેડને બેસવાની સીટ આપી. પોતે ઊભી રહી ગઈ. પેલી સ્ત્રી મારી બાજુમાં બેસી ગઈ.

હું એ દીકરી સામે જોતો હતો, દીકરીનું ધ્યાન પેલી આધેડ સામે હતું. પેલી ઊભેલી રૂપાળી દીકરીએ આ ઉંમરલાયક સ્ત્રીને અંગ્રેજીમાં કંઈક પૂછ્યું, પરંતુ પેલી કંઈ સમજી હોય તેમ લાગ્યું નહીં અને ચકળ ચકળ જોયા કરતી હતી.

મારા આશ્ચર્ય વચ્ચે પેલી ગોરી ઊભેલી છોકરીએ ગુજરાતીમાં વાત શરૂ કરી, “જયશ્રી કૃષ્ણ આંટી! કેમ આમ ગભરાયેલાં લાગો છો? મને કહો હું તમારી કંઈ મદદ કરી શકું?”

હવે પેલી સ્ત્રીમાં થોડી હિંમત આવી. એ બોલી, “બેટા, હું ને મારા ઘેરથી, આ [illegible] કરાવીને એમાં અલગ થઈ ગયાં છીએ. એ બીજી બસમાં અને હું આ બસમાં. હું શું કરીશ? ક્યાં જઈશ? આ રીતે શહેરમાં એકલી ક્યારેય ગઈ નથી. મને એ કેવી રીતે મળશે? આ બધી ‘વરી’ થાય છે.”

સૌથી પહેલી વાત કે પેલી ઊભેલી દેશી છે એ ખબર જ ન પડે. મારી વાહલી જાંપલી (જાપાનીઝ) હોય એવી જ લાગતી હતી. એ દેશી ગોરીએ પેલી વૃદ્ધાને કહ્યું, “આન્ટી, મારી પાસે ફોન છે ને! આપો તમારા હસબન્ડનો નંબર. જાણી લઉં એ ક્યાં છે?”

“પણ બેટા! મને એમનો નંબર ક્યાં ખબર છે?” એ ઉંમરલાયક સ્ત્રી બોલેલી.

“કશો વાંધો નહીં, તમારા ઘરનો નંબર યાદ છે ને?” એમ કહીને એ છોડીએ પેલી સ્ત્રીના તમામ પ્રશ્નોનું નિરાકરણ જોતજોતામાં લાવી દીધું અને પેલી સ્ત્રીના પતિને અમુક ચોક્કસ જગ્યાએ ઊભા રહેવાનું કહી દીધું. મારે પણ યોગાનુયોગ એ જ બસસ્ટોપે ઊતરવાનું હતું. મેં જોયું કે જાપાનીઝ લાગતી મારી વાલીડી, એ ગોરી દીકરી પેલી વૃદ્ધા સાથે ઊતરી. હું કુતૂહલવશ એ બંનેની પાછળ થોડું ચાલ્યો. મેં જોયું કે આન્ટીને અંકલને

હવાલે કરીને પેલીએ ટૅક્સીની ઝીણી-મીઠી બૂમ મારીને ટૅક્સી કરીને પલાયન થઈ ગઈ.

બસમાં એ છોડીએ અધરા અંગ્રેજીમાં પોતાની ઑફિસે થોડી મોડી આવશે તેની જાણેય કરેલી હતી. આ છોડી અમેરિકામાં જન્મી હશે કે લગભગ પંદરેક વરસથી ત્યાં રહેતી હશે તેવું અનુમાન થઈ શકે. મને જાણવું હતું કે એ ક્યાં નોકરી કરે છે? અને ક્યાંની છે? પણ મને કાંઈ વાત જાણવા મળી નહીં.

પણ આ રીતે અનાયાસે મારા પેલા અમેરિકન દેશી ભાઈબંધના ત્યાં જન્મીને ઊછરેલાં બંને બાળકો અને મારા પેલા ઓળખીતાના સવાયા 'દેશી' અને વળી આ અજનબી દેશી બેબલી વચ્ચે મારાથી સરખામણી થઈ ગઈ અને આપણા ભારત વર્ષનાં આજનાં જુદે જુદે સ્થળે અને જુદા જુદા સંસ્કારે ઊછરેલાં બાળકો વિશેના વર્તન વિચારતો વિચારતો સ્વગૃહે પરત ફર્યો.

રૂપજીવિની

જ્યાં સુધી કહેવાતી ખરાબમાં ખરાબ કે ગંદામાં ગંદી પ્રવૃત્તિ અને સમાજના દૂષણ કહેવાતા લોકોને નજીકથી ન જોઈએ ત્યાં સુધી સાચેસાચ તેમની સારી વાતોની કિંમત ના થઈ શકે તેવો ઘણા બધા માણસોનો અનુભવ છે. વળી જેને સમાજ બહુ જ ખરાબ ગણે છે તેવા માણસો માત્ર તેઓના ખરાબ અને બદનામ કાર્યક્ષેત્ર સિવાયની બાબતે ખૂબ જ સજ્જન, વ્યવહારકુશળ અને નીતિમત્તાવાળા માણસો તરીકે વર્તન કરતા હોય છે. એ જ્યારે પ્રત્યક્ષ અનુભવીએ ત્યારે જ સમજાય એવી વાત છે.

મારું કહેવાનું એવું હરગિજ નથી કે તેવાં માણસો કે પાત્રો બધી જ બાબતે સારાં છે, પરંતુ એ હકીકત છે કે આવા લોકો કંઈ દરેક બાબતે સમાજને કલુષિત નથી કરતા હોતા કે નુકસાન પણ નથી પહોંચાડતાં. ઊલટું, ખરા સમયે આવા જ લોકો સમાજને મદદગાર પણ પુરવાર થતા હોય છે. એ એક હકીકત છે.

હા, એ વાત ખરી છે કે તેમનાં દૂષિત કાર્યોથી સમાજનો એક વર્ગ અથવા જે વ્યક્તિ તેના સંપર્કમાં આવે છે તેને નુકસાન જરૂર થાય છે, પરંતુ કહેવાતા સજ્જનો, દાનેશ્વરીઓ, મહાજનો આપણા સમાજમાં છે કે જે ઉપર ઉપરથી સજ્જનતાનો ડોળ કરીને અંદર ખાનેથી દુર્જનતાનાં કોઈ કામો બાકી છોડતાં નથી. તેવા દંભીઓ કરતાં મને ચોક્કસ પેલા દૂષિત કાર્યો કરવાવાળા અને સમાજથી તરછોડેલા અણીના વખતે તેમની મદદને કારણે ઘણા સારા લાગ્યા છે. વળી તેઓએ મને જિંદગીના એવા એવા પાઠો શીખવાડયા છે કે કદાચ લાખોની મેદની એકઠી કરીને જાહેર મંચ ઉપરથી પોતાની વાક્છટાથી પ્રભાવિત કરી શકનારા તથા સત્યનિષ્ઠા – ધર્મનાં બણગાં ફૂંકનારા દંભી સંતોએ આખી જિંદગી દરમિયાન પણ ન શીખવાડ્યા હોય.

આજે જ્યારે મારી સ્મરણકથા લખવા બેઠો છું ત્યારે મને પેલી રશ્મિ, સુધા, માલતી, માયા, સાવિત્રી અને એવી કેટલીયે બજારુ મહિલા – દેહવિક્રયનો ધંધો કરતી વેશ્યાઓ યાદ આવે છે કે જેમના સીધા સંપર્કમાં હું કોઈ સમયે આવેલો.

આજે એ પ્રસંગને યાદ કરું છું ત્યારે મારી રુવાંટી ઊભી થઈ જાય છે. મારી નજર સમક્ષ એ આખીય ઘટના આજે મને જેમની તેમ દેખાય છે.

પોતાનો દેહ વેચીને નાણાં કમાતી એ રૂપલલનાઓ એક હોટેલમાં ધંધો કરવા આવતી હતી કે જ્યાં હું પાર્ટટાઇમ નામું લખતો હતો. મને

બરાબર યાદ છે એ ગોઝારી રાત.

એક બાજુ મૂશળધાર વરસાદ વરસી રહ્યો હતો. સાબરમતી બે કાંઠેથી વહેતી વહેતી નેહરુ બ્રિજ અને લક્કડિયા બ્રિજ ઉપરથી જાણે તાંડવ નૃત્ય કરતી હોય તેમ વહેતી હતી. એ મધરાતે અમે ચાર ભાઈબંધો સાબરમતીનાં પાણીમાં આવેલું પૂર જોવા અને પુલ ઉપરથી વહેતી સાબરમતીનો વિકરાળ નાચ નિહાળવા જઈ રહ્યા હતા.

હું એ સમયે અમદાવાદમાં મારા કાકાના ઘેરથી તેમની મંજૂરીથી હૉસ્ટેલમાં રહેવા જતો રહેલો. દરમિયાન મને નોકરી પણ મળી ગયેલી. નોકરી ઉપરાંત ચાર-પાંચ પેઢીનાં નામાંય લખતો. આવક પણ પ્રમાણમાં ઠીક. મેં અગાઉ કહ્યું તેમ નાણાંની ફરિયાદ ક્યારેય નહીં. એનું એકમાત્ર કારણ એ જ કે ગઈ કાલ કરતાં આજ સારી.

‘આપણી પાસે વળી ક્યાં લાખ છે અને ક્યાં આપણે લાખેશ્વરી થવાના?’ જે છે એય ઘણું છે – આવી માન્યતા એ દિવસોમાં વધુ ને વધુ પ્રબળ થતી જતી હતી. જોકે તત્ત્વચિંતકો તો એમ પણ કહે છે કે જેટલી તમારી નાણાં. કમાવવાની ઇચ્છાશક્તિ કે તીવ્રતા વધુ એટલા વધુ નાણાં કમાવા મળે, પણ મેં આ તત્ત્વજ્ઞાનમાં ક્યારેય વિશ્વાસ કર્યો નથી.

મને તો ‘ન માગે દોડતું આવે ન વિશ્વાસે કદી રહેજે’માં જ વિશ્વાસ.

હા, એટલે જ અમે ભાઈબંધો બિનધાસ્ત રહેતા. અમને કોઈ ને કોઈ કુટેવો નહીં, પણ કુટેવોથી ખદબદતા સમાજમાં જતા જરાય ગભરાતા પણ નહીં અને એટલે જ આ રૂપજીવિનીઓના સંપર્કમાં એક વાર અનાયાસે જ આવી ગયેલા.

આજે જ્યારે હું એમ કહું છું કે મેં એ રૂપજીવિનીઓ સાથે કોઈ શારીરિક સંબંધ નથી બાંધ્યો તો તે બાબતે વાચકો પણ કદાચ શંકા કરે, માટે આ પ્રસંગે મારા ચારિત્રની કોઈ વાત કરવી જ નથી. મારે તો આજે પેલી ગોઝારી રાતે એ રૂપજીવિનીઓએ પોતાની નિ:સ્વાર્થ સેવા વડે માનવતાની જે મહેક ફેલાવેલી તેનો પ્રસંગ કહેવો છે.

એ મધ્યરાત્રિએ અમે લક્કડિયા પુલ પાસે જતાં તેની નજીક આવેલી પેલી હોટેલ કે જ્યાં પેલી રૂપજીવિનીઓ ધંધો કરવા આવતી હતી તે હોટેલ પાસે લોકોનું ટોળું જોયું. કુતૂહલવશ અમે બધા ત્યાં ઊભા રહી ગયા.

એક બાજુ મૂશળધાર વરસાદ અને બીજી બાજુ કાળી અંધારી રાત. અમારા જેવા નુક્કડિયાઓ સિવાય ત્યારે રસ્તા ઉપર બીજું કોણ હોય?

અને ત્યારે અમે જોયું એ રૂપલલનાઓનું સાવ બીજું જ એક ઊજળું રૂપ!

શરીર વેચીને નાણાં કમાતી રૂપજીવિનીઓએ પોતાની જાતની કોઈ પરવા કર્યા વગર શરીર વેચીને કમાયેલી નાણાંની કોથળી ખુલ્લી મૂકીને એ મધ્યરાત્રિએ માનવતાનાં જે કામ કરેલાં અને દીનદુ:ખિયા, પીડિતો અને ઝૂંપડપટ્ટીવાળા કે જે સાબરમતી નદીના કાંઠેથી દૂર પોલીસની ‘મદદ વડે’ ઘર બહાર ધકેલાયેલા તેમને માટે પેલી ‘રશ્મિ, સુધા, માલતી કે માયા’ નહોતી રહી, પણ તે તમામ ‘મા જગદંબા, ખોડિયાર, કાલિકા અને અંબા અને મા અન્નપૂર્ણા’ સાબિત થઈ હતી!

હોટેલના રસોડામાં એ પૈકીની બે-ત્રણ પૂરી-શાક બનાવવા બેસી ગયેલી અને બાકીની જેમ મા પોતાનાં બાળકોને જમાડે તેવા ભાવથી પેલા ગરીબ પૂરપીડિત ભૂખ્યાઓને આગ્રહ કરી કરીને જમાડતી હતી. સગી આંખે જ્યારે આ જોયું ત્યારે અમને કે કોઈને એવું ન લાગ્યું કે આ જોગમાયાઓ આ જ હોટેલમાં શરીર વેચવાનો ધંધો કરીને નાણાં કમાતી હશે?

આજે પણ એ દૃશ્ય મને ભીંજવી મૂકે છે. મેં ઘણાય દાનેશ્વરીઓને જોયા છે. જેમાંના મોટા ભાગના તો જે દાન કરે છે તેના ૩૦ થી ૩૫ ટકા તો સરકારના જ હોય છે. એ રીતે એક તરફ ઇન્કમટૅક્સ બચાવે અને પછી દાનની જાહેરસભા કરે. નામ કમાવા અને પોતાને મોટા બતાવવા માટે જ મોટા ભાગના દાન કરતા હોય છે.

હવે તમે જ કહો કે ધરતીકંપ, પૂર, સુનામી, વાવાઝોડું વગેરે કુદરતી આપત્તિઓ સમયે ટીવીવાળાને લઈને પોતે કરેલી ચેરિટીની ફિલ્મો ઊતરાવતા દાનેશ્વરીઓ સારા કે આ રૂપજીવિનીઓના પોતાના કહેવાતા ખોટા કામે કમાયેલાં નાણાંનાં આવાં દાન સારાં?

નાળિયેર

બાળપણનું એક સ્મરણ છે. ઉંમર હશે બારેક વર્ષની. ઉનાળાના વૅકેશનની એક મોડી સાંજનો બલકે રાતનો સમય હશે. શાળામાં વૅકેશન હતું. વૅકેશન અને વળી ગામડાંનું, પછી તો પૂછવું જ શું?

સોનગઢની દક્ષિણે હાબો ડુંગર પૂરા પથ્થરોથી ભરેલો. હાબાના પથ્થરો ગરમીમાં એવા તો તપેલા હોય કે ઉનાળાની ગરમીની અસર મોડી રાત સુધી રહે. ઊની ઊની લૂખ પવનમાં આવતી રહે, ઠંડક રાતના આઠ પછી કંઈક અંશે જોવા મળે.

અમારા ગામડાના ઘરની રચના જ એવી કે ઉનાળામાં ગરમી અને શિયાળામાં ઠંડી પણ જબરી લાગે. ઉનાળાની આવી મોડી સાંજે જ્યારે ઠંડક થાય ત્યાર પછી અમે છોકરાંઓને કંઈક રમતો સૂઝે. ગામનાં મુખ્ય બજાર ઉપર સોનગઢથી પશ્ચિમ બાજુએ રાજકોટ બાજુ જતાં પહેલું ગામ આવે જીથરી, યાને કે અમરગઢ ટીબી હૉસ્પિટલ જે સોનગઢથી આસરે એકાદ કિલોમીટર થાય.

એ અજવાળી ઉનાળાની રાતે લગભગ ૯.૩૦ થી ૧૦નો સમય હશે. ગામના નવલોહિયા યુવાનો જેમાં મોટે ભાગે દરબારોનાં છોકરાઓ અને બે-ચાર વાણિયા-બામણનાં છોકરાઓ ભેગા થયેલા. આ નવલોહિયા એટલે અમારા કરતાં લગભગ પાંચ-દસ વરસ મોટા. અમારા કરતાં મોટાં છોકરાંના અમે નાના સેવકો. અમારા કરતાં મોટાઓએ એ અજવાળી રાતે વાત વાતમાં એક રમત રમવાનું નક્કી કર્યું.

અરે! એ રમત પણ કેવી? હારજીત તો ખરી જ, પણ રમત સાવ જુદા જ પ્રકારની. આ પ્રકારની રમત કોઈ ક્યારેય રમ્યું હોય તેવું મારા સ્મરણમાં નથી. ગામના નિર્વાસિતની દુકાનેથી થોડાં નાળિયેર લીધાં. કુલ પાંચેક હરીફો હશે. દરેક હરીફે વારાફરતી અમરગઢ ટીબી હૉસ્પિટલના ઝાંપા સુધી આ નાળિયેર ફેંકવાનાં. જેટલાં ઓછા થ્રોથી જેનું નાળિયેર હૉસ્પિટલના ઝાંપા સુધી પહોંચે એ જીતે અને જે જીતે એને શું ઇનામ મળે તે તો આજે યાદ આવતું નથી.

જબરું આકર્ષણ થયેલું મને આ રમતનું. એનું મુખ્ય કારણ મારો ભાઈ અભય. મારા કરતાં આશરે ચારેક વર્ષ મોટો, એ પણ આ રમતમાં જોડાયેલો. આમ તો અમે વાણિયા અને વળી દરબારના ગામના એટલે વધારે ચોખવટોય શી કરવાની? પણ મને યાદ છે કે મારો ભાઈ ખૂબ જ મક્કમ મનોબળનો. એ ધારે તે કરી બતાવે, ક્રિકેટની રમત હોય કે નાળિયેર ફેંકવાની. એનો મૂડ અલગ જ હોય. મોટે ભાગે એ બહુ બોલે નહીં, પરંતુ

આ ઉનાળાની રાત્રે એ પણ આ નાળિયેર ફેંકવાનો રમતમાં બાકીના ચાર બળિયાઓ જોડે જોડાયો.

હું નાનો એટલે અભયનો જબરો ચાહક. જોકે હું બહુ જ ઢીલો હતો. મેં ખૂલીને કોઈક પ્રકરણમાં મારા બાળપણ વિશે લખ્યું છે. અહીં તો અભયની જ વાત કરવી છે. રમત શરૂ થઈ. દરેક હરીફના નાળિયેરના નિશાન નક્કી થયા અને એક પછી એક હરીફોએ નાળિયેર ફેંકવાના શરૂ કર્યા. દરેક હરીફ નાળિયેર ફેંકે. તે જેટલે દૂર પડે ત્યાં અમારી ઉંમરનો એક છોકરો એ નાળિયેર રસ્તા ઉપરથી શોધીને પોતાના હાથમાં પકડીને સાઇડમાં ઊભો રહી જાય. પછી બીજો હરીફ તેનું ચોક્કસ નિશાન સર કરવા નાળિયેર ફેંકે અને અમારામાંના બીજો સેવક જ્યાં નાળિયેર પડે ત્યાં જ તે નાળિયેર પકડીને રસ્તાની બાજુમાં ઊભો રહી જાય. આમ ઓછામાં ઓછા થ્રોથી જેનું નાળિયેર પહેલું પહોંચે એ વિજેતા.

વળી, આમ નાળિયેરના ઘા કરતાં કરતાં જો નાળિયેર સાવ ફૂટી જાય કે તૂટી જાય તો હરીફોથી મોટાની કમિટી ચકાસણી કરીને તે હરીફને બીજું નાળિયેર બદલી આપે. આ રમતની રોમાંચકતા જબરી રહેલી. એનું કારણ એ કે લગભગ પચ્ચીસથી ત્રીસનું ટોળું એકસાથે અમરગઢ બાજુ આ હરીફો સાથે હાકોટા પાડતું અને ચિચિયારી બોલાવતું જતું હોય. અમે છોકરાઓ આગળ આગળ દોડતા ઘા કરેલા નાળિયેર શોધીને રસ્તાની બાજુમાં ગોઠવતા હોઈએ. હરીફો વળી એકાગ્રતા અને મહત્તમ તાકાતનું પ્રદર્શન કરીને નાળિયેર ફેંકતા હોય. કોઈ લુચ્ચાઈ, ચાલાકી કે બદમાશી એ અભયની રમતોમાં ક્યાં હતી? અને એટલે એ સમયે એવું તો વિચારવાનું જ ન હતું.

હા, તો જીત મારા ભાઈની જ થયેલી. અભયે સૌથી ઓછા થ્રો કરી નાળિયેર ફેંકવાની હરીફાઈ જીતેલી. મારો એ નીડર અને બળુકો ભાઈ આજે અમારી સાથે નથી. ત્યાર પછીનાં થોડાં વર્ષો પછી સોનગઢથી પાલિતાણા જતા રસ્તા ઉપર માર્ગઅકસ્માતમાં મૃત્યુ પામેલો. અભયે તેના અલ્પ આયુષ્યમાં ઘણાંય પરાક્રમો કરેલાં છે. જેમ કે ક્રિકેટમાં અભયની સિક્સર આજની તારીખે સોનગઢની લાંબામાં લાંબી સિક્સર ગણાય છે. પુસ્તક એક વાર વાંચી લીધા પછી ફરીથી રિવિઝન કર્યા વગર તમામ પરીક્ષાઓ તેણે પસાર કરી છે. ભાવનગર બૉર્ડિંગમાં પણ નીડરતાના અને સ્ત્રીદાયિત્વના પ્રસંગો આજે પણ યાદ કરાય છે. એ સાચાબોલો, આખાબોલો અને સ્પષ્ટબોલો હતો. બીજાને શું લાગશે? અગર ગમે તે રીતે વાત ગોઠવીને સાચું-ખોટું કરતાં તેને આવડતું જ ન હતું અને છતાં એ તમામનો પ્રિય હતો. કારણ સત્ય અને નીડરતા એ અભયનાં લક્ષણો હતાં.

અભયનું સ્મરણ એટલે ખાસ આવે કે એ અમારા સમગ્ર કુટુંબની શક્તિનો ધોધ હતો. એ મારા ભાઈનો આત્મવિશ્વાસ અમારી ગરીબીમાં ટકી રહેવાની શક્તિ હતી. કાણાને કાણો કહેતાં તેને ક્યારેય અચકાતો

જોયો નથી. ઘણીય વાર એ યાદ આવે છે ત્યારે આંખના ખૂણા ભીના થઈ જાય છે. મને જ્યારે જ્યારે અભય સ્મરણમાં આવે છે ત્યારે વૃંદાવનમાં શ્રીકૃષ્ણ ભગવાને બાળગોઠિયાઓ સાથે રમેલી રમતોની સાથે તેની સરખામણી થઈ જાય છે. હું કે મારા કુટુંબના કોઈ પણ સભ્ય ૧૯૬૯માં માર્ગઅકસ્માતમાં અવસાન પામેલા અભયને ભૂલી શક્યા નથી અને મારા અને મારા પરિવારના સ્મરણમાં અભય એમ ને એમ જ હાજરાહજૂર છે, આજે પણ.

વલ્લભાની બંસરી

મારી શૈક્ષણિક કારકિર્દી ખાસ કોઈનું ધ્યાન ખેંચે તેવી રહી નથી. અમારા સમયમાં ૧૦મું અને બારમું ધોરણ ન હતું, પરંતુ ૧૧મું ધોરણનું મહત્ત્વ હતું. ૧૧મું મૅટ્રિક ગણાતું. ૧૧મા ધોરણમાં પાસ થયા પછી કૉલેજમાં ઍડ્મિશન (પ્રવેશ) મળતો. વિજ્ઞાન-વાણિજ્ય અને આર્ટ્સ શાખાની પસંદગી ૧૧મા ધોરણ પછી થતી.

મેં મૅટ્રિકની પરીક્ષા ૫૪ ટકાથી પાસ કરેલી. મેં વિજ્ઞાન શાખામાં જવાનું નક્કી કરેલું. ૧૯૬૭ના મે મહિનામાં મેં ભાવનગરથી સર પ્રભાશંકર પટણી સાયન્સ કૉલેજમાં પ્રવેશ લીધો.

અમારી સર પી. પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સના તે સમયે પ્રિન્સિપાલ ગોહિલાસહેબ હતા. ફિઝિક્સમાં પ્રો. એમ. સી. ભટ્ટ કે જે કૉલેજમાં માધુદાદાના હુલામણા નામે પ્રખ્યાત હતા. કૅમિસ્ટ્રીમાં ત્રિવેદીસાહેબ હતા, જેને અમે મિત્રો તેમની ગેરહાજરીમાં સોડિયમ ક્લોરાઇડના નામે સંબોધતા. મેથ્સમાં યોગેશ વસા અને વ્યાસસાહેબ હતા. વ્યાસસાહેબને મોટે ભાગે અમે ચંબુ કહેતા. લૅબોરેટરીમાં એક બક્ષીબહેન યાદ આવે છે. હા, ગાયક કમલેશ અવસ્થી પણ મોટે ભાગે લૅબોરેટરીમાં હતા, તેનું થોડું ઘણું સ્મરણમાં છે. હાલ તો કમલેશભાઈને ઓળખું છું, પણ આ બાબતે તેમની સાથે ક્યારેય વાત કરી નથી.

મારી વિદ્યાગ્રહણ કરવાની સિદ્ધિઓ નોંધપાત્ર એટલા માટે કહી શકાય કે મેં તમામ વર્ગમાં વિજય હાંસલ કરેલો હતો. પ્રિ-સાયન્સ મેં પ્રથમ વર્ગમાં પાસ કરેલું, તે વર્ષે આખી કૉલેજમાંથી ૩૧ છોકરાંઓ પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયેલા હતા, તેમાંનો હું એક હતો. જોકે ત્યાર બાદ ફર્સ્ટ બી.એસસી.માં હું નાપાસ થયો હતો!

કાળક્રમે મેં ત્યાર બાદ કૉમર્સ અને આર્ટ્સ શાખામાંય હાથ અજમાવેલો. હાથ અજમાવવા, કૉમર્સ શાખામાં પ્રવેશ લઈ એક ટર્મ વિદ્યાનગર પણ હું જઈ આવેલો. પછી અમદાવાદ રહી આર્ટ્સમાં બી.એ. સુધીનો અભ્યાસ મેં પૂર્ણ કરેલો. તેમાં પણ હું પાસ ક્લાસ, સેકન્ડ ક્લાસ અને વળી એ.ટી.કે.ટી. મેળવી ઉત્તીર્ણ થયેલો. આ રીતે શૈક્ષણિક કારકિર્દીનો મારો અનુભવ અવ્વલ નંબરનો ગણી શકાય! જોકે મારા ફર્સ્ટ બી.એસસી. કરીને મોરબી એન્જિનિયરિંગ કૉલેજમાં અભ્યાસપૂર્ણ કરીને એન્જિનિયર થવું હતું.

હું એન્જિનિયર ન થઈ શક્યો એ મારું સારું નસીબ કહેવાય કે ખરાબ એની મને શી ખબર? મેં બે વર્ષ ભાવનગર કૉલેજમાં અભ્યાસ

કરેલો તે દરમિયાન હું પાનવાડીના નાકે આવેલી જૈન બૉર્ડિંગમાં રહેતો હતો. મારી આર્થિક સ્થિતિ તે સમયે સામાન્ય કક્ષાની ગણી શકાય. અમારી જ્ઞાતિ તરફથી મળતી સહાયથી કૉલેજની ફી ભરાઈ જતી. ભોજનશાળા બૉર્ડિંગથી ખાસ્સી દૂર રેલવે સ્ટેશન પાસે આવેલી હતી. એ પણ જ્ઞાતિની જ હતી એટલે સાવ ઓછી કિંમતે જમવાનું પતી જતું. બાબુકાકા એ ભોજનશાળા ચલાવતા અને અમે જમવામાં જીદે ચડીએ ત્યારે ઉઠાડી મૂકવા માટેના ઘાંટા હજુ કોઈ વાર રાત્રે કાને અથડાય છે. આ ભોજનશાળા સુધી દિવસમાં બે વાર ચાલતા જમવા જવાનું. આ જ રીતે કૉલેજ પણ બૉર્ડિંગથી બીજી દિશાએ, ઘણી દૂર હતી, ત્યાં પણ ચાલતા જવાનું.

આજે જ્યારે આ બધું સ્મરણમાં આવે છે ત્યારે થાય છે કે એ દિવસોમાં અમે કેટલું રોજનું ચાલતાં હોઈશું? આજે મૉર્નિંગ વૉકમાં પણ આનાથી અડધુંય ક્યાં ચલાય છે.

આ પ્રકરણમાં ૧૯૬૭ના સપ્ટેમ્બર મહિનાનો એ ગોઝારો દિવસ સ્મૃતિપટ ઉપર સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. દિવાળી વૅકેશન પહેલાનો એ સમય હતો. અમારા તે સમયના મિત્રમંડળના હું, કિરીટ (કેપી), અજિત યાને કે આપો (ડાંગર), દુર્લભ કોરાટ, જે. ટી. ગુરુ, દેવલુક, નરેન્દ્ર ચોટી (એન. કે.), છેટા પ્રવીણ, પુરુષોત્તમ કાલરિયા વગેરે મિત્રોનાં નામ હજુ પણ સ્મરણમાં અકબંધ છે.

જોકે હાલ તેમાંથી કેટલાકની મને જાણ છે. એન. કે. કોડીનારમાં ડૉક્ટર છે. જે. ટી. ગુરુ બૅન્કમાંથી રિટાયર્ડ થઈ ગયો છે અને હાલ અમદાવાદમાં છે. આપો શરૂમાં મુંબઈ કેમિકલના ધંધામાં હાથ અજમાવીને પછી અમદાવાદમાં મોટો બિલ્ડર થયો છે. હાલ મારા સંપર્કમાં કદાચ એટલે જ નહીં હોય. દેવલુક પણ અમદાવાદ છે. કિરીટ મુંબઈમાં છે. દુર્લભ કોરાટ ભાવનગર એ જ પી. પી. સાયન્સ કૉલેજમાં પ્રિન્સિપાલ હતો, હવે નિવૃત્ત થયો છે. મને થોડા સમય પહેલાં મળેલો ત્યારે કહેતો હતો કે ભાવનગરના દાદાઓની દાદાગીરીઓ હવે ઇતિહાસ બની ગઈ છે.

અમારી એ દાદાગીરીઓ તે કેવી? એકાદા ટાબરિયાને એકલાને રૂમમાં બોલાવું. હું અને એ દાદો એકલા જ હોઈએ. અને નાનપણમાં બાપુ પાસેથી જે રીતે મેથીપાક ખાધેલા એ જ ભાવનાએ આ ટાબરિયાને ચખાડું. આ મેથીપાકોએ જબરાં કાર્યો કરેલાં છે અને વળી આપણું ચાલીય ગયું મારા ભાઈ.

કરસન વલ્લભીપુરમાં વકીલાત કરે છે. પુરુષોત્તમ કદાચ આ દુનિયામાં નથી, પણ એણે સૌરાષ્ટ્ર બાજુએથી રાજકારણક્ષેત્રે કાઠું કાઢ્યાનું સાંભળ્યું હતું. પુરુષોત્તમ એટલા માટે અલગ પડતો હતો કે એ જમાનામાં દરબારના ગામમાં એ કૉલેજનો જી.એસ. બનેલો તે યાદ છે અને હુંય હાલ અમદાવાદમાં છું.

હા, વળી વલ્લભો – જે આ પ્રકરણનું મુખ્ય પાત્ર છે પાતળો એકવડિયા બાંધાનો અને અંતરમુખી. ખાસ તો આજે એટલા માટે યાદ આવે છે કે ૧૯૬૭ના સપ્ટેમ્બર મહિના પછી વલ્લભ રહ્યો જ નહોતો.

વલ્લભનું વતન સોનગઢની બાજુનું ગામ આંબલા. સોનગઢ ગુરુકુળ શાળામાં આંબલાથી થોડાં છોકરાંઓ ભણવા આવતાં હતાં. તેમાં ભરત રાજ્યગુરુ અને વલ્લભ ક્યારેક ક્યારેક મારા સ્મરણમાં આવી જાય છે. ભરતની સાઇકલ વલ્લભ ચલાવે અને પાછળ ભરતને બેસાડે અને આ રીતે સોનગઢ ગુરુકુળમાં ભણવા આવતો. વલ્લભ આજે નજરે ચડે છે. શાળામાં કાયમ અવ્વલ નંબરે આવતો વલ્લભ. આર્થિક રીતે ખૂબ જ ગરીબ હતો. માંડ માંડ પૂરું થતું હશે એ જમાનામાં.

એ વલ્લભો પણ અમારી સાથે ભાવનગર સાયન્સ કૉલેજમાં દાખલ થયેલો, એની આર્થિક પરિસ્થિતિ કફોડી હતી છતાં ભરત એનું બહુ જ ધ્યાન રાખતો અને વાર-તહેવારે નાની-મોટી મદદ પણ કરતો. ભરત પણ વળી કરી કરીને કેટલી મદદ કરી શકે? વલ્લભ પણ કૉલેજની હૉસ્ટેલમાં રહેતો હતો. હૉસ્ટેલની મેસમાં પીરસવાની નોકરી લીધેલી. જેથી જમવાનું ગોઠવાઈ જાય અને બે પૈસા વધેય ખરા. કૉલેજમાંથી ફી સહાયની અરજી કરેલી.

એક સવારે વલ્લભે પોતાની પાસે રહેલી મૂડીમાંથી બંસરી ખરીદી અને બાકી રહેલી રકમમાંથી ઝેર ખરીદ્યું. એક કાગળ લીધો. લખ્યો અને પોસ્ટઑફિસના ડબ્બામાં નાખી દીધો. કોને ખબર શુંનું શુંય ભર્યું હશે એના મનમાં!

બીજે દિવસે સવારે પોતાના રૂમમાં એ બંસરી ઉપર એક નાની ચબરખી ચોડી અને એમાં 'વહાલા ભરત' એમ લખ્યું. રૂમ બંધ કરી તાળું મારી ભાઈ ચાલી નીકળ્યા ભાવનગરથી આંબલાના રસ્તે પગપાળા જવા. સુરકા આગળ વલ્લભ રસ્તા ઉપર જ ઢળી પડ્યો. ગજવામાંથી મળેલા કાગળથી વટેમાર્ગુને આ છોકરાની જાણ થઈ. એને તાબડતોબ ભાવનગર લાવવામાં આવ્યો. પહેલા હૉસ્ટેલ અને પછી તખ્તસિંહજી હૉસ્પિટલ. પણ એ સમય દરમિયાન તેનું પ્રાણપંખેરું તો ઊડી ગયું હતું.

અમે બધા ભાઈબંધો હૉસ્પિટલ પહોંચી ગયેલા. તેની તમામ વિધિ પતાવીને તેના મૃતદેહને આંબલા પહોંચતો કરેલો. આ વલ્લભની અંતિમ વિદાય હતી. આર્થિક મૂંઝવણમાં અમારી યુવા અવસ્થાએ મરી ગયેલા વલ્લભનો કરુણ પ્રસંગ આમ આજે પ્રત્યક્ષ દેખાય છે.

આટલાં વર્ષે આજે અચાનક વલ્લભ યાદ આવ્યો! વલ્લભે તેના અંતિમ સમયે ભરતને લખેલા કાગળ અને તેનું લખાણ બહુ મહેનતે પણ યાદ ન આવ્યું, પરંતુ મેં આ પ્રકરણ માટે કિરીટને ખાસ મુંબઈ ફોન કરીને પૂછ્યું હતું, "કેપી! (કિરીટ પ્રેમચંદને અમે આમ બોલાવતા) પેલા

વલ્લભાએ ભરતને કાગળમાં શું લખેલું તને યાદ છે?" કિરીટે મને ફોન ઉપર ગળગળા થઈને જે કહ્યું હતું તેનો સાર કંઈક આવો છે.

ભાઈ ભરત,

તારો ખૂબ આભાર, તેં આજ સુધી કરેલી મદદ માટે. આજે કૉલેજમાંથી કાગળ મળ્યો તેમાં મને સહાય નથી મળી તે વાંચ્યું. સહાય મળવાની છેલ્લી આશાય પૂરી થઈ. હવે કોઈ જ રસ્તો બાકી નથી અને જીવવાનોય શો અર્થ?

તારા માટે મેં બંસરી ખરીદી છે. તું પૂછીશ કે શા માટે? અને પૈસા ક્યાંથી આવ્યા? તો ભાઈ, મારી જિંદગીની હાથવગી સઘળી મૂડીનો આજ પછી મારે શો ખપ? આજ સુધી મને તેં ઘણીય મદદ કરી છે. તે તો ચૂકવી શકાય તેમ નથી, ભાઈ. તે પેટે આ બંસરી. આપણો હિસાબ ચૂકતે કરી લેજે. તું પૂછીશ બંસરી કેમ? ભાઈ, તને તો બંસરી વગાડવી બહુ ગમે છે ને! માટે જ સ્તો અને બાકીની મૂડીનું ઝેર લીધું છે. આ કાગળ તને મળશે ત્યારે હું તો બહુ દૂર પહોંચી ગયો હોઈશ. ભાઈ, આ જ આખરી રસ્તો હતો માટે મને માફ તો કરીશ ને?

તારો જન્મોજન્મનો ઋણી

વલ્લભો.

ધનજી

આજનાં યુવાનો અને બાળકોને છૂત-અછૂતનો ઝાઝો ખ્યાલ નથી. બલકે આજનાં બાળકો-યુવાનો જાતિ આધારિત આભડછેટને મહત્ત્વ આપતા નથી તેવું મારું માનવું છે. હા, સ્વચ્છતાના આગ્રહી જરૂર છે. આજના યુવાનો પોતાના મિત્રો બનાવતી વખતે અભ્યાસમાં સમકક્ષતા, નાણાકીય સમાનતા, એક સરખા શોખ, સમાન પસંદગી, કપડાંથી માંડીને ફિલ્મ, ખાણીપીણી, રમત વગેરે બાબતો ધ્યાનમાં રાખી મિત્રોની પસંદગી કરે છે. પછી ભલે તે કોઈ પણ જાતિનો કેમ ન હોય? જાતિ આધારિત છૂતાછૂત આ સમયમાં નથી.

આપણા બંધારણમાં પણ સામાજિક સામ્યતા કરવા માટે જે જોગવાઈઓ કરેલી છે એટલે કે સામાજિક પછાત જ્ઞાતિના વિકાસ માટે, ચૂંટણીમાં અને અભ્યાસક્રમોમાં અનામત બેઠકો રાખવાની બંધારણીય જોગવાઈ છે. અનામત બેઠકો ચૂંટણીમાં રાખવાની જોગવાઈનું મૂળભૂત કારણ એ છે કે પછાત જાતિનો ઉમેદવાર ચૂંટણી જીત્યા પછી એ પછાત જ્ઞાતિનો ઉદ્ધાર કરશે, પરંતુ શું જીતેલો ઉમેદવાર પોતાની જાતિનો ઉદ્ધાર કરે છે? એ તો પોતાનો જ ઉદ્ધાર કરે છે. વળી એમનાં બાળકો શિક્ષણ, સારી તાલીમ મેળવે અને શેઠિયાઓના અને ઉચ્ચ જ્ઞાતિનાં બાળકોના સહવાસમાં આવતાં-જતાં થાય એટલે એક પછાત કુટુંબ સવર્ણ બની જાય છે. આજના યુવાનો એવી જૂના જમાનાની છૂતાછૂતમાં માનતા નથી. તેનાં કારણે આ ધારાસભ્ય કે લોકસભાના સભ્ય કે પ્રધાનપુત્રને આ સવર્ણોના સુધરેલા સમાજમાં ભળતા કોઈ તકલીફ પડતી નથી.

જોકે મારે એ જમાનાની વાત કરવી છે કે જ્યારે હરિજનોને કહેવાતા સવર્ણની સાથે કોઈ પણ જાહેરસ્થળે જાહેરવસ્તુ વાપરવાનો હક્ક ન હતો. એ કોમના માણસોના પાણી ભરવાના કૂવા, કપડાં ધોવાની જગ્યા, અરે, અભ્યાસ કરવાની શાળાય અલગ રાખવામાં આવતી. એ જમાનામાં જાતિ આધારિત છૂતાછૂત એ સમાજનું સૌથી મોટું કલંક હતું.

ખાસ કરીને ગામડાંઓમાં આ પ્રકારનું જાતિ આધારિત જીવનધોરણ ખૂબ જ ચુસ્ત રીતે પળાતું હતું. અમારું ગામ સાવ નાનુંસરખું. મારે આજે ફરીથી એ સમયની વાત કરવી છે કે જ્યારે મહાત્મા ગાંધીની ચળવળ બાલ્યાવસ્થામાં હતી અને દરેક ગ્રામજનોનાં અંતરમાં પૂજ્ય બાપુ બિરાજમાન હતા.

ગાંધીબાપુ ગામડાંનાં લોકહૃદયમાં માત્ર આઝાદીની ચળવળને કારણે જ બિરાજમાન નહોતા થયા, પરંતુ તેમની સમગ્ર વિચારસરણી લોકોએ

સ્વીકારેલી. જે ગાંધીવિચારસરણી તરીકે એ સમયે પ્રચલિત હતી અને આ દેશ ગોરાઓના શાસનથી મુક્ત બન્યો અને દેશની સરકારે દેશનો વહીવટ કરવાનું શરૂ કર્યો. આઝાદી પહેલાં દસકામાં ગાંધીવિચારસરણીનું જબરું જોર હતું.

ગાંધીવિચારસરણીની બાબતોમાં મુખ્યત્વે સ્વદેશી વસ્તુનો સ્વીકાર અને પરદેશની વસ્તુઓનો બહિષ્કાર. ઊંચનીચ જાતિનો અસ્વીકાર, સર્વધર્મ અને સર્વ જાતિને એકસરખો સામાજિક દરજ્જો. અહિંસક આઝાદીની લડત પછીનું અહિંસક લોકજીવન જરૂર કરતાં વધુ વસ્તુનો સંગ્રહ ખોટી અછતો ઊભી કરે છે માટે જરૂર પૂરતી ખરીદી, પોતાનાં તમામ કામ જાતે કરવા – આ અને આવી ઘણી બાબતો જે જનજીવનને જાગ્રત કરી સ્વાવલંબી બનાવે તે મુજબની તમામ બાબતો ગાંધીવિચારસરણીમાં સમાવિષ્ટ થયેલી હતી.

મેં મારી સ્મરણકથામાં ઘણીય જગ્યાએ ચુસ્ત ગાંધીવાદી મારા પૂજ્ય દાદાજીનો ઉલ્લેખ કરેલો છે. મારા દાદાજીના જીવનનો મારા ઉપર વિશેષ પ્રભાવ છે. તેનાં કારણોમાંનું એક કે તેઓશ્રી ગાંધીવિચારસરણી મુજબનું જીવન જીવવાનો પ્રયત્ન કરતા હતા અને ખૂબ જ પ્રેમપૂર્વક અમને બાળકોને પણ એ જ રીતે જીવન જીવવાની પ્રેરણા કાયમ આપતા હતા.

આવી એક પ્રેરણા મને મારી બાલ્યાવસ્થામાં અમારા કાકા-બાપાનાં, અમારી ઉંમરનાં ભાઈ-બહેનો સાથે મારા દાદાજી તરફથી પ્રાપ્ત થયેલી હતી. તેનું આજે સ્મરણ થાય છે.

અમારા ગામમાં હરિજનવાસમાં મારી ઉંમરનો એક છોકરો હતો. તેનું નામ ધનજી હતું. મારા દાદાજી ઘણીય વાર હરિજનવાસમાં જઈને ધનજીને સાથે લેતા આવે અને મને કહે, “ભાઈ, આજે જમવામાં તમારી સાથે ધનજીભાઈ છે.” એ મને આજે પણ યાદ છે. જાતિ આધારિત છૂતાછૂતના એ સમયમાં મારા દાદાજીની આંગળી પકડીને મારા ઘર તરફ બેફિકરાઈથી હસતો-કૂદતો-રમતો આવતો એ ધનજી જાણે હમણાં આવી પહોંચશે તેવું આજેય લાગે છે.

ધનજી સાથે જમવા બેઠો હોઉં અને દાદાજી પીરસતા હોય... ધનજી મસ્તીથી જમતો હોય... ધનજીના ચહેરા પર ખુશીના ભાવ દેખાતા હોય... હું જમતાં જમતાં આ બધું જોતો હોઉં. આજે પણ આ પ્રસંગ મારા સ્મૃતિપટ પર તાદૃશ થાય છે અને હું લાગણીના પ્રવાહમાં વિના પ્રયાસે તણાતો જાઉં છું.

મારાં મોટાં બા બહેરા હતાં. બહેરા એટલે સંપૂર્ણ બહેરા. કશું જ સાંભળે નહીં. જોકે ઇશારાથી ધનજી બાબતનો તેમનો અણગમો જરૂર દેખાડી દે, પણ દાદાજી એ દાદાજી. મોટાં બા સામે જુએ જ નહીં અને આંખ આડા કાન કરે, દાદાજીને આમ કરવાની અનુકૂળતાયે ખરી. દાદીમા

સાંભળતાં નથી એનો લાભ લઈને મને, ધનજીભાઈ સાથે જમાડતાં જમાડતાં અલકમલકની વાતોયે કરે. કારણ એમને ખ્યાલ આવે કે દરેક જીવાત્માને જીવન જીવવાનો એક સરખો અધિકાર હોવા છતાં ધનજીભાઈને આવું કેમ?

આજે જ્યારે સામાજિક જાતિ આધારિત અછૂતતા સમાજમાં ખાસ રહી નથી ત્યારે આજના યુવાનોને એ સમયની પીડાની કલ્પના પણ ક્યાંથી હોય? આ એકવીસમી સદીમાં પૂજ્ય ગાંધીબાપુ આપણી સાથે નથી, પરંતુ આજે પણ બીજી કેટલીયે બાબતોને કારણે રાજકારણીઓ અને સાધુસંતો દ્વારા સમાજમાં આડઅસરો ઊભી થઈ રહી છે. ત્યારે મને લાગે છે કે ગાંધીવિચારસરણી અને ગાંધીનિખાલસતાની આ કાળે જ ખાસ જરૂરિયાત છે.

આજે આ સ્મરણકથાના માધ્યમે ફરીથી દાદાજી અને એ અમારા ગામનો ધનજી અને એ ધનજી સાથેના જમણો બધું યાદ આવે છે.

“ધનજી તું ક્યાં છે, ભાઈ?”

વાડ વગર વેલો ન ચડે

એક વાત સ્પષ્ટ કરું કે વાડ વગર વેલો ના જ ચડે. એ વેલાની ખાસિયત નહીં, પણ મૂળભૂત સ્વભાવ અને અનિવાર્યતા છે તેવું મારું માનવું રહ્યું છે. અમદાવાદમાં આવ્યાને લગભગ દસેક વર્ષનો સમય મને થયો હશે. હું કાપડની મિલમાં એ સમયે નોકરી કરતો હતો. અમારા મિલના શેઠ એ સમયે અમારા માટે બહુ જ મોટી હસ્તી ગણાય. મિલમાં જો શેઠ એમની કૅબિનમાં આપણને બોલાવે તો એ સન્માન જ કહેવાય. શેઠને તેની વિશાળ કૅબિનમાં મળીને બહાર આવીએ એટલે સ્ટાફમાં બધા આપણી સામું જોયા જ કરે. ઘણી વખત એવું પણ બને કે શેઠે આપણને અંદર તતડાવ્યા હોય અને બહાર આવીને આપણે કશું જ બોલ્યા વગર એવું વર્તન કરીએ કે જાણે શેઠે આપણને ઘરે કુટુંબ સાથે જમવાનું નોતરું આપ્યું હોય.

કોઈ જાણે કેમ? પણ બડાઈ મારવાનો મારો સ્વભાવ ત્યારે પણ એવો જ હતો. હું પણ એ જ રીતે મારા સાથી કારકુનો સાથે એવું જ વર્તન કરતો કે મારે અને શેઠને ઘણા જ અંગત સંબંધ છે અને શેઠ મને તેમનાં અંગત ખાનગી કામ સોંપે છે અને ખરે જ શેઠ ઘણી વખત અંગત કામ સોંપતા પણ હતા. શેઠના સોંપેલાં અંગત કામ અને તે અંગત કામ કરતાં કરતાં જ શેઠની અંગત વ્યક્તિઓ જોડે થયેલા સંબંધો મારા જીવનમાં ખૂબ જ મહત્ત્વના બની ગયા છે.

અમારા શેઠના એક અંગત મિત્ર કે જે મિલમાં માલ વેચતા હતા અને શેઠના ખૂબ જ નિકટના હતા. હું એ સમયે શેઠની જમીનોની અને સ્થાવર મિલકતોના દફતર અને તેને લગતા સરકારી કચેરીના કામ કરતો હતો. આવા કામ મને મળવાનું એક કારણ એ પણ હતું કે મારા એક સગાં ખૂબ જ સારી સરકારી પોસ્ટ પર હતા. જાણતાં-અજાણતાં તેમની પદવીનો લાભ મને મળી જ રહેતો. હું પણ મારા સગાંના હોદ્દાથી મને મળતા માનપાનનો મૂક બનીને સ્વીકાર પણ કરી લેતો.

તે સમયના મારા શેઠના એ અંગત મિત્રને એ સમયે જમીનના ટાઇટલનો બહુ જ મોટો પ્રશ્ન હતો. કેમેય કરીને ટાઇટલ ચોખ્ખા થતા ન હતા. એ દિવસે શેઠના એ મિત્ર કૅબિનમાં આ જ બાબતે ચર્ચા કરતા હતા અને હું કોઈક કામે શેઠની કૅબિનમાં ગયો હતો. મારા શેઠે તેમના મિત્રને આત્મવિશ્વાસથી જણાવી દીધું કે ભાઈ, તું ચિંતા ના કર અને મારા દામાણીને આ કામ સોંપી દે. તારું કામ ચપટીમાં પતી જશે. મને પણ સૂચના આપી કે આ મારા એકદમ અંગત મિત્ર છે માટે કોઈ પણ ભોગે આ કામ પતાવી આપવાનું.

મિલના ખર્ચે અને જોખમે વળી મિલના સમયમાં મેં મહેનત કરીને થોડા દિવસમાં એ કામ પૂર્ણ કરી આપ્યું. શેઠના મિત્ર ખુશ.

કામ સંતોષકારક રીતે પતી ગયા પછી એ સજ્જને મને કહ્યું કે તારો શેઠ તને શો પગાર આપે છે? મેં મારો પગાર કહ્યો. કોઈ વાહન આપે છે? મેં કહ્યું ના, નથી આપતા. આટઆટલી રખડપટ્ટી તું કરે છે અને તને માત્ર આટલો જ પગાર? અને મ્યુનિસિપલ બસમાં અને રિક્ષામાં રખડવાનું?

તારું ભણતર શું છે? મેં કહ્યું કે હું ઍડ્વોકેટ થયેલો છું, પણ વકીલાત નથી કરતો. એ સજ્જને મને નોકરી છોડી અને વકીલાત કરવાની પ્રેરણા આપી.

જોકે મેં તાત્કાલિક તેમ ન કર્યું, પરંતુ ત્યાર પછી બીજી એક મિલમાં વધુ પગારે નોકરી બદલી. હું એ સજ્જનના સંપર્કમાં હતો જ. તેમના અને તેમણે ઓળખાણ કરાવેલા બીજા શેઠિયાના નાના-મોટા જમીન, મિલકતના કામ પાર્ટટાઇમ કરતો જ રહ્યો.

યોગ્ય સમયે નોકરી છોડી અને વકીલાતના વ્યવસાયમાં દાખલ થયો. મારે આ સ્મરણકથાના માધ્યમે એ સજ્જનનો આભાર પણ એટલા માટે માનવો છે કે જો તેમણે મને ઉત્સાહિત ન કર્યો હોત તો હું આજે જે સ્થિતિએ છું તે કદાચ ન પણ હોત. એ સજ્જન મારી આર્થિક સધ્ધરતાનું નિમિત્ત બન્યા છે. હું અહીં એમનું નામ એટલા માટે નથી લખતો કે એ સજ્જનને એ ક્યારેય ગમતું ન હતું. આજે પણ હું એમના સંપર્કમાં છું અને અમે ક્યારેક મળીએ પણ છીએ. મારો તેમના માટેનો પૂજ્ય ભાવ આજે આ ઉંમરે અને આ સ્થિતિએ પણ એમનો એમ જ છે.

વાડ જેમ વેલાને ઉપર ચડવામાં મદદરૂપ થાય છે તેમ મારી કારકિર્દીના પ્રારંભના એ દિવસોમાં એ સજ્જન વડીલે મને સાચી દિશા બતાવી હતી. જો મને એ વડીલરૂપી વાડ ન મળી હોત તો?

*

અંતે

મારા કેફિયતમાંથી અનાયાસ જ વ્યક્ત થતાં રહેલાં આ અઢાર પ્રકરણો વાંચીને કોઈકને કદાચ એમ થાય કે આ બધા પ્રસંગોમાં મારી વર્તમાન મનોદશાની વાત તો આવી જ નહીં!

હકીકતમાં માણસના ખુદના ભૂતકાળનો પ્રવાસ હોય છે જ એટલો રોમાંચક કે એમાંથી વર્તમાનમાં પાછા ફરવાનું મન જ ન થાય!

આ અઢાર પ્રકરણોમાં મેં મારા જીવનના ભૂતકાળને વાગોળ્યો છે એ સાચું, પરંતુ મારા ભૂતકાળને વાગોળવા પાછળનો મારો હેતુ તો મારા

વર્તમાનને વધુ સમૃદ્ધ કરવાનો જ રહ્યો છે.

કેફ્યિતની મારી આ સફર હાલ પૂરતી થંભાવું એ પહેલાં તાજેતરમાં બનેલા એક વ્યક્તિગત નહીં, પણ સાવ જ બિનઅંગત અને તોય મારા મનમાં સદાયને માટે વસી ગયેલા પ્રસંગની વાત કરી લઉં.

એક અર્થમાં આ વાત બે પ્રેમીઓની છે, પણ પરોક્ષ રીતે જોઈએ તો આ વાત મારા બે મિત્રો વિશેની પણ છે. એ મિત્રો છે: આબીદ અને રામ.

પ્રસ્તુત છે કેફ્યિતના આ પ્રથમ ખંડનો અંતિમ મણકો, આબીદ-રામ.

આબીદ-રામ

આજે હું સાઠી વટાવી ચૂકેલો છું. જીવનના દેવા-લેણાનો હિસાબ કરું તો સઘળી બાબતે ચોપડે જમા ખાતે વધુ અને ઉધાર ખાતે ઓછું આવતું હોવાથી મારા જીવનનું સરવૈયું જોવું મને ગમે છે.

ત્રણેય બાળકોનાં લગ્ન થઈ ગયાં છે. દીકરાને ઘેર દીકરો છે. બંને દીકરીઓએ પોતાની મરજીથી જીવનસાથીની પસંદગી કરી છે. દીકરીઓની પસંદગી અમને ગમી છે, અમે મંજૂરીની મહોર મારી છે.

નાની દીકરીએ પંજાબી યુવક સાથે લગ્ન કર્યાં છે. નાની તેના સંસારમાં સુખી છે. લગ્ન કરતાં પહેલાં નાનીએ અમને જણાવ્યું હતું કે મને એક પંજાબી છોકરો ગમે છે. તમે પણ તમને ગમતાં છોકરા બતાવો, હું જોઈશ અને તમે પણ મારી પસંદગીનો મુરતિયો જોઈ લો. અમને દીકરીની પસંદગી વધુ સારી લાગી અને ધામધૂમથી લગ્ન કરાવી આપ્યાં.

મોટી અમેરિકા અભ્યાસ કરતી હતી ત્યારે જાપાનથી અભ્યાસઅર્થે આવેલા એની જ કૉલેજના એક યુવાન સાથે મનમેળ થતાં દોસ્તી થઈ ગયેલી. મિત્રાચારીના પ્રથમ ચરણે જ મોટી દીકરીએ અમને જાણ કરેલી અને ત્યાર બાદ લગ્ન કરવા પણ પોતાને એ જ યુવાન ગમે છે તેવું જ્યારે મોટી દીકરીને લાગ્યું ત્યારે અમને જણાવ્યું હતું. મેં મોટીને શાંતિથી વિચાર કરી, ભવિષ્યમાં અલગ દેશ અલગ પ્રકારની રહેણીકરણી તથા એકદમ જુદા જ પ્રકારના સમાજજીવનને કારણે ઉપસ્થિત થનાર અનેક પ્રશ્નો વિશે વિગતથી વિચારી નિર્ણય કરવા જણાવ્યું હતું.

મોટીએ મને કહ્યું કે આ બધી વાત મેં ચકાસી લીધી છે, પરંતુ તમે રાજીખુશીથી હા કહો તો જ લગ્ન કરવાં છે. ઘણો સમય લીધા પછી મેં જાતે જ અમેરિકા જઈને દીકરીને તેના મનગમતા યુવક સાથે પરણાવી છે.

દીકરા માટે વહુની પસંદગી નાની દીકરીએ કરી છે. દીકરો-વહુ પણ સુખી છે. ટૂંકમાં આ સાઠીએ બધું જ હેમખેમ લાગે છે.

આ વાતનો ઉલ્લેખ અહીં એટલા માટે કરું છું કે હમણાં એક એવો પ્રેમપ્રસંગ મારા સાક્ષીભાવે બની ગયો કે જે પ્રસંગને અને મારી દીકરીઓનાં લગ્નપ્રસંગો સાથે મારાથી અનાયાસે સરખાવી લેવાયા.

વાત એમ બની કે મારા પિતરાઈ ભાઈનો એક સવારે ફોન આવ્યો: "અશોકભાઈ, તમને તાત્કાલિક મળવું છે. કંઈક ઇમરજન્સી જેવું છે. વહેલામાં વહેલું ક્યારે મળી શકાય?"

મેં કહ્યું: "ભાઈ, પ્રશ્ન મારો છે?"

તો કહે: “તમારોય નથી અને મારોય નથી. મારા એક મિત્રને તાત્કાલિક તમારી મદદની જરૂર છે.”

મેં કહ્યું: “ઓહ! જ્યારે મળવું હોય ત્યારે.”

મારો પિતરાઈ બીજે દિવસે મારી પાસે આવી પહોંચ્યો અને મને વિગત સમજાવી. સમસ્યા અટપટી હતી, પણ નવી ન હતી.

વાત એમ હતી કે મારા ભાઈના એક અંગત મિત્રની મોટી દીકરી જેણે ઉચ્ચ અભ્યાસ કરેલો છે તે દીકરીને તેના કરતાં ઉંમરમાં ચારેક વર્ષ નાના મુસ્લિમ યુવક સાથે પ્રેમ થઈ ગયો. બંનેએ ખાનગીમાં પ્રથમ હિન્દુ વિધિથી અને પછી ઇસ્લામિક વિધિથી લગ્ન કરી લીધાં. ત્યારબાદ હાઈકોર્ટમાં અરજી કરીને પોલીસ પ્રૉટેક્શન માગ્યું. જોકે નામદાર કોર્ટે એમને પોલીસમાં જવા સૂચન કર્યું. બંને પુખ્તવયના અને લગ્ન પણ કાયદેસરનું.

ભાઈના મિત્રને જ્યારે કોર્ટ કેસના કાગળો સાથે પોલીસનો કાગળ મળ્યો ત્યારે દીકરીએ આ રીતે લગ્ન કરી લીધાંની જાણ થઈ. દીકરીનાં મા-બાપ હેબતાઈ ગયાં. શું કરવું એની કોઈ ગતાગમ રહી નહીં. ખાવાનું ગળે ઊતરે નહીં. ઊંઘ હરામ થઈ ગઈ અને ઘરના સઘળા પરેશાન.

આ મુજબની વિગતની મને મારા પિતરાઈએ જાણ કરી અને હું શું મદદ કરી શકું, તેવી અપેક્ષાએ મારો સંપર્ક કર્યો. મારા અંગત મિત્ર, સ્નેહી અને મકરબા રહેતા [illegible]ને મેં વાત કરી. અમારા બીજા એક સ્વજન આબી[illegible] સંપર્ક કર્યો. સાથોસાથ અમે તત્કાલીન પોલીસવડાને પણ મળ્યા. બધાનો મત એવો આવ્યો કે એકબીજાની મરજીથી થયેલાં લગ્નમાં કોઈ કશુંય શેં કરી શકે? અને ખાસ તો જ્યારે બંને પુખ્તવયનાં હોય ત્યારે!

ખૂબ ચિંતન કર્યા પછી અમે નક્કી કર્યું કે આપણે બાળકોને તેમને ત્યાં જઈને મળવું. તેમણે કરેલા નિર્ણયને સંમતિ ન આપી શકીએ તો કોઈ વાંધો નહીં, પણ તેઓના નિર્ણય વિશે કારણ વગરની, અર્થહીન ટિપ્પણથી દૂર રહેવું અને ધૈર્ય રાખી સ્થિતિને જોયા કરવી.

સમદૃષ્ટિથી જોઈએ તો એમાં ખોટું પણ શું છે? પરમાત્માએ બનાવેલા મનુષ્યની જુદી જુદી ઉપજાતિ વચ્ચે લગ્નવ્યવહારમાં વળી કયું આભ તૂટી પડયું કે એટલું બધું વિચારવાનું? વળી મને જ જુઓને! મારો અંગત અનુભવ પણ એવો જ ને! મારી એક લાડલી જાપાનીઝને પરણી છે અને બીજી પંજાબીને! માટે આ લગ્નનો હું અંગત રીતે વિરોધયે વળી કેમ કરી શકું?

આ બધાં કારણોને લીધે મેં કહ્યું કે હાલ તો બસ, જોયા જ કરવું. બધાને મારી વાત ઠીક લાગી અને આ જ ભાવથી ખેલદિલીપૂર્વક યુવકના રહેઠાણે મળવા જવું એમ નક્કી કરીને એક સાંજે અમે એટલે કે હું, મારો ભાઈ, દીકરીના પપ્પા, દીકરીની નાની બહેન, મારા સ્નેહી-સ્વજનો

રામભાઈ અને આબીદભાઈ. સૌ સાથે જુહાપુરા યુવકના ઘરે જવા નીકળ્યાં. આબીદભાઈના મિત્ર ઍડ્વોકેટને પણ મદદરૂપ થઈ પડશે એ શ્રદ્ધાથી સાથે લીધા.

ખરું કહું? જુહાપુરા વિશે એટલું સાંભળ્યું હતું કે ત્યાં આ રીતે જવામાં ડર લાગતો હતો. મેં રસ્તામાં રામભાઈને મારા ડરની વાત પણ કરી. રામભાઈએ ચિંતા ના કરશો એવો સધિયારો આપ્યો.

રામભાઈ અને આબીદભાઈ પરમમિત્રો. પેલા વસંત-રજબની વાત યાદ છે ને? એ મિત્રોને યાદ કરાવે એવા જ ખેલદિલ અને બિનસાંપ્રદાયિક સામાજિક કાર્યકરો. કોમી તંગદિલીના કાળે આ જિગરી દોસ્તોએ કોમી એખલાસ માટે કરેલા માનવતાનાં કામની સુવાસ મકરબા, જુહાપુરા અને સરખેજમાં તો લોકોને ખબર ખરી જ. અમે અંગત મિત્રો પણ અમારા આ રામ-રહીમ જેવા મિત્રોની સુવાસથી બરોબર માહિતગાર. રામભાઈએ જવાબદારી લીધેલી એટલે પછી ડર જેવું રહ્યું ન હતું.

અમે યુવકના ઘેર પહોંચ્યાં. જુહાપુરામાં આવેલું તેમનું ઘર સંયુક્ત પરિવાર સાથે રહેતું હતું. એક ખાનદાન મુસ્લિમ કુટુંબ હતું. સામાન્ય આર્થિક સ્થિતિના, પણ ખૂબ જ સજ્જન. અમને મીઠો આવકાર આપ્યો. અમે અમારી ઓળખાણ આપી. અમારું ઠંડાં પીણાંથી સ્વાગત થયું. રામભાઈએ વાતનો દોર હાથમાં લીધો. યુવકના બાપને કહ્યું કે બાળકોનાં લગ્નમાં અમારો કોઈ વિરોધ નથી. અમે તો એટલું જ ઇચ્છીએ છીએ કે બાળકો સુખી થાય.

રામભાઈએ દીકરીને આશ્વાસન આપ્યું અને કહ્યું કે તને ઠીક લાગ્યું તે મુજબનાં તારાં લગ્નનો અમે વિરોધ નથી કરતાં, પણ તને મુસ્લિમ લગ્નપ્રથાની જાણ છે ને? તેઓ કાયદેસર બીજી પત્ની કરી શકે છે. એ તારે જોવાનું છે બેટા! હા, પણ એક વાતનું તને વચન આપું છું કે આજે નહીં તો કાલે કે પછી ગમે ત્યારે તને એવું લાગે કે મારે છૂટાં થવું છે અને પરત આવવું છે તો તું જરાય ફિકર કરીશ મા. તારાં મા-બાપ તારો સ્વીકાર નહીં કરે તો હું તો છું જ ને? મેં પણ આવા જ ભાવ સાથે દીકરીને ધરપત આપી. વળી મેં યુવક અને તેના પિતાશ્રીને દીકરીને દુઃખ ન થાય તે જોવાની વિનંતી કરી.

અમે બધાંયને એ મુસ્લિમ પરિવાર બહુ જ ખાનદાન અને વ્યવસ્થિત લાગ્યો. આત્મસંતોષથી અમે દીકરીના ત્યાં જ રહેવાના રણકારથી અમે પરત આવ્યાં અને તે પણ માનસિક શાંતિ સાથે, કશાય દુઃખ વગર.

યુવતીની બહેન અને પિતાની આંખમાંથી આંસુની ધારાથી થયેલો ગૃહપ્રવેશ, સંતોષના આંસુએ યુવકના ઘેરથી વિદાયમાં પરિણમ્યો.

અમે મનોમન એમ જ નક્કી કર્યું કે બાળકોને જેમ કરવું હોય તેમ કરવા દેવું. હા, યુવતીના પિતાશ્રીના સામાજિક દરજ્જાએ હમણાં આ વાત જાહેર કરવી નહીં અને દીકરીનો અમે સંપર્ક રાખી શકીએ એવી પરવાનગી લઈને દીકરીની નાની બહેને કૌટુંબિક સંપર્કો જાળવી રાખ્યા. અમે આ વાત ઉપર હાલ પૂરતું પૂર્ણવિરામ મૂકી અમારા રોજિંદા કામે વળગ્યા.

આ વાતને મહિનો થયો હશે ને એક દિવસ ફરીથી ભાઈનો ફોન આવ્યો કે દીકરીએ વિચાર બદલ્યો છે અને હવે તે યુવક સાથે રહેવા માગતી નથી અને આપણે ત્યાં પરત આવવા માગે છે, તો શું કરવું?

મેં ફરીથી મારા મિત્રમંડળનો સંપર્ક કર્યો અને એ જ મિત્રો જે એક મહિના પહેલાં દીકરીને મળવા જૂહાપુરા ગયા હતા તે તમામને સાથે લઈને અમે ફરીથી એક સાંજે તેમના ઘરે પહોંચી ગયા.

એ જ ખુશહાલ રીતે અમારું સ્વાગત થયું, ઠંડાં પીણાંથી. મારી આ જૈફ ઉંમરે આ બનાવે મને વિચાર કરતો કરી મૂક્યો છે.

મને એમ લાગે છે કે ભણેલીગણેલી ૨૭ વર્ષની સમજુ દીકરી તેનાથી ત્રણ-ચાર વર્ષ નાના, અલગ સંસ્કૃતિ અને અલગ વિચારસરણીવાળા યુવક તરફ શું માત્ર શારીરિક આકર્ષણે ખેંચાઈ હશે કે પછી બીજું કોઈ કારણ હશે?

શું યુવતીનાં મા-બાપનો કોઈ દોષ હોઈ શકે કે પછી આજના જમાનાની તાસીર?

મને બીજો વિચાર આવ્યો કે આપણને કાયમ આપણે જ સારા લાગીએ. આ કિસ્સામાં એક ગરીબ મુસ્લિમ કુટુંબ પણ હિન્દુ છોકરીને અનુકૂળ થવાનો ખેલદિલથી પ્રયત્ન કર્યો એને કઈ રીતે મૂલવી શકાય?

શું યુવતીએ થોડી વધુ રાહ જોઈને લગ્નજીવન બચાવવાનો પ્રયત્ન કરવા જેવો હતો ખરો?

મારા મિત્રો આબીદ-રામ જેવા સ્વજનો જો ઘરે ઘરે હોય, તો પછી કોમી તંગદિલી રહે ખરી?

એક મુસ્લિમ ઍડ્વોકેટ અને મુસ્લિમ યુવકના પિતા બેઉએ સાચા મુસલમાન તરીકે, દીકરીની અનિચ્છાએ એક ક્ષણ માટે પણ એને રોકવાનો પ્રયત્ન કરવો એ પવિત્ર કુરાનના અને ઇસ્લામિક સિદ્ધાંતોની અવગણના કરવા જેવું કૃત્ય ગણી શકાય એ મતલબના આદર્શને અમલમાં મૂકવાનો આગ્રહ રાખ્યો એ બદલ આપણે એમને પણ અભિનંદન આપવાં રહ્યાં!

હિન્દુ યુવતી અને મુસ્લિમ યુવક સાથે રહે છે કે જુદાં થાય છે એ પ્રશ્ન મને મૂંઝવતો નથી, પરંતુ કોમી તંગદિલી ઓછી કરવા આ બનાવના સંબંધિત પાત્રોએ કરેલાં વર્તન મુજબ જો આવી પાતળી ક્ષણે દરેક જણ

વર્તન કરે તો? તો સામાજિક જીવનને કેટલો મોટો હકારાત્મક વળાંક મળી શકે?

આ તમામ પ્રશ્નોના કોઈ યોગ્ય જવાબ મારી પાસે હાલ તુરંત તો હાથવગા નથી.

મારી સ્મરણકથામાં આ અંતિમ પ્રકરણ સમાવવા માટેનું પ્રયોજન એટલું જ કે આવી સ્થિતિમાં રહેલાં યુવક-યુવતીઓને લગ્ન કરતાં અને કરી લીધેલાં લગ્નને નિભાવવા કે છૂટાં કરવા યોગ્ય નિર્ણય લેવા માટે કંઈક માર્ગદર્શન મળી રહે.

••